કુમાર

અંક ૧૧

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી

રવિશંકર રાવળ

વર્ષ ૧ :: અંક ૧૧

કારતક

૧૯૮૧



લવાજમ

વરસના રૂ. ૬ :: છ માસના રૂ. ૩

પરદેશના રૂ. ૭

છૂટક નકલના દસ આના

કુમાર કાર્યાલય

૪૪૮૦, રાયપુર : અમદાવાદ

પુસ્તક પહેલું :: અંક ૧૧ કુમાર કારતક :: સંવત ૧૯૮૧

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય : ૪૪૮૦, બાઉઆની પોળ, રાયપુર : અમદાવાદ

વરસના રૂ. ૬ :: છ માસના રૂ. ૩ :: પરદેશના રૂ. ૭ :: છુટક દસ આના.

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, પાયધુની, મુંબાઇ-૩.
કરાંચી બુકસ્ટૉલ, નેપીઅર રોડ, કરાંચી.
યુગાન્તર કાર્યાલય, લાલગેટ સામે, સુરત.

ગ્રાહકોને

¶ 'કુમાર'ના ગ્રાહકો વર્ષની શરૂઆતથી (એટલે ૧લા-પોષના-અંકથી) અથવા છ માસના બીજા હપતાની શરૂઆતથી (એટલે ૭મા-અષાડના-અંકથી) જ નોંધવાનો રીવાજ છે. એ સિવાય વરસની અધવચના કોઇ પણ મહીનેથી અમે ગ્રાહકો નોંધતા નથી. માટે ગ્રાહક થનારે ક્યારથી ગ્રાહક થવું છે તે સ્પષ્ટ લખી જણાવવું.

¶ 'કુમાર'ના રૅપર ઉપર દરેક ગ્રાહકનો ગ્રાહકનંબર લખવામાં આવે છે. ગ્રાહકોએ કોઈપણ પ્રકારનો પત્રવ્યવહાર કરતી વેળા એ ગ્રાહકનંબર અચુક લખવો. તે સિવાય કોઈ પણ જાતની વ્યવસ્થા કરવાનું બની નહિ શકે.

¶ ઘણીવાર છાપખાનાની કે એવી બીજી અડચણોને લીધે 'કુમાર'ના અંકો મોડા બહાર પડે છે; કેટલીક વાર ટપાલની ગરબડને લીધે પણ ગ્રાહકોને અંકો મોડા મળે છે, અથવા ગુમ થાય છે. એવે વખતે દર પુનમ પછી ગ્રાહકોએ આઠ દિવસ સુધી રાહ જોવી: અને ત્યાર પછી પણ અંક ન મળે તો ટપાલ ઑફિસે તેની પુરતી તપાસ કરીને જ અમને ખબર આપવા.


¶ લવાજમ વી. પી. કરતાં મનીઑર્ડરથી મોકલી વસુલ કરાવવું એ વધારે સુગમ અને ઓછું ખર્ચાળ છે.

લેખકોને

¶ પોતાનું પુરૂં નામ અને સરનામું, તથા પોસ્ટેજ નહિ મોકલ્યું હોય તો લેખ સંબંધી કોઇ પણ જાતનો જવાબ, કે ન સ્વીકારાએલા લેખો પાછા નહિ મોકલવામાં આવે.

¶ ઉગતા લેખકોના વિભાગ માટે ગ્રાહકોના જ લેખો સ્વીકારાય છે; એટલે તે વિભાગ માટે લખનારે પોતાનો ગ્રાહકનંબર લેખ પર લખી મોકલવો.

¶ લેખો બની શકે તેટલા ટુંકા, કાગળની એક જ બાજુએ, ચોકખે અક્ષરે અને શાહીથી લખેલા હોવા જોઇએ.



કુમાર
કારતક
૧૯૮૧

અ રમ્ય સંધ્યાકાળની સામે શ્રીમતી જોઈ રહી.

[બલિદાન: પાનું ૪૧૬] ચિત્રકારઃ રવિશંકર રાવળ



નવું વર્ષ

એક ઋતુ-ચક્ર પુરૂં કરીને આજે કુદરત સાહસા બીજું આદરે છે. નથી એને કામનો ભાર, નથી એને થાકનું ભાન, કે નથી કશો જ કંટાળો. કુદરત કને તો સંજીવનની સમૃદ્ધિ ભરી છે.

અને કુમાર, તું કાંઈ ઓછો સમૃદ્ધ છે? તું શું ન ધારે ને શું ન કરી શકે?

નવું વર્ષ: નવાં સવારસાંજ, નવા મહીના અને નવી ઋતુઓ.

તું યે કુમાર, આજ નવો: નવું શૌર્ય, નવાં સાહસ-પરાક્રમ, નવા કોડ અને નવી પ્રેરણાઓ.

આ વરસે તું શું કરીશ તેનો અંદાજ તો તેં કાઢ્યો હશે. તારી તીવ્ર બુદ્ધિ આકાશપાતાળ ઉકેલવા મથતી હશે; તારૂં અધીરૂં મન દેશદેશની મુસાફરીઓ કરવા ઝંખતું હશે; તારૂં હૃદય કેટકેટલા સ્નેહસંબંધો જોડવા તલપતું હશે; તારી સૃષ્ટિને સાહિત્ય અને કળા વડે સુંદર કરવાની તને હોંશ હશે; તારી ચકોર દૃષ્ટિ કૈં કૈં ભવિષ્યની ઘડભાંગમાં રમતી હશે.

કુમાર, નવા વરસે તારા એ કોડ પુરા થાઓ. સાથે સાથે, તારી બુદ્ધિમાં નમ્રતા, લાગણીમાં વિવેક, વિદ્યામાં ડહાપણ અને કર્મમાં કલ્યાણ પ્રગટો. આરંભ એવો કર કે અંત શુભ આવે.

અને આશિર્વચન છે કે તું

દેશ ને દીનને અર્થે ઓજસ્વી કર યૌવન;
ચિરંજીવી થજે, બીજો બનીને વીર વિક્રમ.



જીવનમંત્ર

નવા વર્ષની કલ્યાણભાવના પાછળને પાને આપેલી છે. આવતું વર્ષ કેમ ગાળવું તેનો નિશ્ચય વિચારશીલ માણસ બેસતે વર્ષે કરી લે છે. દરેક ડાહ્યો માણસ પોતાના જીવનના સિદ્ધાંતો એક પછી એક નક્કી કરતો જાય છે અને તેને પાર પાડવા દર વર્ષે મથતો રહે છે. તમે પણ તમારૂં જીવન કેવા સિદ્ધાંતો પર ગાળવા ઇચ્છો છો તેનો આજથી જ વિચાર કરો અને તમારા પોતાના અમુક સિદ્ધાંતો ઘડી રાખી તે પ્રમાણે જીવન દોરો. એ સિદ્ધાંતોને તમારા જીવનમંત્ર બનાવો, અને પળેપળ તેને તમારી નજર સામે રાખી જીંદગી ગાળો.

એ જીવનમંત્રો તો તમારી જીંદગીના નાવના સુકાન જેવા છે. એ તમને હમેશાં સાચે માર્ગે દોરશે. એ તમારા ચારિત્ર્ય અને કારકીર્દિમાં અજબ વિકાસ કરશે. નિશદિન તમારામાં એ નવું બળ પ્રેર્યા કરશે. એ વડે તમે તમારૂં ચોક્કસ પ્રકારનું વ્યક્તિત્વ— તમારી પોતાની છાપ— જગતમાં બેસાડી શકશો.

આપણો દેશ અત્યારે એવી અવદશામાં છે કે એકેએક ઉગતા કુમારે તે સુધારવાને તથા દેશને બળવાન, સમૃદ્ધ અને સચેત બનાવવાને બહાર પડવું જોઇશે, અને તેને માટે મહાભારત પ્રયત્નો કરવા પડશે. તમારા જીવનમંત્રો અત્યારથી જ એવા ઘડી રાખો કે જે તમારા ભવિષ્યના એ મહાન કાર્યમાં સહાયરૂપ થઇ પડે; અને પછી તમારી જીંદગીને તે ચોક્કસ માર્ગે દૃઢ રીતે કેળવવા માંડો.

સાચો ધાર્મિક

હમણાં હમણાં આપણા દેશમાં

મન થઈ જાય છે

ગયે મહીને તમને 'નન્નો ભણવા' વીશે કહેલી વાત આ મહીને હું આગળ વધારીને કહેવાનો છું.

ગઇ વખતે બીજાને ના કહેવા વીશે મેં તમને કહેલું. એ વેળા તમારે પારકાને નન્નો સંભળાવવાની વાત હતી. પણ એની શરૂઆત એક બહુ આકરા માણસની સામે ના પાડતાં શીખીને તમારે કરવાની છે. એ એક જણને તમે 'ના' કહેતાં શીખો તો તમારામાં એટલી શક્તિ આવી જાય કે પછી આખી દુનીઆને તમે બેધડકપણે ના કહી શકો.

પણ ફરીથી કહું છું કે એ માણસને 'ના' કહી શકવી બહુ કપરી છે; ભારે કસોટીનું એ કામ છે. એ માણસ તે તમે પોતે;—તમારૂં મન.

બીજાને ના કહેતાં પહેલાં તમારી જાતને, તમારા 'મન'ને ના કહેતાં શીખો.

ઘરમાં કોઇ માંદું હોય છે ને તમને તેની ચાકરીની સોંપણ કરીને મા કે બાપ બહાર ગયાં હોય છે. પાછળથી તમારો કોઇ દોસ્ત ક્રિકેટની મૅચ જોવા સારૂ તમને તેડવા આવે છે. એ વેળા એ માંદાની સારવાર છોડીને તમને મૅચ જોવા જવાનું મન થઈ જાય છે:

નીશાળમાં કોઈવાર એકાદ દાખલો કે કોઈ શબ્દની જોડણી નથી આવડતી હોતી ત્યારે પાસેના છોકરાની નોટમાં નજર નાખવાનું તમને મન થઈ જાય છે:

તમે રસ્તે ચાલ્યા જતા હો છો; ગજવામાં રાતી પાઈ સરખી હોતી નથી; એવામાં કોઈ ઠેકાણે કંઇ સ્વાદિષ્ટ ખાવાની ચીજ વેચાતી જોઇ તમારા મોંમાં પાણી આવે છે, ને કોઇ દોસ્ત પાસેથી ઉછીઉધાર કરીને પણ એ ખરીદીને ખાવાનું તમને મન થઈ જાય છે:

પરીક્ષા ચાલતી હોય છે ને વાંચવાનું ઘણું હોય છે, અથવા બીજા દહાડાના પાઠનો થોક પડ્યો હોય છે; તોયે ઘણીવાર એ બધું પડતું મુકી બીનજવાબદારપણે રાત્રે સરકસ જોવા જવાનું તમને મન થઈ જાય છે:

તમે કોઈ માંદગીમાંથી ઉઠ્યા હો છો; દવા ચાલુ હોય છે ને ચરી પાળતા હો છો; છતાં એવે વખતે પણ ઘણીવાર તમને કંઇક કાચુંકોરૂં કે ખાટુંખોરૂં ખાવાનું મન થઇ જાય છે:

તમારાં માબાપ ગરીબ હોય, તમે ફી માફી કરાવીને કે કોઇની સ્કૉલરશિપ લઈને ભણતા હોઓ, છતાં ઘણીવાર કોઇ કીમતી ચોપડી, ઉંચી જાતની ટોપી કે એકાદ સારૂં બૅટ ખરીદવા માટે દેવું કરવાનું તમને મન થઇ જાય છે:

તમે કોઈની કંઇ સુંદર વસ્તુ કે કીંમતી ચીજ માગી લાવ્યા હો છો; વખત જતાં એ માણસ પોતાની ચીજ વીસરી જાય છે, અને તમને એ વસ્તુ ઘણી ગમતી હોય છે; એવે વખતે એ વસ્તુ તેને પ્રમાણિકપણે પાછી ન સોંપતાં એ રાખી લેવાનું તમને મન થઇ જાય છે:—

—કેટલાંક ગણીએ ? જીંદગીને ડગલે ને પગલે, ઘડીએ ને પળે તમને આવાં 'મન થઇ જાય છે.'

એ વેળા 'નન્નો' એ સબળ હથીઆર છે. એવે પ્રસંગે તમારી જાતને 'ના' કહો; તમારા મનને દબાવી દો: 'મન મારો.'

મોટપણે પડનારી ટેવો, વ્યસનો અને દુરાચરણનાં મુળ એ 'મન થઇ જવા'માં હોય છે. જે અત્યારે ભારે દારૂડીઆ થઇ ગયા છે તેમને શરૂઆતમાં એક જ પ્યાલી પીવાનું મન થયું હશે; અત્યારના અઠંગ જુગારીઓને શરૂઆતમાં માત્ર એક જ દાવ ખેલવાનું મન થયું હશે; મોટી મહેલાતો ફાડનાર ખુની ને નામાંકિત ચોરોને શરૂઆતમાં તો નજીવી જ ચોરી કરવાનું મન થયું હશે.

તમારી આસપાસના સંજોગો ઢીલા હોય, તમારી ઇંદ્રિયો તમને લલચાવે ને કોઇ ખોટું કામ કરવા તમારૂં મન ચળે એ વેળા ખબરદારીથી જાગૃત થઇ તમારા મનને મારો; તમારી ફરજ—તમારો ધર્મ ચુકવાની તમને લાલચ થઇ આવે ત્યારે તમારી જાતને 'ના' કહો; કોઇ અસત્ય કે અયોગ્ય આચરણ—અપ્રામાણિક કામ કે નાની સરખી ચોરી—કરવાનું તમને મન થઇ જાય ત્યારે નિર્દયપણે તમારા એ મનને કચરી છુંદી દબાવી દો.

અને તમારા મનપર—તમારી જાતપર એવી જીત મેળવ્યા પછી, એટલી શક્તિ તમારામાં પ્રેરવા માટે નમ્રતાથી પ્રભુનો પાડ માનજો.

જેણે જાત જીતી તેણે જગત જીત્યું.

પોતાને સોંપેલું કામ ઓછામાં ઓછા વખતમાં વધારેમાં વધારે સારી રીતે આટોપી શકવું એનું નામ 'કુશળતા'.

ધાર્મિક મતમતાંતરનો પ્રશ્ન બહુ ચર્ચાવા લાગ્યો છે. ગાંધીજીએ અસ્પૃશ્યતાનો સવાલ હાથમાં લીધો અને શુદ્ધભાવે સત્ય શોધવાની ઈચ્છાથી ધર્મના સિદ્ધાંતોપર ચર્ચા ઉપાડી તેથી જુદા જુદા ધર્મના અને સંપ્રદાયના આગેવાનોએ પોતાના મતનું રક્ષણ કરવા પ્રયત્નો આદર્યા. અને હવે તો કોમ કોમના ઝગડા પણ ઉભા થયા છે.

આમાં દરેક માણસ પોતાના મતનું રક્ષણ કરવા પ્રયત્ન કરે તે કંઇ ખોટું ન કહેવાય; પણ તેથી પોતાનું જ સત્ય અને બીજાનું જુઠું માની બેસવાનો આગ્રહ રાખનાર માણસ સાચો ધાર્મિક છે એમ તો ન જ મનાય.

સ્વધર્મ

આપણે કોઈ પણ જાતની ધર્મચર્ચામાં પડીએ તે પહેલાં આપણી લાયકાતનો વિચાર કરી જોવો. પહેલાં તો આપણે માણસ તરીકેના સામાન્ય ધર્મો બરાબર પાળતાં શીખીએ. ત્યાર પછી જ ધર્મની મોટી તકરારી ચર્ચાઓ કરવા બહાર પડીએ. આપણે સત્ય બોલતા ને આચરતા થઈએ, આપણું હંમેશનું જીવન શુદ્ધ, પ્રમાણિક અને પરસ્પર બંધુભાવવાળું કરીએ, સર્વ પ્રાણી તરફ પ્રેમભાવ રાખીએ, કોઇનો દ્વેષ ન કરીએ અને નમ્રતાથી રહીએ. પહેલાં તો આટલો સામાન્ય સ્વધર્મ આપણે પાળતા થઈ જઇએ.

તે પછી

આપણે આપણો કુળધર્મ—આપણાં માતપિતાએ કે આપણા ધર્માચાર્યે બતાવેલાં નીતિરીતિ ને આચાર ઉપાસના બરોબર પાળીએ. તેમાં કોઇને વાંધો ન જ હોય. પરંતુ આપણો એ ધર્મ બીજા પાસે પળાવવાનો આગ્રહ શાને કરીએ ? આપણને આપણી રીત સારી લાગતી હોય, તો તેની પ્રશંસા બેશક કરીએ; પણ બીજાઓ તે કબુલે નહિ તો રોષ શાને કરીએ? જબરાઈથી પોતાનો મત બીજા પાસે મનાવવો એ કંઇ શિષ્ટ કે ખાનદાની ભર્યું નથી. આપણામાં જો સત્ય અને શુદ્ધભાવ હશે તો વિના બોલ્યે દુનીઆ આપણી રીતો અને આપણા મતને આદર આપશે જ.

કેમ વર્તીએ ?

આપણે તો બહારના ધાર્મિક ઝગડાઓમાં ન પડતાં આપણા સર્વ ધર્મના મિત્રોને મળી કહીએ કે 'આવો ભાઈ, આપણે તો નાનપણથી જ સાથે રમીએ છીએ, સાથે ભણીએ છીએ. જ્ઞાતિ અને ધર્મના ભેદ ભલેને હોય. તેથી આપણે પરસ્પરનાં હેતપ્રીત તોડી અંદરઅંદર વેર શાને કરીએ? એક દેશના વતની તરીકે, પ્રજા તરીકે, માણસ તરીકે, આપણે સરખા છીએ. જગત્ આખાનો પિતા એક છે. આપણે સૌ તેનાં સંતાનો પરસ્પરનાં ભાંડુ છીએ. ઇશ્વરને નામે લડનારા ઇશ્વરના જ વિરોધીઓ છે. આપણે તેવા નથી થવું. આવો મુસ્લીમ ભાઇ, હીંદુ ભાઇ. આવો પારસી ભાઇ, આવો ઇસાઇ કે યહુદી ભાઇ, આપણે પરસ્પર સ્નેહ કરીએ ને જગતનું કલ્યાણ વધારીએ.

આ અંકને પહેલે પાને

ચોડેલી પત્રિકા તરફ અમે વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ.

કવિ બોટાદકર

હરકોઈ સુધરેલી સમાજમાં સામાન્યપણે બે વર્ગ હોય છે. વિચારનારનો વર્ગ અને કામ કરનારનો વર્ગ. જુના વખતના ચાર વર્ણોમાં પણ એવા બે વિભાગ હતા. બ્રાહ્મણ એ વિચારનાર વર્ગ, અને ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્ર તે કામ કરનાર વર્ગ.

કામ કરનારો વર્ગ સમાજનો વ્યવહાર નિયમિત અને સહીસલામત ચલાવતો, અને વિચારનારો વર્ગ સમાજને ધારણ કરતો તેમ જ નવી દિશામાં દોરતો. પ્રજાનો એ પૂજ્ય ગુરુ હોઈ રાષ્ટ્રનું ભવિષ્ય જોતો ને બધાંને બતાવતો. કવિનો દરજ્જો પણ આટલો જ ઉંચો છે. કવિ ખરો બ્રાહ્મણ છે.

બોટાદકર નાતે વાણીઆ હતા અને વાણીઆશાઈ પોશાકમાં કવિ તરીકે પોતાને ઓળખાવતાં પણ અચકાતા એ અયોગ્ય હતું. તેમણે આખું જીવન વિદ્યાને વરાવ્યું હતું. આછી આજીવિકા ઉપરાંત વધુ દ્રવ્યપ્રાપ્તિ તેમણે કરી નથી; અને ગવાયું ત્યારે ગભીરૂં કે મીઠું ગાયા કર્યું છે. એમનું સંતોષી, પરમાર્થી અને આનંદી જીવન શુદ્ધ બ્રાહ્મણનું જ હતું. એમની સૌમ્ય અને સપ્રમાણ તથા સંસ્કારી અને કરુણાળી કાવ્યવાણીની પીછાન આ અંકમાં અમે અવલોકન--વિભાગમાં આપી છે; તેમ જ એમના કાવ્યનો એક નમુનો પણ બીજે આપેલો છે.

જુના જમાનામાં હિન્દુસ્તાનના શ્રીહર્ષ, ભોજ અને અકબર જેવા સમ્રાટો કવિ-બ્રાહ્મણોને આશ્રય આપતા. એ કવિઓ કાંઇ આળસ ને મોજમાં દિવસો ગાળતા એમ નહિ; પણ પ્રજામાં અને રાજ્યમાં રોજ નવી ચેતના રેડતા. આજ આપણે ત્યાં 'કવિ' એ મશ્કરી કરવાનો શબ્દ થઇ પડ્યો છે. આવા ઉંચા શબ્દોના હલકટ અર્થ કરીને આપણો સમાજ પણ અધોગતિ જ પામ્યો છે.

હાલ યૂરોપ-અમેરિકામાં લેખક કે કવિ પોતાનાં લખાણો ઉપર ગુજરાન ચલાવી શકે છે. જાહેર પ્રજામાં એટલી તેમની પ્રતિષ્ઠા અને કદર છે. જે માણસ પોતે જાગ્રત ને સચેતન છે અને બીજાંને રાખે છે, નવા વિચારો કે નવી કલ્પનાઓ કરે છે અને આપે છે, કંટાળેલાંઓમાં પ્રેરણા પુરી તેમનાં મન પવિત્રપણે બહેલાવે છે તેનો ખપ એ પ્રજાને છે. એવી સારી સ્થિતિમાં કવિ કે લેખક નવા વિચારો અને નવા આદર્શો જાહેર પ્રજા આગળ રજુ કરતા જ જાય અને પ્રજાનું જીવન આગળ ધપાવતા જ રહે. આયર્લેંડની હમણાંની સ્વતંત્રતા એના લેખકો અને કવિઓને જ આભારી છે એ કાંઇ અજાણી વાત નથી.

આવતી પ્રજાની મોટી ફરજ એ છે કે તેણે મનુષ્યપણાનો અભ્યાસ કરીને માણસ ઓળખતાં શીખવું. દરેક માણસને કંઈ ને કંઈ ઇશ્વરી પ્રસાદ મળ્યો હોય છે. ઉગતી પ્રજા તેનો ઉપયોગ જાણે અને કરે. આ રીતે પ્રજા થોડા જ વખતમાં ઘણી ઓછી મહેનતે આગળ વધી શકે છે.

જે બોટાદકરને આપણે કવિ તરીકે મોટા માનીએ છીએ તે બોટાદકરનું કવિજીવન જાણ્યું હોય તો માલુમ પડે કે કેટલું તપ, કેટલો અભ્યાસ, કેટલો ભોગ અને કેટલું અવલોકન એમનાં હતાં. આજકાલ ઉગતી પ્રજામાં ઘણાક જુવાનો લેખક કે કવિ થવાનાં સ્વપ્નો ઘડતા હશે--પ્રયત્નો પણ કરતા હશે; તેઓને પ્રથમ બોટાદકરનાં તપ, ભોગ અને અભ્યાસ સમજવા અમે આગ્રહ કરીએ છીએ. એ ઉપરાંત ખરા કવિને આવશ્યક ત્રણ વાનાં—હેતાળ હૃદય, શુદ્ધ અંતઃકરણ અને સાચી દ્રષ્ટિ પણ જોઇશે એ વાત ભુલાવી ન જોઇએ.

વેપારી વૃત્તિવાળા અને ધનાઢ્ય ગણાતા ગુજરાતે પોતાની જીંદગીમાં કવિતા અને કળાની લાગણી બુઠ્ઠી કરી છે; અને કવિ નર્મદ, હાજીમહમ્મદ ને બોટાદકર જેવા કેટલાયે સંસ્કારી ને ભાવનાશાળી આત્માઓનો તેણે અનાદર કર્યો છે. પણ કુદરત તેનો પડઘો અવશ્ય પાડવાની છે. એ જ ધનાઢ્ય ગુજરાતમાં કોઈ એવો અપૂર્વ અને સહજ—અને તે પણ ગર્ભશ્રીમંત—કવિ અવતરશે કે જે આપણી આ બધી શુષ્કતા, ખોટી જડતા તથા બેડોળપણા ઉપર વિજય મેળવશે. તે દિવસે દેશના હુન્નરઉદ્યોગોથી ભરપુર ગુજરાતનાં ગૃહો પવિત્ર અને સુંદર આત્માઓથી કલ્લોલ મચાવતાં હશે.

અત્યારે તો, આ નીચે ભાઈ નવલરામે નોંધેલાં 'બોટાદકરનાં સ્મરણો'માં એ સદ્ગત કવિનાં દર્શન કરી આપણે પાવન થવું ઘટારત છે.

સંવત ૧૯૭૪ ના ઉનાળામાં મારા મિત્ર અમૃતલાલ દાણીના લગ્ન પ્રસંગે હું બોટાદ ગયો હતો. 'કલ્લોલિની' આ પહેલાં મેં વાંચેલી અને તેનાથી હું આકર્ષાએલો. એ 'કલ્લોલિની'ના લેખક કવિ 'દામોદર શા' ભાઇ દાણીનાં પત્નીના મામા થાય છે એ વાત જાણતાં તેમની સાથે હું કવિને મળવા ગયો. લાકડાની અનેક ચીપોનાં થીંગડાં મારેલાં, તુડુંતુડું થતાં કમાડવાળી નીચી ખડકીમાં થઇ, અમે ડેલી ઉપરના મેડે ચડયા. મેડો વાંસનો બાંધેલો હોય નીચો અને જર્જરિત માળણવાળો હતો. જુનાં ફાટેલાં ગોદડાંના ડામચીઆ પાસે કવિ બેઠા હતા. અમે તેમની પાસે જઈ બેઠા. કવિનું વય તે સમયે ૪૭ વર્ષનું હતુ. તેમના મોં પર ઘડપણની કરચલી દેખાતી હતી, વાળ સફેદ થયા હતા તથા આંખો ધુમાડાયલા જેવી અને પાણી ઝરતી હતી. શરીર સુક્કલકડી, ડાચાં બેસી ગએલાં, અને અવાજ ખોખરો--એવા એ કવિનું પ્રથમ દર્શન મારી યાદદાસ્તમાં સજ્જડ ચોંટી ગયું છે. ભાઇ દાણી જોડે કેટલીક કુટુંબકથા દુઃખદ સ્વરે અને પ્રસંગોપાત્ત ઉત્તેજિત થઇને કર્યા પછી મારી ઓળખાણ જાણી લઇ મને પુછયું, 'કેમ આવ્યા છો?' મેં કહ્યું, ''કલ્લોલિની' લેવા.' એક ભાંગેલા કબાટ જેવું કાંઇક પડયું હતું તેમાંથી 'કલ્લોલિની'ની એક નકલ તેમણે મને કાઢી આપી. મેં પૈસા આપવા માંડયા તો કહે, 'એ ન બને. તમે અમૃતલાલની સાથે આવ્યા, મારી સાથે ઓળખાણ કરી, હવે પૈસા લેવાય જ નહિ. લાવો નામ લખી આપું.' એમ કહી પોતાનું નામ લખી મને પુસ્તક ભેટ દીધું.

* * *

સંવત ૧૯૭૫ ના ઉનાળામાં કવિ સાથે ભાવનગરમાં ફરી મેળાપ થયો. આ વેળા બોટાદની પાસેના સમ-

ઢીઆળા નામના નાના ગામમાં બારેક રૂપીઆના પગારથી એ શિક્ષક હતા. આવી કફોડી આર્થિક સ્થિતિમાંથી જરા રાહત મેળવવા માટે કોઈ ઉપાય શોધવાનું કવિને સુઝ્યું. તે સમયે ભાવનગરમાં મોટી વયની જૈન સ્ત્રીઓ માટે એક શાળા કાઢવામાં આવી હતી. તેના શિક્ષક તરીકે કેટલાક મિત્રોની ભલામણ પરથી તે રહ્યા હતા. ભાઈ અમૃતલાલ દાણી એ વખતે ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં શિક્ષક હતા. તેમને મળવા ઉનાળાની રજામાં હું ભાવનગર ગયો હતો. કવિ પણ તેમને ત્યાં જ ઉતર્યા હતા. નવાપરામાં એક દરજીના ત્રીજા માળના મેડા પર અમે મળ્યા. જમવાનો વખત થયો હતો, અને કવિ થોડી નાની પાકી કેરીઓ ખેસમાં લઈને આવ્યા. જુની ઓળખાણ તાજી કરીને તેમણે થોડા સમય પર છપાએલી 'સ્રોતસ્વિની'ની એક નકલ મને આપી. અહીં કવિની આંખે પરવાળાં આવતાં હતાં. તબીઅત પણ સારી ન હતી, તેમજ તેમને મળેલ કામ પણ અનુકૂળ પડ્યું નહિ. કવિના કહેવાથી હું એકવાર તેમની શાળા જોવા જઈ ચડ્યો. મેડી પરના એક મોટા ઓરડામાં ખોટાદકર ખુરશી પર બેઠા હતા, અને આસપાસ ૧૫–૨૦ બાઈઓ, પાટી, ચોપડી વગેરે અભ્યાસનાં સાધનો લઈને બેઠી હતી. ઘણીખરી બાઈઓ મોટી ઉમરની—વૃદ્ધ ગણાય તેવડી હતી. એક પચાસેક વર્ષનાં ડોશીએ '.માસ્તર, મારા આંક લો' કહ્યું, અને 'એકડે એક, બગડે બે' બોલવા માંડ્યું! એક સાઠની આસપાસનાં ડોશીમા 'બા ભૂ પા' વાંચતાં હતાં! આ શાળાને ખોટાદકર રમુજમાં 'જરતી શાળા' (બુઢ્ઢીઓની નીશાળ) કહેતા. શાળા કાઢનારનો હેતુ તો થોડું શિક્ષણ લઈ અટકી ગએલી અથવા નહિ ભણેલી, કન્યાશાળામાં ન જઈ શકે તેવડી મોટી વયની બહેનો માટે શિક્ષણનો સગવડ કરી આપવાનો હતો. પણ તેને બદલે આ શાળામાં ઘણીખરી વૃદ્ધ બાઈઓ જ વિદ્યા ભણવા આવતી હતી!



દામોદર ખુશાલદાસ બોટાદકર

જેવું કામ હતું તેવું જ તેમનું ભાવનગરનું રહેઠાણ હતું. એક ગંદા લત્તામાં (ઘણું કરીને શેરડીપીઠના ડેલામાં) એક તદ્દન અંધારીઆ મેડા પર તે રહેતા હતા. અહીં થોડો સમય રહી તે સમઢીઆળે પાછા ફર્યા.

* * *

કવિના ભાવનગર જવાના ઉપલો પ્રસંગ લખતાં, તેમણે ગુજરાનનું સાધન મેળવવા માટે કરેલા અનેક પ્રયત્નો તથા યોજનાઓની ગમગીન યાદ આવે છે. વૈદ્યનું, વૈષ્ણવ મહારાજના મંત્રી તરીકેનું તથા ખેડુતનું જીવન પણ તેમણે જુદે જુદે સમયે અનુભવ્યું હતું. પણ એકેમાં તે ફળીભૂત થયા ન હતા.

સંવત ૧૯૬૯માં તેમની બહલી બાખેણી ગામે થઈ.

અહીં તેમણે એક મોટી નોટ બાંધી, અને તેમાં વિધવિધ ૫૦-૭૫ ધંધા કેમ, ક્યાં, કેટલાં સાધનોથી, કઇ મોટી પેઢી સાથે થઈ શકે તેની ધંધાવાર નોંધ સુંદર અક્ષરે કરી. એ નોટના પુંઠા ઉપર નામ લખ્યું છે : 'ઉદ્યોગ માલા'. તેમાં ઘણા ધંધાનાં નામ છે. જેવા કે તમાકુનો વેપાર, આપટાનાં પાન, સરસીઉં તેલ, વસાણાની મોટી દુકાન. ઘીની દુકાન, ગ્યાસતેલની એજન્સી, તૈયાર રૂનો વેપાર, રાણપુરમાં કંત્રાટી રૂ, કપાસીઆ, વાયદાનો વેપાર વગેરે.

આ બધી ટીપ ચાલે છે તેમાં વચ્ચે વળી એક પાનું આવે છે કે—'કલ્લોલિની' સ્ટેટો, બુકસેલરોને મોકલવી; અમુક ખાતામાં અરજી કરી ઇનામ લાયબ્રેરી-ની મંજુરી માટે મોકલવી. વળી પાછું ઑઇલએન્જીન આદિથી 'ઉદ્યોગમાળા' શરૂ થાય છે. 'વીશી અને દાંટલ' કેમ કરવી તેની પણ માહીતી આ ટીપમાં છે. શાકભાજીની આડત પણ વિચારવી રહી ગઇ નથી.

* * *

કવિના મૃત્યુ પહેલાં એકએક મહીને હું તેમને બોટાદમાં મળ્યો હતો. એમની તબીઅત હમેશાં નબળી તો રહ્યા જ કરતી; તેથી દવાની સગવડ મળે એટલા માટે તેમણે બોટાદ બદલી કરાવી હતી. અહીં તે માસિક ૧૮ રૂપીઆના પગારથી બ્રાંચ સ્કુલના મુખ્ય શિક્ષક તરીકે હતા. એક દહાડો સાંજે હું તથા કવિ એક મિત્રની સાથે. ગામ બહાર ટેકરી પર આવેલા મંદિરમાં દર્શન કરવા નિમિત્ત ફરવા નીકળ્યા. મંદિરના બાવાજી, સાથે આવેલા ભાઇને સારીરીતે પીછાનતા હતા. મારી પુછપરછ કરીને બાવાજીએ કવિ તરફ આંગળી ચીંધી પુછ્યું, 'આ શેઠ ક્યાંના છે?' 'બોટાદના જ છે' એવો જવાબ મળતાં બાવાજી તો ડઘાઈ જ ગયા અને ભારપૂર્વક બોલ્યા, 'હું વરસો થયાં આ ગામમાં રહું છું અને નાનાં છોકરાંને પણ ઓળખું છું, ને આમને ન ઓળખું એ કેમ બને? એ સાચે જ અહીંના છે?' પેલા ભાઇએ ફરીથી હા કહી. બાવાજીની નવાઇનો પાર ન રહ્યો.

* * *

કવિના આ એકલવાયા અને શરમાળ સ્વભાવની પાછળ અનેક વાતો રહેલી છે. તેમનાં કાવ્યો પર હું એક સવિસ્તર અવલોકન-લેખ લખવાનો હતો ત્યારે તેમણે મને કહેલું, 'તમારા લેખમાં મારૂં આખું નામ—દામોદર ખુશાલદાસ બોટાદકર—લખજો; કારણકે અહીં અમારા ગામમાં એક બ્રાહ્મણ છે તેણે પણ 'બોટાદકર' નામ ધારણ કર્યું છે.' આ બીજા ભાઈ વીશે અથવા તેમનાં કાવ્યો વીશે મેં કોઇ ઠેકાણે કશું વાંચેલું કે સાંભળેલું ન હતું (હજી પણ કંઇ જાણમાં નથી), એટલે કવિની આવી કાળજી માટે મને અચંબો ઉપજ્યો. પરંતુ આટઆટલું લખ્યા પછી પણ કવિને એવો ભય રહે એ આપણી જ બેકદરાઇનું સચોટ દૃષ્ટાન્ત છે.

* * *

કવિની શરમાળ પ્રકૃતિ પણ તેમને આ જાહેર-ખબરીઆ જમાનામાં અજાણ્યા રાખવામાં એક મુખ્ય કારણરૂપ હતી. Dash, dress and address (આગળપડતાપણું, પોશાક અને વાચાળતા) એ આ જમાનામાં પ્રસિદ્ધિમાં આવવાનાં મુખ્ય સાધનો ગણાય છે. તેમાંનું પહેલું તો કવિમાં મુદ્દલ ન મળે. પોશાક પણ તદ્દન સાદો ગામડીઆશાહી;—ધોતીઉં, પહેરણ, બંડી, ખેસ, ફેંટો. અને ત્રીજું સાધન વાચાળતા પણ એમનામાં ન હતી. અજાણ્યા પાસે તે ઘણુંખરૂં મુંગા જ રહેતા; મોટાં માણસોનો પરિચય પાડતાં તે શરમાતા; અને અતિ સાધારણ લોકોમાં કવિ તરીકે ઓળખાવું તેમને ગમતું નહિ. તે હમેશાં સરખે-સરખામાંજ ખીલતા. આ દરેક વાતનું એકેક દૃષ્ટાન્ત દઉં.

* * *

વરસો પહેલાં જ્યારે કવિ મુંબાઇમાં વસતા ત્યારે તેઓ 'ચંદ્ર' માસિકમાં કવિતાઓ મોકલતા. તેથી તેના તંત્રી સ્વ. હરિલાલ હર્ષદરાય ધ્રુવે પત્ર લખી તેમને અમુક સ્થળે ખાસ મળવા માટે આગ્રહપૂર્વક બોલાવ્યા. પણ કવિ ગયા જ નહિ. 'મારી કવિતા પરથી રા. ધ્રુવે મારા વીશે કૈં કૈં ખ્યાલ બાંધ્યા હોય. તેમની સમક્ષ આવો વાણીઆવેશ પહેરીને જાઉં તો તેમને નવાઇ જ લાગે, એમ ધારી હું તો ન ગયો' એમ ઘણી વાર એ પ્રસંગની વાત કરતાં એ કહેતા.

* * *

અતિ સાધારણ માણસોની પાસે કવિ તરીકે ઓળખાવું એમને ગમતું નહિ. પણ કમનસીબે તેમના

પરિસ્થિતિ એવી હતી કે તેવા માણસો અને જોડકણાં જોડનારાઓની વચ્ચે તેમને પ્રસંગ પડતો.

દોઢએ વર્ષ પહેલાં ભાવનગર રાજ્યના વિદ્યાધિકારી રા. વિઠ્ઠલરાય મહેતાએ રાજ્યના શિક્ષકોની પરિષદ્ બોલાવેલી, ને તેમાં કવિને પણ માનપૂર્વક આમંત્રણ આપી તેડાવેલા. પરિષદમાં કેટલાક શિક્ષક કવિઓ હતા તે પોતપોતાની કવિતાઓ ગાઇ સંભળાવવા લાગ્યા. છેવટે તેમાંના એકે કવિને પણ પોતાનું એકાદ કાવ્ય ગાઈ સંભળાવવા કહ્યું. આથી કવિને બહુ માઠું લાગેલું. 'આપણે કાંઈ ભાટચારણ કે જોડકણાં જોડનાર, સભારંજની કવિતા લખનાર છીએ?' એમ પાછળથી કવિએ આ પ્રસંગ વીશે બોલતાં કહેલું.

* * *

પણ એના એ જ કવિ મિત્રોની વચ્ચે ખુબ ખીલતા અને પોતાનાં કાવ્યો ઉત્સાહથી ગાઈ સંભળાવતા. તેમનો અવાજ ખોખરો હતો, છતાં તેમની ગાવાની હલક એવી સુંદર હતી કે જ્યારે તેઓ ધીરે સાદે લોકગીતો કે લગ્નગીતો ગાતા ત્યારે તેની હલકથી આસપાસની સ્ત્રીઓ પણ શરમાઇ જતી.

એકવાર સંધ્યાકાળે એ મિત્રો સમઢીઆળે જઇ ચડયા. શાન્તિપ્રિય કવિ તેમને લઇ શાન્તિનો સહયોગ કરવા બહાર નીકળી પડયા. સંધ્યાના નમતા પહોરે ગામથી દૂર દૂર આવળોનાં ઝુંડમાં સૌ બેઠા. નવા જ રચેલા 'માતૃગુંજન' 'ભાઇબીજ' અને 'જનની'ના રાસ કવિએ ધીરી હલકથી ગાયા. ને પછી રસની એ રેલ ત્યાં જ ન અટકી, પણ અનેક લગ્નગીતો તથા લોકગીતો લલકારાયાં. 'સોના ઇંઢોણી રૂપા બેડલું રે' એ ગીત તો કવિએ પાંચછ જુદા જુદા ઢાળમાં ગાઇ સંભળાવ્યું. એ વખતે કવિ ખરેખર ખીલ્યા હતા.

* * *

કવિનો અતિથિ-પ્રેમ અસાધારણ હતો. કોઇ મહેમાન—ખાસ કરીને મિત્ર મહેમાન તરીકે આવે ત્યારે પોતાની ગરીબાઈ ભુલી જતા, અને આપણે એમને ત્યાં રહીએ તેટલો સમય પોતાનાં તન, મન અને ધન આપણને સંપૂર્ણરીતે અર્પણ કરી દીધાં હોય તેવી રીતે જ વર્તતા. એ પ્રેમાળ કવિના છેલ્લા પત્રનો, હજુ તો હું આજ ઉત્તર આપીશ કાલ આપીશ એમ વિચારમાં હતો ત્યાં જ તેમના મૃત્યુના દુઃખદ સમાચાર મેં સાંભળ્યા. પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો.

નવલરામ જગન્નાથ ત્રિવેદી

અથાણું

એક માણસ મુંબાઈની કોઈક હૉટેલમાં જમવા ગયો. હૉટેલના માલીકને તે હમેશ જમવા આવનારા જેવો ન લાગ્યો.

થોડીવારે એ માણસે હુકમ કર્યો, 'છોકરા, એક ચાનો ડબલ કપ લાવ.' કપ આવ્યો ને ખલાસ થયો.

'છોકરા, શીખંડ પુરી લાવ.' શીખંડ પુરી આવ્યાં ને સાફ થઈ ગયાં.

'છોકરા, ભજીયાં અને પતરવેલીઆં લાવ.' તે પણ ચટ થયાં.

'છોકરા, શાકપુરી લાવ.' શાકપુરી પણ આવીને પેટમાં ચાલ્યાં ગયાં.

'છોકરા, હવે એક કૉફીનો કપ લાવ.' આવ્યો અને પેટમાં રેડાઈ ગયો.

હવે તો બીલ તૈયાર થયું. ત્યાં વળી ઑર્ડર આવ્યો, 'છોકરા—'

છોકરો બોલી ઉઠયો, 'શું સાહેબ, બીલ લાવું?'

ના. હવે એક પોલીસને બોલાવી લાવ. મારી પાસે બીલના પૈસા નથી!'

*

સરદાર—છોકરા, હું ઉપર જાઉં છું; જરા મારા ઘોડાનું ધ્યાન રાખજે.

થોડીવાર પછી પાછા આવીને પોતાનો ઘોડો ન જોતાં સરદારે છોકરાને પુછ્યું, 'છોકરા, ઘોડો ક્યાં? મેં તને ધ્યાન રાખવાનું કહ્યું હતું ને!

છોકરો—હા સાહેબ, મેં બરોબર ધ્યાન રાખ્યું છે. પહેલાં તે અહીંથી સીધો જઇ પછી પેલી ગલીમાં વળી ગયો.

બ લિ દા ન



અઢી હજાર વર્ષની જુની આ વાત છે.

મગધદેશના રાજા બિંબીસારે ભગવાન બુદ્ધને એકવાર આજીજી કરી કે 'હે દેવ! આપના શ્રીચરણના નખની એક કણી મને મળે તો બહુ જ સુખ પામીશ.'

'એ કણી લઇને જગતમાં શાં શાં ધતીંગ ફેલાવવા માગો છો, ભૂપતિ?' બુદ્ધે હસીને પુછ્યું.

'એક જ, પ્રભુ! અહિંસાનો સંદેશ, અને સત્યની ખાતર આત્મસમર્પણ.'

રાજ-બગીચાની અંદર, એક ખુણામાં, નખની એ કણી દાટીને, એના ઉપર રાજા બિંબીસારે એક સુંદર સ્થંભ ચણાવ્યો. દેશદેશના કારીગરોએ આવીને એ સ્થંભ ઉપર બારીક નકશી કોરી. એ પત્થરો પણ જાણે હમણાં બોલી ઉઠશે, પોતાના જ રૂપ ઉપર મુગ્ધ બનીને જાણે હમણાં નાચી ઉઠશે, એવી કલાની શોભા શિલ્પકારોએ એના પર વિસ્તારી.

રોજ સાંજ પડે, એટલે મહારાજની મહારાણી અને રાજબાળાઓ સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી, ફુલછાબ ભરી, સોનાની થાળીમાં પૂજનસામગ્રી લઇ એ સ્થંભ પાસે પધારે, ને ભાવપૂર્વક એનું પૂજન કરે. રાતભર એ સ્થંભની આસપાસ ફૂલોની માળાઓ મ્હેકી રહે; દીવાઓની જ્યોતિ-માળા ઝળકી રહે.

સંધ્યાએ સંધ્યાએ નવી પૂજા, નવાં પુષ્પો, ને નવી જ્યોતિકાઓ.

વર્ષો વીત્યાં. બિંબીસાર રાજા મૃત્યુ પામ્યા. યુવરાજ અજાતશત્રુ સિંહાસને બેઠો.

પણ એ તો બ્રાહ્મણધર્મનો ભક્ત હતો. પિતાનો ધર્મ ઉખેડી નાખવા એણે રાજનગરીમાં લોહીની નદીઓ વહેવડાવી. હોમયજ્ઞની જ્વાળાઓની અંદર એણે બૌદ્ધ ધર્મનાં શાસ્ત્રો હોમી દીધાં. રાજનગરીમાં સાદ પડાવ્યો કે 'ખબરદાર! પૂજાનાં ત્રણ જ પાત્રો છે: વેદ, બ્રાહ્મણ અને રાજા. ચોથા કશાની યે પૂજા કરનારનો હું પ્રાણ લઇશ.'

નગરીનાં નરનાર સૌ કંપી ઉઠ્યાં. બુદ્ધના નામનો ઉચ્ચારમાત્ર બંધ થયો. ઠેરઠેર યજ્ઞની વેદીમાંથી 'ખાઉં ખાઉં' કરતી જ્વાળાઓ છુટીને પોતાની કારમી જીભો ચોપાસ ફેરવતી આકાશમાં ચડવા લાગી.

તે દિવસની સાંજ પડી. રાજમહેલની એક દાસી ન્હાઇધોઇને તૈયાર થતી હતી; ફુલો અને દીવાઓ સજ્જ કરતી હતી; એના હોઠ પર બુદ્ધદેવના નામોચ્ચાર થતા હતા.

કોણ આ નારી? કાં એને ભય નથી? એણે શું પેલી રાજ-આજ્ઞા નથી જાણી?

શ્રીમતી નામની એ દાસી. રોજ સાંજે રાજ-રાણીઓ પૂજા કરવા જાય ત્યારે આ અભણ ને અજ્ઞાન નારી પૂજનસામગ્રી તૈયાર કરી, હાથમાં ઉપાડી તેમની સાથે જતી. જઇને આઘે એક ખુણામાં ઉભી રહેતી. કાંઇ આવડે તો નહિ, પણ આંખો મીચીને ઉભી ઉભી રોજ એ કાંઇક બડબડ્યા કરે. એની

કાલીઘેલી વાતો કેમ જાણે કોઇ અંતરિક્ષમાંથી સાંભળતું હોય, તેના મીઠા મીઠા ઉત્તર દેતું હોય તેમ આ દાસી છાની છાની હસ્યા કરે.

*

રાજ-આજ્ઞા એણે સાંભળી હતી. ધુપદીપ લઇને શ્રીમતી રાજમાતાની પાસે આવી ઉભી રહી. બોલી કે 'બા, પૂજાનો સમય થયો.'

મહારાણીનું શરીર થરથરી ઉઠયું. ભયભીત બનીને એ બોલ્યાં, 'નાદાન! નથી જાણતી? સ્થંભ ઉપર ધૂપદીપ કરનારાંને શુળી મળશે. ભાગી જા; પૂજાનું નામ હવે લેતી ના.'

પાછી વળીને શ્રીમતી રાજરાણી અમિતાને ઓરડે ગઇ. રત્નજડિત આરસી સામે ધરીને રાણીજી અંબોડો વાળતાં હતાં, સેંથામાં સીંદુર પુરતાં હતાં.

શ્રીમતીના હાથમાં પૂજાની સામગ્રી જોઇને રાણીજી ઝબક્યાં. એમનો સેંથો વાંકોચુંકો થઇ ગયો.

શ્રીમતી કહે, 'રાણીજી, પૂજાનો સમય થયો.'

રાણી બોલ્યાં, 'સાથે સાથે મરવાનો પણ સમય થયો છે કે શું? જલદી ચાલી જા અહીંથી. કોઇ જોશે તો રાજાજીનો કોપ સળગશે. મુર્ખી! એ પૂજાના દિવસો ગયા.

આથમતા સૂર્યની સામે બારી ઉઘાડી રાણીને રાજકુમારી શુક્લા એકલાં પડયાં પડયાં કવિતાનું પુસ્તક વાંચવામાં મગ્ન હતાં. ઝાંઝરનો ઝણકાર સાંભળીને બારણા સામે જુએ, તો શ્રીમતી!

'કુંવરીબા! ચાલો પૂજા કરવા.'

'ક્યાં મરવા? તું જા.'

*

રાજમહેલને બારણેબારણે શ્રીમતી રખડી. પોકાર કર્યો કે 'હે નરનારીઓ! પ્રભુની પૂજાનો સમય થયો. ચાલો, શું કોઇ યે નહિ આવો? રાજાજીની શું આટલી બધી ધાક? પ્રાણ શું આટલા બધા વહાલા?

કોઇએ જવાબ ન દીધો. એ રમ્ય સંધ્યાકાળની સામે શ્રીમતી જોઈ રહી. દિશાઓમાંથી ઉંચે ઉભું ઉભું જાણે કોઇ એને કહેતું હતું કે 'સમય જાય છે, પુત્રી શ્રીમતી, પૂજાનો સમય જાય છે.' શ્રીમતીનું મુખ પ્રકાશી ઉઠયું. એ ચાલી.

દિવસની છેલ્લી પ્રભા અંધકારમાં મળી ગઇ. માર્ગ નિર્જન ને અંધકારમય બની રહ્યો. લોકોનો કોલાહલ ધીમેધીમે શમી ગયો. શિવમંદિરોમાંથી આરતીના ડંકા સંભળાયા.

*

રાત પડી. ઘોર અંધકારમાં અનંત તારાઓ ઝબુકી ઉઠયા. પણ એવામાં રાજમહેલના પહેરેગીરો કેમ એકાએક ચમકી ઉઠયા? એમણે એવું તે શું જોયું?

રાજ–બગીચાને એક ખુણે, ઘોર અંધકારમાં, બુદ્ધદેવના સ્થંભની ચોપાસ દીવાઓની જ્યોતો ઝળહળી રહી છે.

ખુલ્લી તલવાર લઇને રક્ષકો દોડતા આવ્યા. સ્થંભ પાસે જઇને જુએ છે તો એક રમણી સ્થંભની આગળ ઘુંટણીએ પડેલી છે. આંખો એની બીડાએલી, ને કંઇક બડબડી રહેલા હોઠ પર હાસ્ય ફરકી રહેલું.

રક્ષકોના નાયકે આવીને એ ધ્યાનમગ્ન શરીરને ઢંઢોળ્યું, ને સવાલ કર્યો કે 'કોણ છે રે મુર્ખ, તું? પ્રાણ વહાલા નથી શું?'

'હું શ્રીમતી;—બુદ્ધ ભગવાનની દાસી.' મધુર કંઠમાંથી ધીમો ને દૃઢ ઉત્તર આવ્યો.

બીજી જ પળે ઉઘાડી તલવાર એ રમણીની ગરદન પર પડી. એ સ્થંભનો ઠંડો ને પવિત્ર પાષાણ એના ધગધગતા લોહીથી ભીંજાયો ને વધુ પવિત્ર બન્યો.

શરદઋતુની એ નિર્મળ રાત્રીએ, રાજ-બગીચાના એ એકાન્ત ખુણે, એકાકી ઉભેલા એ સ્થંભને ચરણે, આરતીના છેલ્લા દીવા ઓલવાઇ ગયા.

પણ એ બલિદાન ચડેલીના આત્માની જ્યોત તો જુગજુગાન્તર સુધી યે નહિ બુઝાય.

('કુરબાનીની કથાઓ'માંથી ફેરફાર સાથે) **ઝવેરચંદ મેઘાણી**

બાળસ્વરૂપ

મુખ મનહરણું સાવ સરળ ને
મીઠી આંખડલી તેજાળ;
કુમળું અંગ ગુલાબકળી સમ,
સોનેરી ભુરા શિર વાળ;
નિર્મળ સુંદરતા રસરૂપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

ઉભરાતી તન હર્ષ-ખુમારી,
મુખડું મલકે મંદ મધુર;
હસતાં ખાડા પડે ગાલમાં,
મીઠી ઘંટડી સરખો સુર;
કિલ્લોલનો છલકાતો કૂપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

ઘુઘરે ઘમઘમતો કંદોરો
કમર ઉપર લપટાઇ રહ્યો.
ઝાંઝરીઓનો ઝમકારો શાં
સંગીત ચરણે ગાઇ રહ્યો!
રમવું ને રડબડવું ખુબ:
નમું નમું હો બાળસ્વરૂપ.

યોગીજન સમ દુધાધારી,
કાંતિ નગ્ન દિગંબરની;
અવધુત સરખું અંગ અહાહા!
પ્રેમળતા પેગંબરની;
જીવન જગમાં અજબ અનુપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

વિશાળ ઉજળે ચોક ઉપાને
વાદળડી નાની સરકે,
એવી રમ્ય લલાટપ્રદેશે
ઝુલફાંની લટ શી ફરકે!
નિતનિત નૌતમ એનાં રૂપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

ઘાટીલું ને દડધા જેવું
સાજું તાજું ને ગંભીર;
દૈવચક્ર શી પ્રતિભાવંતું
ડીફા જેવું દીપે શરીર;
મનુકુલને સિંહાસન ભૂપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

ગોમુખથી ઝરતાં ઝરણાં સમ
ખીલખીલ હસતું મંજુલ નાદ;
બીક નહિ, પરવા નહિ કો'ની,
આત્મામાંથી ઝરે પ્રસાદ;
માતપિતાનું મંગળ રૂપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

વિકારની નહિ રેખ વદન પર,
સ્વચ્છ નિખાલસ સુરખી રમે;
અંતરની અણિશુદ્ધ પ્રતિમા
કહો કહો કોને ના ગમે?
ઇશ્વર પણ થાયે તદ્રુપ:
નમું નમું હો બાળસ્વરૂપ.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

વન

ઇશ્વરની સૃષ્ટિ એટલી અગાધ છે કે મનુષ્ય ફક્ત માણસજાતનો જ અભ્યાસ કરીને બેસી રહે તો તે જરૂર અધુરો જ રહે. ઇશ્વરને ઓળખવો હોય તો એની સકળ લીલા જોવી અને સમજવી જોઇએ. એ વગર માણસને બીજી કોઇ રીતે પુરૂં જ્ઞાન મળે નહિ.

સરજનહારની આ સૃષ્ટિમાં પહેલી જ નજરે આપણે અમુક વર્ગો પડેલા જોઇએ છીએ. પદાર્થ, વનસ્પતિ, જીવજંતુ, પક્ષી, પશુ અને માનવી. એ દરેક વર્ગની જુદી જુદી અનેક જાતિઓ હોય છે. વળી દરેક જાતની અંદર હવા-પાણી અને રહેઠાણ પ્રમાણે નોખ-નોખી પેટાજાતો પણ પડે છે.



સિંહ તો આપણે સૌએ જોયો હોય છે, અને તેને વીશે થોડીઘણી માહીતી પણ આપણને હોય છે. પરંતુ તેના સ્વભાવની કેટલીક ખાસીઅતો અને ખુબીઓથી આપણે સાધારણરીતે અજાણ હોઇએ છીએ.

કુદરતનો સામાન્ય નિયમ એવો છે કે નર કરતાં માદા વધુ રૂપાળી હોય. પરંતુ પક્ષીઓમાં જેમ ઢેલના કરતાં મોર વધારે સુંદર છે, તેમ પશુઓમાં સિંહણના કરતાં સિંહ વધુ સ્વરૂપવાન સરજાયો છે.

આપણે ઉપર જાણી ગયા તેમ સિંહોમાં પણ ઘણી પેટાજાતો છે. જુદા જુદા દેશ મુજબ તેમના રંગમાં, યાળમાં અને કદમાં થોડોઘણો ફેરફાર હોય છે; અને તેથી આફ્રીકાનો સિંહ, હીંદુસ્તાનનો સિંહ એમ ઓળખી શકાય છે. આફ્રીકા ખંડના દરેક દેશમાં સિંહો મળી આવે છે. મેસૅપૉટેમીઆ, હીંદુસ્તાન અને દક્ષિણ ઇરાનમાં પણ સિંહની વસ્તી ઠીકઠીક છે. પણ શીકારીઓના શૉખને લીધે સિંહની જાત હવે નાબુદ થતી ચાલી છે. હીંદુસ્તાનમાં તો હવે માત્ર સોરઠના ગીર પ્રદેશમાં જ સિંહ જોવામાં આવે છે. ત્યાં પણ શીકારીઓએ તેની સંખ્યા ઓછી કરી નાખી હતી. પરંતુ હમણાં તેની પેદાશ વધે એટલા માટે સિંહના શીકાર પર અંકુશ મુકવામાં આવ્યો છે. પૂર્વ અને દક્ષિણ આફ્રીકાનો સિંહ બીજા બધા દેશોના સિંહોમાં વખણાય છે. ચહેરેમોરે એ ખુબસુરત હોય છે.

પુખ્ત ઉમરના સિંહની ઉંચાઇ લગભગ ત્રણ ફુટ અને લંબાઇ પુંછડા સુદ્ધાં આઠ ફુટ હોય છે. પુંછડું એથી ત્રણ ફુટ લાંબું હોય છે અને તેને છેડે વાળનો ગુચ્છો લટકે છે બિલાડીના વર્ગનાં બધાં પ્રાણીઓમાં ફક્ત સિંહને જ પુંછડે વાળનો ગુચ્છો છે. વળી આ ગુચ્છાની અંદર એક નખ હોય છે, તે કાંટો કહેવાય છે. સિંહ જ્યારે બહુ ગુસ્સામાં આવી જાય છે ત્યારે પોતાની પીઠ ઉપર એ પુંછડાના સપાટા લગાવે છે; તેમજ જ્યારે એને શીકાર નથી મળતો ત્યારે પણ એમ કરવા માંડે છે સિંહનું વજન ૩૦૦ થી ૫૦૦ રતલ થાય છે. એના શરીરનો રંગ પીળચટો, ચામડી સુંવાળી અને કેશવાળી ઘેરી પીળી હોય છે. એના કાન હમેશ કેશવાળીમાં ઢંકાએલા રહે છે. સિંહનું બચ્ચું ત્રણચાર વરસનું થયા પછી એને કેશવાળી ઉગવા માંડે છે, અને લગભગ છ વરસની વયે તે

રા જ



જંગલનાં બધાં પશુઓમાં સિંહ જુદો તરી આવે છે. એની હાંમત, બહાદુરી, રૂપ રંગ ને કદ, ખાનદાન સ્વભાવ, ગર્જન અને ચાલવાની ઢબને લીધે એ સૌથી શ્રેષ્ઠ મનાયો છે. અને માટે જ આપણે તેને 'વનરાજ' નામથી બોલાવીએ છીએ. જ્યારે એના ગર્જનનો એક પડછંદો પડે છે ત્યારે આખું વન અજબ ચુપકી પકડે છે, અને ખીણોમાં તથા ખડકો સાથે એ ઘોર રવ એકબે મીનીટ સુધી અફળાયા કરે છે. તે વખતે આપણને ભાન થાય છે કે એનું 'વનરાજ' નામ સાર્થ છે. એને વીશે જાણવાજોગ માહીતી નીચે આપી છે.

પુરી ઉગી નીકળે છે. સિંહણને કેશવાળી નથી હોતી.

સિંહ નિશાચર હોવાથી આખો દિવસ સુઇ રહે છે. સાંજ પડ્યે બીજાં પશુઓ પાણી પીવા તથા ખોરાકની શોધમાં નીકળે ત્યારે તે પણ તેમની પછવાડે ધીમે પગલે જાય છે. સિંહ માંસાહારી પ્રાણી છે; પણ સાધારણરીતે એ મરેલ પશુનું માંસ નથી ખાતો. એ પોતે જાતે જ શીકાર મારીને માંસ ભક્ષણ કરે છે. તે ઘણું આળસુ પણ ટેકીલું પ્રાણી છે. કોઇવાર ખોરાકને અભાવે સિંહ મરેલ પશુનું માસ ખાય છે ખરો, પરંતુ તે કોઈક જ વખત.

શીકારની શોધમાં ફરતો હોય છે ત્યારે સિંહ બહુ સાવચેત અને ચકોર રહે છે. બીલાડીના વર્ગના દરેક પ્રાણીમાંથી અમુક પ્રકારની વાસ છુટે છે. પોતે શીકારની શોધમાં હોય છે ત્યારે સિંહ હમેશાં પવનની સામી દિશામાં જ જાય છે, કે જેથી તેની વાસ પવન સાથે પછવાડે વહી જાય અને આગળ ચાલતા શીકારને તેની વાસ ન આવે. આથી ગાફિલ શીકાર સહેજે તેના મોંમાં આવીને પડે છે. પવન જ્યારે દિશાએ દિશાએ ફરતો કે વંટોળીઆની પેઠે ઘુમાતો હોય છે ત્યારે સિંહ શીકાર પકડવા માટે બીજી યુક્તિ કરે છે. આવે વખતે તે પોતાનું મોં જમીનને અડકાડી, ચોતરફ થોડું થોડું ફરતું રાખી ગર્જના કરે છે. સિંહની ગર્જનાથી જંગલનું દરેક પ્રાણી બહુ જ બીએ છે, અને તે સાંભળતાંવેંત જ નાસભાગમાં પડે છે. એ ગર્જના કરતી વખતે સિંહ પોતાનું મોં ચોમેર ફેરવતો હોવાથી તેની ચોક્સ દિશાની શીકારને ખબર નથી પડતી, અને ગભરાઇને તેની સામે આવીને જ પડે છે. આ રીતે સિંહ વગર મહેનતે પોતાનો શીકાર મેળવે છે.

વાંદરાંઓને વીશે એક અજબ જેવી વાત છે. વાંદરાં જેટલાં અટકચાળાં હોય છે તેટલાં જ બીકણ પણ હોય છે. અને તે ઘણુંખરૂં પોતાની બીકને લીધે હાથેકરીને જ સિંહનો શીકાર થઇ પડે છે. એવું કહેવાય છે કે સિંહ જ્યારે બહુ જ ભુખ્યો થાય છે, અને બીજો કશો શીકાર એને નથી મળતો, તે વેળા જો એ એકાદ ઝાડપર વાંદરાં જોઇ જાય તો એનું કામ પાકી જાય છે. ઝાડ નીચે ઉભો રહી એ જોરથી ત્રાડ મારે છે. એ સાંભળતાંવેંત જ વાંદરાં બીકથી આંખો મીચી દે છે, અને પછી એક ઝાડેથી બીજે

ઝાડે કુદાકુદ કરી મુકે છે. પણ એ કુદકા વખતે તેમની આંખો મીંચેલી હોવાથી સામેના ઝાડની ડાળી એમને સુઝતી નથી, એટલે ભુલીને ભોંય જ પડે છે, ને સિંહ નીરાંતે એને મારી ખાય છે. પણ આવી રીતનો વાંદરાનો શીકાર તો, પોતાને બીજું કોઈ પશુ ન મળ્યું હોય ને બહુ ભુખ્યો થયો હોય ત્યારે જ સિંહ કરે છે.

સિંહને સ્વચ્છ રહેવાની ખાસ ટેવ હોય છે. બીલાડીની પેઠે તેની જીભ ખરબચડી હોય છે, અને તે વડે ચાટીને જ તે પોતાનું શરીર સાફ કરે છે. પહેલાં આખું શરીર, પછી મોઢું, આંખ, નાક, અને છેવટે મુછના વાળ સુદ્ધાં તે ચાટીને સાફ કરે છે. એ વાળ બહુ જ ઝીણા હોય છે, અને તેમાં પણ ઝીણા તંતુઓ હોય છે. એવું કહેવાય છે કે સિંહને એની મુછના વાળના એ તંતુઓ મારફતે જ સંકટનું ભાન થાય છે. સિંહને પોતાના પંજા વારંવાર ચાટયા કરવાની બહુ ટેવ હોય છે.

સિંહ કરતાં સિંહણ નાની અને શાંત દેખાય છે. પણ તે સ્વભાવે બહુ તીખી હોય છે. આમ તો એ બહુ ચપળ અને રમતીઆળ સ્વભાવની હોય છે; પણ ગુસ્સામાં આવે છે ત્યારે સિંહ કરતાં પણ વિકરાળ રૂપ ધારણ કરે છે. સિંહ તો ગમે ત્યારે જુઓ, ગંભીર સ્વભાવનો જ હોય છે. તે ધરાએલો હોય અને એને કોઇ છંછેડે નહિ તો કોઈ પણ પ્રાણીને તે નાહક નુકસાન નથી કરતો.

ઉમરલાયક થતાં જ સિંહ પોતાને રહેવા માટે બોડની શોધ કરવા માંડે છે. તે ઘણુંખરૂં પુષ્કળ પાણીની સગવડવાળી અને ઝાડીઓથી ગીચ બનેલી ગુફા જ પસંદ કરે છે. આમ કરવામાં તેની ઘણી મતલબો હોય છે. એક તો એ કે તે બહુ જ આળસુ હોવાથી ટંડી અને ઝાડીવાળી જગ્યામાં આખો દિવસ શાંતિથી ઉંઘ લઈ શકે છે, અને તેના રહેઠાણની ભાગ્યે જ કોઇને ખબર પડે છે; બીજું એ કે પોતાને ચોકખું ને નિર્મળ પાણી જ્યારે જોઇએ ત્યારે મળી શકે; પણ ત્રીજું ખાસ કારણ તો એ હોય છે કે સાંજ પડતાં બીજાં પશુઓ પોતાની પાણીવાળી જગ્યા પર પાણી પીવા આવે ત્યારે સહેલાઈથી તેમનો શીકાર થઈ શકે.

પાંચેક વર્ષનો થયા પછી સિંહ પોતાને માટે પત્નીની શોધમાં નીકળે છે. ઘણીવાર તો એક સિંહણને કાજે બે સિંહને દ્વંદ્વયુદ્ધ પણ કરવું પડે છે. એમાં જીતનાર સિંહ તે સિંહણને પોતાની સ્ત્રી તરીકે લઈ જાય છે અને જીંદગીભર તેને પાળે છે. સિંહ કદિ જ બીજી સ્ત્રી કરતો નથી.

તે સિંહણની બધી જાતની સંભાળ રાખે છે. તેને ખોરાક લાવી આપે છે, તેનું રક્ષણ કરે છે, અને વખત આવ્યે તેને માટે પોતાના પ્રાણ પણ આપે છે. સિંહ ને સિંહણનો એકસાથે કોઈ શીકાર ન કરી શકે. કારણકે તે બંને અરસપરસ એટલાં વફાદાર હોય છે, અને એવે વખતે એકબીજાનું રક્ષણ કરવા માટે એટલાં વિકરાળ અને જીવલેણ બને છે કે ભલભલા બાહોશ શીકારીઓને પણ ભોંય ભારે થઈ પડે.

સિંહ હમેશાં સમી સાંજે શીકારની શોધમાં નીકળે છે. ઘણુંખરૂં તો તેને ફક્ત પાણીને કીનારે ઝાડીમાં ચુપકીથી રાહ જ જોવાની હોય છે. બીજાં પશુઓ ત્યાં નિર્ભયપણે પાણી પીવા આવે ત્યારે લાગ જોઇને સિંહ તેમાંના એકાદ પર તુટી પડે છે અને એક જ પંજે તેને પુરૂં કરી પોતાને રહેઠાણે ઘસડી જાય છે.

શીકારને ઉપાડી જવાની એની રીત બહુ જાણવાજોગી હોય છે. તેની ગરદન બહુ જ મજબુત હોય છે. ગમે તેવા મોટા શીકારને પણ તે મોં વડે પકડી એક જ ઝટકે પોતાની કાંધ પર નાખી દે છે ને પોતાને રસ્તે પડે છે. આમ માઇલોના માઇલો સુધી તે પોતાની ગરદનપર શીકારનો બોજો ઉપાડી લઈ જઇ શકે છે.

શીકાર ઘેર લાવીને તે પ્રથમ સિંહણ આગળ મુકે છે: અને સિંહણ ધરાઇને ખાઇ રહ્યા પછી જ પોતે તેને અડકે છે. તે પહેલાં તે ખાતો જ નથી. આટલો તે ખાનદાન અને સ્ત્રીજાતિ પ્રત્યે માનવૃત્તિવાળો હોય છે. આ વાતમાં કશું જ શંકા લાવવા જેવું નથી. પાંજરામાં પુરાએલા સિંહો કદાચ આમ નહિ કરતા હોય, કારણકે તેઓ કુદરતથી દૂર અને કેદમાં ઉછરેલા હોય છે. પણ જંગલમાં સ્વતંત્રપણે ઉછરેલા સિંહનો એ સ્વભાવ જ હોય છે. સ્વતંત્રતાની એ ખુબી છે. આપણને સ્વતંત્ર અને પરતંત્ર માણસોના સ્વભાવમાં



પણ ઘણી વાર આસમાન જમીનનું અંતર નથી લાગતું ?

પણ સિંહને બધા કરતાં પોતાનું સ્વમાન બહુ વહાલું હોય છે:-સિંહણ કરતાં પણ. એ એટલું ટેકીલું, ગૌરવશીલ અને સ્વમાનવાળું પ્રાણી છે કે પોતાના સ્વમાનને ખાતર એ કોઇની પણ પરવા ન કરે. એ વીશે એક સજ્જન પોતાના અનુભવની ખરી બનેલી વાત નીચે પ્રમાણે વર્ણવે છે:

'એક વખત મહારાજા સાહેબ અને બીજા ઘણા શીકારીઓ ગીરનાં જંગલમાં શીકારે ગયા હતા. શીકારને આગલે દહાડે સાંજે પાંચેક વાગે હું તથા મહારાજા સાહેબ ફરવા નીકળ્યા. સાથે શીકારની બંદુક કે કશું લીધેલું નહિ.

ફરતા ફરતા અમે એક મોટી ઉંડી ખાઇ પાસે આવી પહોંચ્યા. એટલામાં ખાઇની સામી બાજુએથી ઢોરને બીકથી નાસી આવતાં અમે જોયાં. અમે ધાર્યું કે આટલામાં કોઇ જંગલી પ્રાણી હોવું જોઇએ. એવામાં મહારાજા સાહેબની નજર ખાઇમાં પડી. એક મોટો સિંહ ત્યાં કશીક મથામણ કરતો હતો. તેણે એક ભેંશનો શીકાર કર્યો હતો, પણ ભેંશને લઇને તે ખાઈમાંથી નીકળી શકતો નહોતો.

ખાઈ આશરે વીસેક ફુટ ઉંચી હતી. ભેંશને મોંમાં પકડી, ગરદન પર ચડાવી તે ખાઇ બહાર નીકળવા કુદકો મારે, પણ પાછો પછડાઇને શીકાર સાથે ભોંય પડે. આમ બહુવાર તેણે મથામણ કરી, પણ ખાઇને કાંઠે તે પહોંચી શકયો નહિ. આથી ચીડાઇ, ગુસ્સે થઈ તે ઘુઘવાટા નાખવા લાગ્યો. તેનું ગર્જન સાંભળી એકદમ એક બાજુએથી સિંહણ દોડતી આવી. તેણે ખાઇમાં જઇ શીકારને ગરદન પર ચડાવ્યો, ને પહેલી જ ફલાંગે બહાર કુદી આવી.

પણ આથી સિંહને પોતાનું સ્વમાન હણાયું લાગ્યું. ગુસ્સામાં ને ગુસ્સામાં તે ખાઈની બહાર કુદી આવ્યો, ને એક જ પંજે સિંહણને મારી નાખી. અને શીકાર તરફ આડી નજર સરખી પણ નાખ્યા વિના, ત્યાં જ પડતો મુકી બીજી દિશામાં કુદીને અદ્રશ્ય થઇ ગયો.

હું ને મહારાજા સાહેબ તો દિગ્મૂઢ બની જોઇ જ રહ્યા.'

સિંહણ જીંદગીમાં એક જ વખત વીઆય છે; અને બેથી ચાર બચ્ચાંને તે જન્મ આપે છે. એ બચ્ચાં શરૂઆતમાં તો બીલાડીનાં બચ્ચાં જેવાં જ હોય છે, અને તેમની માફક જ 'મીંઆઉં મીંઆઉં' કરે છે. ફરક માત્ર એટલો જ કે બીલાડીનાં બચ્ચાંની આંખો જન્મ વખતે બંધ હોય છે, તે નવમે દહાડે ખુલે છે; જ્યારે સિંહનાં બચ્ચાંની આંખો જન્મથી જ ખુલ્લી હોય છે.

શરૂઆતમાં બચ્ચાંનાં શરીર પર ઝાંખા ચટાપટા હોય છે, પણ ધીમે ધીમે તે અદ્રશ્ય થાય છે અને સિંહ જેવો જ રંગ તે ધારણ કરે છે. થોડાં જ અઠવાડીઆંમાં તેઓ 'મીંઆઉં' કરવું છોડી દઇ ધીમું ધીમું ઘુરકતાં ને ગર્જન કરતાં શીખે છે.

વીઆયા પછી થોડા દહાડા સુધી તો સિંહણ બચ્ચાંને છોડીને કયાંય બહાર જતી નથી. કદાચ પાણી પીવા જાય તો તે દરમ્યાન સિંહ બચ્ચાંની ચોકી કરે છે. એ વેળા તે ઘણો વિકરાળ હોય છે. પાણી પીને પાછી ફરતી વખતે સિંહણ ખુબ સાવચેતી રાખે છે,

કે રખેને પોતાનાં પગલાં કોઇ શીકારી જોઇ જાય ને તેને સગડે આવીને પોતાની બોડ શોધી કાઢે. આથી તે પાછી વળતી વેળા પોતાનાં પગલાં ભુંસી નખાતી આવે છે.

બચ્ચાં ચારપાંચ માસનાં થયા પછી પોતાનાં માબાપની જોડે શીકારે જાય છે. ને થોડા જ વખતમાં શીકાર કરતાં શીખી લે છે; અને ત્યાર પછી પોતે જાતે કરેલો જ શીકાર ખાય છે. બચ્ચાં સ્વતંત્ર બને છે કે તરત જ માબાપ તેને છોડી કોઇ દૂરના પ્રદેશમાં ચાલ્યાં જાય છે. સિંહનું બચ્ચું ચોથે કે પાંચમે વર્ષે જુવાનીમાં આવે છે ને ત્રીસથી ચાળીસ વર્ષ સુધી તે જીવે છે.

આફ્રીકામાં પણ સિંહનો શીકાર પુષ્કળ થતો હોવાથી તેઓ ધીમે ધીમે ખુલ્લાં જંગલો છોડી હવે ગીચ ઝાડીઓમાં વસવા લાગ્યા છે. આવી ઝાડીઓ બહુ ગીચ અને કાંટાઝાંખરાંવાળી હોવાથી, વારંવાર તેમાં આવજા કરતાં સિંહની કેશવાળી તેમાં ભરાઇ તુટતી જાય છે, ને ધીરે ધીરે ઘસાતી જાય છે. એક વાર આફ્રીકામાં કેશવાળી વિનાનો સિંહ જોવામાં આવ્યો હતો, તે કદાચ આ જ કારણને લીધે હશે.

સિંહ અતિશય જોરાવર પ્રાણી છે. એનો પંજો એટલો બળવાન છે કે એના એક જ થાપાથી ભલભલાં મોટાં પ્રાણીઓને તે ઠાર કરી શકે છે. હાથી જેવડા પશુને પણ સિંહ તેની પીઠમાં થાપા મારીને મ્હાત કરી દે છે.

આ શક્તિ હોવાનાં બે મુખ્ય કારણો છે. એક તો એ કે સિંહની જઠરાગ્નિ અત્યંત તેજ હોય છે. એક મોટા શીકારના માંસનો આહાર કરીને તે માત્ર ત્રણચાર શેર જેટલી જ લીદ કરે છે. બાકીના બધા ખોરાકને પોતે પચાવી લોહી કરી નાખે છે. બીજું કારણ તે સિંહણનું દુધ છે. કવિ દયારામે પ્રેમના ગુણ ગાતાં ગાયું છે કે

સિંહણ કેરૂં દુધ હોય તે સિંહણસુતને જરે;
કનકપાત્ર પાખે, સહુ ધાતુ ફોડીને નીસરે.

સિંહણનું દુધ એટલું જલદ હોય છે કે સિંહનું બચ્ચું જ તે જીરવી શકે; અને કવિ વધુ કલ્પના કરે છે કે એ દુધ માત્ર સોનાના વાસણમાં જ રહી શકે; બીજી ધાતુનું વાસણ હોય તો તે ફોડીને દુધ નીકળી જાય! સિંહણના દુધનો આ મહીમા છે.

આપણે ઘણીવાર વીર રજપુતાણીઓને સિંહણની ઉપમા આપી છે; અને તેથી જ ક્ષત્રિય કુમારોના નામ પાછળ 'સિંહ' શબ્દ મુકવાનો રીવાજ પડયો છે.

સિંહની ચરબી એટલી ગરમ છે કે સાંધાવાળા દર્દીઓ સાંધાના સોજા કે દુખાવા ઉપર તેનો લેપ કરે છે. સિંહના પગના નખ લીસા ને ઘાટીલા હોય છે. તેમને સોને મઢાવી ઘણાં માબાપો તે પોતાનાં બાળકોને ગળે ઘાલે છે, ને માને છે કે એથી બાળક બીએ નહિ.

ઉપર આપણે જાણી ગયા તેમ, જંગલનાં પ્રાણીઓને સિંહની વાસ આવે છે. સિંહ જેવો ગુફામાંથી બહાર નીકળે છે કે તરત જ બીજાં પ્રાણીઓ ને પક્ષી ભયસૂચક ચિત્રવિચિત્ર અવાજ કરે છે. તે જે રસ્તેથી ચાલતો હોય છે તેની ઉપરનાં ઝાડ પર પક્ષીઓ ને વાંદરાં વગેરે બીકથી અવાજ કરતાં નાસભાગ કરે છે. આ ઉપરથી સિંહ કયા સ્થળમાં છે તે શીકારીઓ સહેલાઇથી જાણી શકે છે. આટલા માટે જ સિંહ હમેશાં બહાર નીકળે છે ત્યારે પોતાની વાસ છુપાવવા માટે સાવચેત રહે છે.

સિંહનો શીકાર કરવો એ કંઈ રમતવાત નથી. એ એટલું પ્રતિભાવાળું અને રૂઆબદાર પ્રાણી છે કે કાચાપોચા માણસો તો એને જોઇને જ પલાયન કરી જાય. એ જ્યારે વિકરાળ બને છે ત્યારે તો ભલભલા છાતીવાળા માણસોના પણ પગ ઢીલા થઇ જાય છે. એ વીશે એક સજ્જને વર્ણવેલો એક કીસ્સો જાણવા જેવો છે.

થોડા વખત પર એક અંગ્રેજ દાક્તર સાહેબ અને તેમનાં મડમ ઈંગ્લંડથી અહીં આવેલાં. તેમને શીકારનો બહુ શોખ હતો. ઈંગ્લંડમાં સસલાં કબુતર ખુબ મારેલાં, એટલે એમના મનમાં કે સિંહનો શીકાર પણ સહેલાઇથી થઇ શકતો હશે.

સિંહનો શીકાર કરવા માટે કાઠીઆવાડના પોલિટિકલ એજન્ટની ભલામણ-ચીઠ્ઠી લઈ એ

મહારાજા સાહેબ પાસે આવ્યા. મહારાજાએ કૅપ્ટન સાહેબ તથા બીજા એક કસાએલા શીકારીને હુકમ કર્યો કે જાઓ, આ સાહેબને સિંહનો શીકાર કરાવજો.

દેશી રાજાઓ ઘણુંખરું પોતાના રાજ્યમાં આવેલાં જંગલોમાં શીકારને યોગ્ય સ્થળો પસંદ કરી ત્યાં કાયમના શીકારના માચડા તૈયાર બંધાવી જ રાખે છે. આ માચડાથી કોઇ રીતે જાતનું રક્ષણ થતું નથી; પરંતુ શીકાર ઉંચા ઘાસમાં ચાલતો હોય છે ત્યારે આ માચડા પરથી તેના પર સહજ નજર રહે છે. જંગલી પ્રાણી સાધારણ રીતે ઉંચે નજર કરતું નથી; એટલે બંદુકનો અવાજ ન થાય ત્યાંસુધી માચડા પર બેઠેલા શીકારીની તેને ખબર પડી શકતી નથી; અને શીકારી પણ, ગોળીબાર થઈ શકે એટલી હદમાં શીકાર આવે ત્યાંસુધી સલામતીથી તેની રાહ જોઇ શકે છે. ભોગજોગે જો તે નીશાન ચુક્યો તો તો તેનું આવી જ બન્યું સમજવું. જો શીકારી સાવચેત ન હોય તો નીશાન ચુક્યા પછી તે બચી શકવો મુસ્કેલ. કારણકે માચડા બહુ ઉંચા હોતા નથી, ને જંગલી પ્રાણી સહેલાઇથી ત્યાં તરાપ મારી પહોંચી શકે છે.

જંગલનાં પ્રાણીઓનો એવો સ્વભાવ હોય છે કે કાંઇ પણ અજાણી વસ્તુ કે નવીનતા નજરે પડે એટલે તેથી ઉલટી દિશામાં તે નાસે છે. શીકારીઓ તેમની આ ટેવથી જાણીતા હોવાથી તેઓ માચડા તરફનો રસ્તો ખુલ્લો રાખે છે, અને સામેની બાજુએ લાલ વાવટા ખોડે છે, તાપણાં સળગાવે છે ને ઢોલ-ત્રાંસાના અવાજ કરે છે. એટલે પ્રાણી તેથી ચમકીને ખુલ્લી રાખેલી માચડાની દિશા તરફ દોડે છે: ત્યાં શીકારી તેની રાહ જોઇને જ બેઠા હોય છે.

પેલા દાક્તર સાહેબ અને તેમનાં મડમને આવા એક માચડા પાસે લઇ જવામાં આવ્યાં. મહારાજા સાહેબનો હુકમ હતો કે સાહેબ અજાણ્યા છે, માટે એક માચડા પર સાહેબની જોડે કૅપ્ટને બેસવું, અને બીજા માચડા પર એમની મડમની જોડે પેલા શીકારીએ રહેવું. પણ સાહેબ તો હઠ લઈ બેઠા કે હું ને મારી મડમ બંને એકલાં એક જ માચડા પર બેસીને શીકાર કરીશું. બીજા કોઈની દખલ અમારી જોડે નહિ. નહિતો અમારે શીકાર નથી કરવો.

નાઇલાજ બની કૅપ્ટન સાહેબે તે પ્રમાણે બેઠક ગોઠવી, અને પોતે તથા શીકારી થોડે દૂર જુદા માચડા પર બેઠા. પછી સીસોટી વગાડી નોકરોને હુકમ આપ્યો કે શીકારને આ તરફ હાંકો.

હુકમ મળતાં જ નોકરોએ શોરબકોર કરી સિંહને જગાડયો. ચમકેલો સિંહ સીધો માચડા તરફ જ આવ્યો. કૅપ્ટન સાહેબનો માચડો પહેલો આવતો હતો. તેમણે સિંહને સાહેબના માચડા તરફ પસાર થતો જોયો. પણ બહુ વાર થઇ છતાં ન સંભળાયો બંદુકનો અવાજ, કે ન દેખાયો સિંહ!

કૅપ્ટન આશ્ચર્યમાં પડયા. એટલામાં મડમની ચીસો સંભળાઇ. શીકાર વખતે એવો કડક નિયમ હોય છે કે શીકાર મરે નહિ ત્યાં સુધી કોઇથી માચડા નીચે ન ઉતરાય. પણ મડમની ચીસો સાંભળી કૅપ્ટન સાહેબને ફાળ પડી અને તે માચડા પરથી નીચે ઉતર્યા.

બહુ જ સાવચેતીથી તે સાહેબના માચડા તરફ ગયા. જુએ છે તો સાહેબ માચડામાં ન મળે! એકલી મડમ ચીસો પાડતી હતી. કૅપ્ટન સાહેબે વિચાર્યું કે રખેને સિંહ સાહેબનો જ શીકાર ન કરી ગયો હોય! તેમણે મડમને શાંત પાડી પુછ્યું કે સાહેબ ક્યાં? મડમના કહેવા પરથી સમજાયું કે સિંહને પસાર થતો જોતાં જ સાહેબ થંભી ગયા અને બીકથી બેહોશ થઇ માચડા નીચે પડયા. સિંહ ચાલ્યો ગયો હતો, ને સાહેબ માચડા નીચે હજુ બેભાન દશામાં જ પડ્યા હતા. તેમને પાણી છાંટી શુદ્ધિમાં આણ્યા.

પછી સાહેબને પુછ્યું તમે ફરીથી માચડા પર બેસો, અમે તમારી સાથે રહીએ અને સિંહને આ તરફ ફરીથી હંકારી શીકાર કરીએ. પણ સાહેબે તો ચોક્ખી ના જ પાડી, અને કહ્યું કે મારે સિંહનો શીકાર નથી કરવો; મને જલદી ઘેર જ લઇ ચાલો.

સામાન્ય રીતે એવું મનાય છે કે સિંહને નાનપણથી પાળીને હેળવીએ તોપણ એ ગમે તે વખતે પોતાનો મુળ સ્વભાવ ધારણ કરે છે; અને એ વેળા કોઇ પણ

તેને કાબુમાં રાખી નથી શકતું. આ કદાચ સાચું હોય. પરંતુ સિંહ એટલું ખાનદાન અને ગૌરવશીલ પ્રાણી છે કે એને શુદ્ધ પ્રેમથી હેળવ્યું હોય તો તે હળી શકે છે.

પેલા ગુલામની વાત તો આપણે સૌ જાણીએ છીએ. પોતાના શેઠના જુલમથી એ જંગલમાં નાસી ગયો. ત્યાં કોઇ સિંહ ખોડંગતો ખોડંગતો એની પાસે આવ્યો ને એની આગળ પોતાનો પગ ધર્યો. ગુલામે જોયું તો તેમાં કાંટો ભાંગ્યો હતો. તેણે કાંટો કાઢી પાકેલા પગમાંથી પરૂ કાઢી સાફ કરી પાટો બાંધ્યો. થોડા વખતમાં સિંહનો પગ રૂઝાઇ ગયો.

વખત જતાં પેલો ગુલામ પાછો એના શેઠના હાથમાં પકડાયો, અને નાસી જવા માટે એને ભુખ્યા સિંહના પીંજરામાં પુરીને મારી નંખાવવાની સજા થઇ. લોકોની મેદની એ જોવા મળી. ગુલામને સિંહના પીંજરામાં પુરવામાં આવ્યો. આઠ દહાડાનો ભુખ્યો ડાંસ સિંહ વિકરાળ બની તેના પર કુદી આવ્યો. પણ આ શું ? સિંહ તો ગુલામને મારી નાખવાને બદલે તેને સુંઘી તેનું શરીર ચાટવા લાગ્યો ! એ પેલો જ સિંહ હતો, જેના પગમાંથી એ ગુલામે જંગલમાં કાંટો કાઢયો હતો. લાંબે વખતે પણ સિંહે પોતાના પર ઉપકાર કરનારને ઓળખી કાઢયો.

રોઝા બૉન્હર નામની એક બાઇને જંગલી પ્રાણીઓ પાળવાનો બહુ શોખ હતો. એક વખત તેણે 'નીરો' નામનો એક મોટો વિકરાળ સિંહ ખરીદ્યો. લોકો કહેતા કે તે સિંહ બહુ ક્રૂર અને ન હળી શકે તેવો છે. પણ રોઝાએ પ્રેમ, માયાળુપણા ને નમ્રતાથી તે પ્રાણીને કેળવ્યું.

રોઝા મુસાફરીએ જવા નીકળી ત્યારે તેણે તે સિંહ પારિસમાં જૉર્ડિન નામના માણસને વેચ્યો. બે વર્ષ પછી તે પાછી આવી ત્યારે તેને માલુમ પડયું કે નોકરોના જુલમ અને ક્રૂરતાથી તે સિંહ આંધળો થઇ ગયો હતો. રોઝા તે સિંહના પાંજરા પાસે ગઇ અને ' નીરો ' કહીને હાંક મારી. આ શબ્દ સાંભળતાં-વેંત જ તે બીમાર વનરાજ પીંજરાના સળીઆ તરફ એટલા જોરથી પ્રેમપૂર્વક ધસ્યો કે તેનો ધક્કો લાગવાથી તે અથડાઇને પાછો પડયો, અને એક વિચિત્ર અવાજ કાઢી અધમુઓ થઈ પડયો. જ્યારે જ્યારે રોઝા બહારથી આવતી ત્યારે તેને આવકાર આપવા તે આવો અવાજ કાઢતો.

સિંહની આ દશા જોઇ રોઝાને એટલી બધી લાગણી થઇ આવી કે તેણે તે પાછો ખરીદી લીધો. તે એને ઘેર જ મરણ પામ્યો. મરતી વખતે તેણે પોતાના પંજા પોતાની સ્નેહાળ શેઠાણીના ખોળામાં મુક્યા હતા; કેમ જાણે દીનતાથી આજીજી કરતો ન હોય, કે મારો કદિ ત્યાગ ન કરશો.


રોઝા કહેતી કે વિશુદ્ધ નિર્મળ પ્રેમ ગમે તેવા ભયંકર જંગલી પ્રાણીને પણ વશ કરી શકે છે.

ગણિત-ગમ્મત

૪૫ ને એવી ચાર રકમમાં વહેંચી નાખો કે પહેલી રકમ+૨=બીજી રકમ−૨=ત્રીજી રકમ×૨=ચોથી રકમ÷૨

ગઈ વખતના કોયડાનો જવાબ

પહેલાં સામેની ટોપલીમાં તોપનો ગોળો મુકીને છોકરો નીચે ઉતર્યો. પછી રાણીએ અને છોકરીએ ઉપલી ટોપલીમાંથી ગોળો લઇ લીધો અને સામી ટોપલીમાં છોકરાને રહેવા દઈ છોકરી નીચે ઉતરી. એટલે છોકરો ઉપર આવ્યો. તેણે એકલો ગોળો ટોપલીમાં નીચે ઉતાર્યો. ગોળો નીચે આવ્યો એટલે નીચે છોકરી, ટોપલીમાં ગોળાને રહેવા દઇ તે જ ટોપલીમાં ગોળા સાથે પોતે બેઠી; એટલે ઉપર સામી બાજુએ રાણી બેસીને નીચે ઉતરી, ને છોકરી ગોળા સાથે ઉપર ગઈ. ફરી પાછો એકલા ગોળાને ટોપલીમાં નીચે ઉતાર્યો; ને ગોળાને ટોપલીમાં રહેવા દઇ સામેની ટોપલીમાં બેસીને છોકરો નીચે ઉતર્યો અને ગોળો ઉપર આવ્યો. પછી, છોકરાને એમ ને એમ ટોપલીમાં રાખી, ગોળાને કાઢી લઇ તેને બદલે છોકરી બેસીને નીચે ગઇ અને છોકરો ઉપર આવ્યો. પછી સામેની બાજુએ ગોળાને મુકીને છોકરો પણ નીચે ઉતરી ગયો.



વનરાજ

ગરીબની દાઝ

ધ્યાનમાં રાખજો કે તમે ગરીબોને માટે છો, ગરીબોની સેવા એ જ તમારું વ્રત છે. ગરીબોની દાઝ આજ કોઇને નથી. દાન ઘણા લોકો કરે છે, પણ દાનથી કંઈ ગરીબ તે ગરીબ મટી જવાના હતા ?

ગરીબોને ગરીબ રાખનાર આપણે જ છીએ. ગરીબો સામે ન થાય, વીફરે નહિ, માટે આપણે તેમને દાનનો ટુકડો નાખીને રીઝવીએ છીએ. દુનીઆનો બોજો ઉપાડનાર ગરીબો છે. સરકાર ચાલે છે તે કોને આધારે? પૈસાદાર પાસેથી લીધેલા ટૅક્સને આધારે નહિ, પણ ગરીબ ખેડુતે આપેલા પાઇપૈસા પર સરકાર નભે છે. અનાજ પણ ગરીબો જ પકવે છે; નાણાંનું વ્યાજ તે ગરીબોની જ મહેનતમાંથી આવે છે; મીલમાં માલ સસ્તો તૈયાર થાય તેનો બોજો પણ ગરીબો પર છે. ગરીબોની દાઝ તમારા મનમાં રહે એ મુખ્ય વસ્તુ છે. એ આજનો યુગધર્મ છે.

ગરીબોની દાઝમાં આ રાષ્ટ્રનો ઉદ્ધાર છે. ગરીબોને કોણ નથી રીબાવતું ? ધર્મગુરુઓ, સાધુસંતો, મહારાજો, શંકરાચાર્યો, વલ્લભાચાર્યો, ઉપદેશકો, સરકાર, વાણીઆ, કાયદાકોર્ટો, દુકાળ,—બધાં જ એમને દબાવે છે, ડરાવે છે. એટલું ઓછું હોય તેમ ધર્મપ્રચારકો એમાં જાતજાતની બીકોનો ઉમેરો કરે છે. તારા, શનિ, મંગળ, બળીઆકાકા, એ બધાંની બીક. જ્યાં જાય ત્યાં એમને તો બીક, બીક ને બીક જ ભરેલી છે.

સમાજ પણ એ દબાએલાંને દબાવે છે. રેલવે કંપની ભાડું વધારે તો કાંઇ ન બોલાય. પણ મજુરને બે પૈસા વધારે ન અપાય. વીલાયતી માલની દુકાનમાં ભાવની રકઝક કરીએ તો પ્રતિષ્ઠા ઓછી થાય; પણ શાકબજારમાં કેટલી રકઝક કરીએ છીએ ! વખત છે ને શાકવાળી છેતરે તો ? એ બાઇ બીચારી છેતરીછેતરીને કેટલુંક છેતરવાની હતી ? બહુબહુ તો બે આના. અને એ બે આના તે શા માટે મેળવે છે ? જીવવા કે મોજમઝા કરવા ?


તમને લાગશે કે આ મહત્ત્વનો સવાલ નથી; પણ એમાં જ દેશનું ભાવિ રહેલું છે. ગરીબોની દાઝ ભુલીને આપણે નિષ્ઠુર બન્યા છીએ. મારા એક વરસના જેલનિવાસ દરમીઆન મેં જોયું છે કે ગરીબો જ જેલમાં આવે છે. કોણ છાતી પર હાથ રાખીને કહી શકે એમ છે, કે ગરીબો વધારે ગુનેહગાર છે અને પૈસાદાર નથી ? પૈસાદારો પૈસાની મદદથી સજામાંથી છટકી જાય છે ને ગરીબ લોકો જ સપડાય છે. ગરીબો તેટલા જ સાબરમતી જેલમાં આવે છે. અને ત્યાં પણ એમના નસીબે મુસીબતો અને જુલમો જ લખેલાં હોય છે. કાયદાનો પણ અમલ કરનાર તો માણસ જ હોય છે ને ? સજામાં પૈસાદાર ગરીબ બંને સરખા છે, પણ જેલમાં તો પૈસાદાર માણસ સહેલાઇથી સગવડો મેળવે છે, મુસીબતોમાંથી છટકી જાય છે, ને બીચારા ગરીબો જ સજાઓ ભોગવે છે.

ગરીબોનો બેલી આજે કોઈ નથી. એવી દશામાં વિદ્યાર્થીઓ આગળ હું કઈ 'કરીઅર' મુકું ? જેમને ગરીબોની દાઝ છે એવાઓને માટે તો એક જ કરીઅર છે. શ્રુતિ કહે છે देवो भूत्वा देवं यजेत् । માણસમાં ઈશ્વરી ગુણ આવે, તેના પર ખુદાઈ નૂર વરસે તો જ એ પાક છે. એ પ્રમાણે હું કહું છું કે ગરીબ થઇને જ આપણે ગરીબોની સેવા કરીએ. પેલા બીચારા લાચારીથી ગરીબ થાય છે; આપણે સ્વેચ્છાપૂર્વક ગરીબાઈ સ્વીકારીએ. આપણી તાકાત છતાં આપણે પૈસા મેળવવાની શરતમાં ન દોડીએ, અને ગરીબ થઇને, ગરીબાઇનાં કષ્ટો વેઠીને ગરીબોની દાઝ પ્રદર્શિત કરીએ. देवो भूत्वा देवं यजेत् એ સનાતન સિદ્ધાન્ત હોય તો दीनो भूत्वा दीनं सेवेत એ આજનો યુગધર્મ છે. એ કરીઅર વિદ્યાર્થીઓ આગળ રહે તો આ દેશનો ઉદ્ધાર થવાનો છે.

દુકાળમાં પણ અનાજ પેદા કરનાર લોકો જ મરે છે. કેટલું દુર્દૈવ ! જેલમાં રાવજી કરીને એક ભીલ કેદી હતો. તે પોતાની બહાદુરીનું વર્ણન કરતાં મને કહેતો હતો કે મેં ત્રણ દુકાળમાં મારાં બાળબચ્ચાંને જીવતા રાખ્યાં. આ વાતમાં તે અભિમાન લેતો હતો! એની કરુણ કહાણી સાંભળીને મારી ઓરડીમાં જઇને હું રોઈ પડ્યો. ત્રણ દુકાળમાં પોતાના બાળબચ્ચાંને બચાવ્યાં એમાં માણસને અભિમાન લેવું પડે એ સ્થિતિ કેવી ! એ સ્થિતિમાં માણસ પૈસાદાર થવા માગે, કરીઅર ખોળે, હજાર માગે, દસ હજાર માગે એનો અર્થ શો ? ગરીબોને મદદ કરવાની તો દૂર રહી, પણ ગરીબોને કુટીએ ત્યારે જ તે કામ આપે એમ માનનારા પણ ઓછા નથી. મરાઠીમાં એક કહેવત છે કે 'ખેડુત જેવો દાતા નહિ, પણ માર્યા વિના દેતા નહિ.' આ રાક્ષસી સિદ્ધાન્ત જ કાયમ રહેવાનો હોય તો સ્વરાજ્ય ક્યારે મળશે, કઈ રીતે મળશે અને શા માટે મળશે ? ગરીબોની દાઝનો એક જ ધર્મ આપણે પાળતા થઇ જઇશું, તો બાકીનું બધું તો મળી રહેશે અને ઇશ્વરનો આશીર્વાદ મળશે.

[ઉમરેઠના ત્રીજા વિદ્યાર્થી-સંમેલનના પ્રમુખપદેથી]

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



વિજ્ઞાન એ શું છે?



'કુમાર' વાંચનારાં કુમારકુમારિકાઓ, 'વિજ્ઞાન' એ શબ્દથી તો તમે હવે અજાણ્યાં નહિ જ હો. કારણકે તમારી સેવામાં તથા તમારા વિનોદને માટે 'કુમાર'ના અંકોમાં વિજ્ઞાનની કાંઈ ને કાંઈ હકીકત આપવા ને તંત્રી-મંડળ હમેશ ઉત્સુક રહે છે. પરંતુ તેમ છતાં હું કહી શકીશ કે તમે ઉપરના સવાલનો જવાબ આપવા જશો તો તમારામાંથી ઘણાં જણ મુંઝવાશે. એમાં તમારો દોષ નથી. તમારાથી મોટી વયનાં માણસો પણ એવી જ મુશ્કેલીમાં આવી પડે. કારણકે ઘણીવાર એવું બને છે કે આપણે અમુક ચીજ વીશે વારંવાર વાંચ્યું હોય કે સાંભળ્યું હોય, છતાં તે ઉપર જ એવો વિચાર ન કર્યો હોય કે તેની સ્પષ્ટ છાપ આપણા મનની ઉપર પડે.

તે ઉપરાંત વિજ્ઞાન એ એવો વિષય છે કે જેઓએ તે વીશે કાંઇ સાંભળ્યું હોય તેઓને યે હમેશાં તેનો પુરેપુરો ખ્યાલ આવતો નથી. કેટલાકને તો તે વીશે ખોટા જ ખ્યાલો હોય છે, અને તેથી તેઓની હાલત તો ઉલટી વધારે ખરાબ છે. વળી, આવા અધુરા તથા અસત્ય ખ્યાલો ઉત્પન્ન થવાનું બીજું એક કારણ પણ છે. તે એ કે વિજ્ઞાનની ખરેખરી આબાદી તથા વિજ્ઞાનનો સારામાં સારો અભ્યાસ અત્યારે આપણા દેશમાં—ગુજરાતમાં કે હીંદુસ્તાનમાં નથી. તે તો યૂરોપ અમેરિકામાં છેલ્લાં લગભગ બસેં વર્ષમાં એટલી સારી રીતે થએલ છે કે તે પહેલાં કેટલીક બાબતમાં આપણે આગળ હતા તોપણ આ બે સદીઓમાં આપણે તે દેશોનો સાથ રાખી શકયા નથી, એટલું જ નહિ પણ ઉલટા બહુ જ પાછળ પડી ગયા છીએ.

ખરેખર આખા એશીઆ ખંડને માટે ય આપણે એ જ કહી શકીએ. જે વખતે અમેરિકા જાણીતો પણ નહોતો, ને યૂરોપ અંધારામાં હતો તે વખતે એશીઆ ખંડના જુદા જુદા પ્રદેશોમાં તથા આફ્રીકાના મિસર (અથવા ઇજીપ્ત) નામના દેશમાં એવી આબાદી, એવી સંસ્કૃતિ, એવાં કળાકૌશલ્ય ને એવાં જ્ઞાનવિજ્ઞાન હતાં કે તેના નમુનાઓ તથા પુરાવાઓ વીસમી સદીનાં માણસોને ય ચકિત કરી મુકે છે.

પણ તે દિવસો ગયા. હજારો વર્ષો વીતી ગયાં, ને આપણે આપણી શક્તિ ને જ્ઞાન ખોયાં. સૌથી પહેલું જાપાન જાગ્યું: પહેલું એ કેમ જાગ્યું, ને જાગીને ય આવી સરસ રીતે યૂરોપ અમેરિકાના દેશોને કેવે પ્રકારે તેણે પકડી પાડયા એ વાતો બહુ સમજવા જેવી છે. તે તમે બીજે સ્થળેથી જાણી શકશો. હવે હીંદ, ચીન, ઇરાન ને અફઘાનિસ્તાનમાં પણ જાગૃતિની ચળવળ સ્પષ્ટ દેખાય છે. આપણા દેશમાં વિજ્ઞાનના અભ્યાસીઓ વધ્યા છે, વિજ્ઞાનનું શિક્ષણ સુધર્યું છે ને વધ્યું પણ છે, તથા–સૌથી વધારે મહત્ત્વનું જે છે તે—વિજ્ઞાનની શોધખોળ પણ પાછી ચાલુ થઇ છે. 'શરૂ' થઇ છે એમ હું જાણી જોઇને નથી કહેતો: કારણકે શરૂ તો તે હજારો વર્ષો પહેલાં થએલી જ હતી; ને પ્રાચીન હીંદે વિજ્ઞાનના આરંભમાં તેને કંઇ જેવુંતેવું પોષણ આપ્યું નહોતું. પણ આ વચગાળામાં તે અટકી ગઇ, દબાઇ ગઈ, અને હવે જ પાછી ચાલુ થવા લાગી છે. રામાનુજમ્, બોસ, રાય, રામન અને તેઓનાથી વધારે નાના ઘોશ, મેઘનાદ, શાહ વગેરે યુવકોની શોધખોળો સંખ્યામાં તેમ જ મહત્ત્વમાં વધતી જ જાય છે. તે છતાં આપણા-થી ના પડાય એમ નથી કે હજી આપણે બહુ જ

પાછળ છીએ. બીજા દેશોમાં વિજ્ઞાન મોટાર તથા વિમાનની ઝડપે વધે છે, ત્યારે આપણું અટકી ગએલું ને બહુ પાછળ રહી ગએલું વિજ્ઞાનનું ગાડું હજી તો ફરી ચાલતું જ થયું છે.

તે છતાં આપણી આશા બળવાન છે, હીંમત અખુટ છે, ને શ્રદ્ધા ચિરંજીવ છે. હજારો વર્ષો થયાં જીવતી આપણી વૃદ્ધ પ્રજા પાછી તરુણ બની છે–બનવા લાગી છે, અને આ નવું યૌવન આપણા પુરાણપ્રસિદ્ધ સત્ત્વને ફરીથી ચંચળ, તેજસ્વી તથા પ્રવૃત્તિમાન બનાવશે. જે શ્રદ્ધા રાજકીય જીવનમાં ફેરફાર કરી રહી છે તે વિજ્ઞાનસિદ્ધિમાં પણ પ્રગટ થઇ છે.

આ વિજ્ઞાનનું ખરૂં સ્વરૂપ શું? અંગ્રેજીમાં તેને 'સાયન્સ' કહે છે. એ શબ્દ 'સાયેન=જાણવું' એ ધાતુ ઉપરથી આવ્યો છેઃ તે જ રીતે વિજ્ઞાન એ શબ્દ 'જ્ઞા=જાણવું' એ સંસ્કૃત ધાતુ ઉપરથી આવ્યો છે.

પણ અંગ્રેજીમાં 'નૉલેજ' કરીને બીજો એક શબ્દ એવા જ અર્થનો છે, ને આપણે ત્યાં એવો જ 'જ્ઞાન' શબ્દ છે. નૉલેજ' ને 'સાયન્સ' માં શો ફેર? તેમ 'જ્ઞાન' ને 'વિજ્ઞાન' માં શો ફેર? એ સવાલ તમે વ્યાજબીરીતે પુછી શકશો.

આ તફાવત સ્પષ્ટ કરવા માટે એક પરિચિત દાખલો લઇએ. ટપાલ ઑફિસમાં ટપાલની પેટીમાંથી કાઢેલા બધા કાગળો, બુકપોસ્ટો, પાર્સલો વગેરેનો એકસામટો એક ઢગલો એકવાર નીહાળો : બીજીવાર એના એ ઢગલામાંની જ ચીજોને જાત પ્રમાણે, ગામ પ્રમાણે, પોતપોતાનાં ખાનાંઓમાં ગોઠવાએલી જુઓ. હવે દરેક ચીજ પોતાને જ યોગ્ય સ્થાને છેઃ એટલું જ નહિ પણ દરેક ચીજનો બીજી ચીજો સાથેનો સંબંધ બરોબર જાણીતો તથા મુકરર થએલો છે. આવો કાંઇક તફાવત સાધારણ 'નૉલેજ' ને 'સાયન્સ' ની વચ્ચે, સાધારણ 'જ્ઞાન' ને વિશિષ્ટ જ્ઞાન 'વિજ્ઞાન' ની વચ્ચે સમજી શકાય.

આ પ્રમાણે વિજ્ઞાનની વ્યાખ્યા ઘણીવાર એમ અપાય છે કે તે વ્યવસ્થિત થએલું જ્ઞાન છે. તેમાં હકીકતો, કલ્પનાઓ, તર્ક, સિદ્ધાન્તો વગેરે સર્વ પોતપોતાની ખરી કીમત પ્રમાણે ગોઠવાએલાં ને જુદાં પાડેલાં છે. આપણે શું શું જાણીએ છીએ તે આપણે જાણીએ, એટલું જ નહિ પણ તે કેટલે અંશે ચોકસ છે, કેટલે અંશે પુરવાર થએલું છે, કેટલે અંશે પ્રત્યક્ષ પ્રમાણો છે, કેટલે અંશે અનુમાનો છે, તે પણ વિજ્ઞાનના અભ્યાસી તરીકે આપણે જાણીએ.

તમે પોતે જ જોઈ શકશો કે આપણી પાસે બે પદાર્થો હોય, ને તેમાં આપણને એક ભારે ને બીજો હલકો લાગે. આ સાધારણ જ્ઞાન થયું. પણ તે ઉપરાંત આપણે જો જાણી શકીએ કે દરેકનું શું વજન છે, તેમાં કેટલો તફાવત છે, તો એ વધારાનું જ્ઞાન થયું. તે ઉપરાંત આપણે એમ કરી શકીએ કે બંનેનાં એકસરખાં કદ લઇ તેના વજનનો તફાવત જોઇએ—એક લોટો ભરેલા ઘાસતેલનું વજન, તે જ લોટો ભરીને પાણીનું વજન, ને તે જ લોટો ભરીને દુધ, તેજાબ વગેરે બીજી પ્રવાહી ચીજોનું વજન લઇએ, ત્યારે આપણું પહેલું જ્ઞાન કેટલું વધારે સ્પષ્ટ ને ચોકસ થાય છે!

આ ચોકસાઇની જરૂરીઆત વિજ્ઞાનને એટલી બધી છે કે લૉર્ડ કેલ્વિન નામનો નામાંકિત વિજ્ઞાનશાસ્ત્રી કહેતો કે You never know a thing well, till you know it quantitatively. 'જ્યાંલગી આપણે કોઈ ચીજને બરોબર માપસર જાણતા નથી, ત્યાંલગી આપણે તેને બરોબર પણ જાણતા નથી.'

આપણી આ શક્તિની ખામી મહાવરા તથા તાલીમની ખામીને લીધે છે. તાજમહેલ જેવા ઉંચા મંદિરમાં જઇને જુદાજુદા મીનારા કે શિખરોની ઉંચાઇ વીશે આપણે સવાલ કરીએ તો જણાશે કે લોકોને ઘણીવાર ૨૫–૫૦ ફુટ જેટલાનો તફાવત પણ માલુમ પડતો નથી. આપણા વિકાસની આ ખામી વિજ્ઞાનનો યોગ્ય અભ્યાસ પુરી શકે.

વિજ્ઞાન આ પ્રમાણે ચોકસાઇ ઉપર, પ્રમાણો ઉપર, પ્રયોગો ઉપર ઘણો આધાર રાખે છે, અને તેનું મુખ્ય કારણ એ જ છે કે સત્યની પ્રાપ્તિને માટે એ જ ખરેખરાં સાધન છે. સત્યના મંદિરને પામવાને માટે એ માર્ગ વિના બીજો કોઇ હોઇ શકે નહિ એમ તે માને છે.

એનો ઉદ્દેશ તો સત્યની જ શોધ તથા સત્યની જ પ્રાપ્તિ છે. વિશાળમાં વિશાળ અર્થમાં જેને કુદરત સમજી શકીએ, ને જે આપણી આસપાસ અનન્ત રૂપે ને અસંખ્ય રંગે વીંટળાએલી છે તેની સાચી ઓળખ કરવી એ વિજ્ઞાનનો પરમ પ્રયાસ છે. તેથી કરીને શોધખોળ એ તો એનો રોજનો ધંધો છે. અવલોકન, અનુમાન, પ્રયોગ, તુલના એ સર્વ તો વિજ્ઞાનવાદીનો રોજનો ખોરાક છે.

વિજ્ઞાનવાદી જાણે છે કે માણસ સંપૂર્ણ નથી. તેની શક્તિ ટુંકી છે, આયુષ્ય અલ્પ છે, તે આયુષ્યમાં પણ શોધખોળને માટેનો અવસર તેથી યે વિશેષ કમ છે, ઇન્દ્રિયોની શક્તિ મર્યાદિત, છે તેમ બુદ્ધિ, વિચારશક્તિ વગેરે પણ અમુક હદ લગી જ જાય છે. કુદરતના તથા વિશ્વના ભેદો ઉપરથી બધો પડદો ઉઠી જાય અને બધું જ્ઞાન પોતાને મળી જાય એવી સ્થિતિ કોઇ દિવસ પણ તે જોઇ શકશે કે કેમ તે વીશે તેને જરા યે ખાતરી નથી—કાંઇ ખાતરી હોય તો તે ઉલટી જ છે. તે છતાં અડગ શ્રદ્ધાથી, પોતાના પહેલાંના ભાઇબંધોએ કરેલી શોધોનો લાભ લઇને, તથા બીજાઓની સાથે સહચાર કરીને, જરા જેટલો ય પ્રકાશ પોતે પાડી શકે, તો તે માટે તે ભગીરથ શ્રમ ઉઠાવે છે. આમ કરવામાં ઘણાઓએ જીંદગીનાં બીજાં સુખો તથા લાલચોની સામે પણ જોયું નથી, ને ઘણીવાર અતિ કઠિન તપ, તીવ્ર નિરાશાઓ, અસહ્ય હાડમારીઓ તથા સામાજિક અને 'ધાર્મિક' ત્રાસ પણ વેઠ્યાં છે.

વિજ્ઞાનની એ પણ શ્રદ્ધા છે કે સત્ય તથા સત્યનું જ્ઞાન સ્વયમેવ કલ્યાણકર છે. તેથી તે વ્યાવહારિક ફાયદાઓ તથા સગવડોનો પ્રધાનપણે વિચાર કરતું નથી. કેટલાક શોધકો, ખરી વાત છે કે ઉપયોગિતાના વિચારથી પ્રેરાયા હોય છે, ને પોતાના અથવા પોતાની પ્રજાના ફાયદાઓના લોભથી દોરાઇને શોધખોળ કરે છે. તે છતાં એ નિર્વિવાદ છે કે તેઓના શોધખોળનો ઘણો આધાર એવી બીજી શોધો ઉપર રહેલો હોય છે કે જે બીજા માણસોએ કેવળ વિજ્ઞાનનાં સંશોધન કરતે કરતે જ તથા

નફાતોટાના વિચાર વિના જ કરેલી હોય.

આ પ્રમાણે, વિજ્ઞાન માનવ જાતિને કે જગતને હિતકારક થયું છે કે નહિ તે સવાલ વારંવાર તથા બહુ જુદી જુદી રીતે ચર્ચાય છે. તે વેળાએ સૌથી પહેલું યાદ રાખવાનું આ છે કે વિજ્ઞાનનો ખરેખરો ને છેલ્લામાં છેલ્લો હેતુ સત્યની પ્રાપ્તિ છે: વ્યાવહારિક ફળો સારાંનરસાં તેમાંથી જે નીપજ્યાં હોય તે ગૌણ વાત છે. તેની પ્રધાન વૃત્તિ, ને જે એક જ વૃત્તિ વિજ્ઞાનનેસજીવ રાખે છે તથા લડતા વઢતા દેશોમાંના વિજ્ઞાનશાસ્ત્રીઓને હજી ભેગા રાખે છે તે આ જ છે.

આનો અર્થ એમ નથી કે વિજ્ઞાનથી કાંઇ હિત અહિત થયું નથી કે થઇ શકતું નથી. ઉલટું બંને તરફના આગ્રહી પક્ષકારો તમે સાંભળશો. એક પક્ષ વિજ્ઞાને કરેલ સંહાર, નાશ પીડા, ત્રાસ વગેરેના જ પોકાર ઉઠાવ્યા કરે છે, દરેક લડાઈ તરફ આંગળી બતાવે છે, દરેક પ્રજાની લશ્કરી તૈયારી તરફ ધ્યાન ખેંચે છે, ને પોતાના 'બચાવ'ના બહાના હેઠળ દરેક પ્રજા બીજીઓના સંહાર કરવામાં વિજ્ઞાનનો જે કસ કાઢે છે—યુદ્ધમાં તેમજ સુલેહના વખતમાં—દારૂગોળા, બૉમ્બ, ઝેરી વાયુઓ, વિમાનો વગેરેથી કે પછાત પ્રજાઓ ઉપર સત્તા મેળવી રેલ્વે, તાર, વિમાન, વહાણો, નવા સંચાઓ વગેરેથી તેઓને દરિદ્ર તથા પાયમાલ કરવામાં જે પ્રવીણતા બતાવે છે તે સર્વ બતાવી, તે સર્વનો દોષ વિજ્ઞાનને શિરે ચઢાવે છે. ત્યારે બીજી પાસથી વિજ્ઞાનના પ્રશંસકો વિજ્ઞાને ઉદ્યોગો, ખેતી, રોગનિવારણ, પ્રવાસ, અરસપરસ ઓળખાણ, નવાં સુખો, નવી સગવડો, નવા વિનોદો, નવી શક્તિઓ વગેરે આપી આખી માનવ જાતિની ઉપર શા ઉપકારો કર્યા છે તેનાં જ ગીતો ગાયાં કરે છે.


આ આખી તકરારને ન્યાય આપવા તેમાં વિસ્તારથી ઉતરવું પડે. પણ તમે એટલી વાત તો સમજી શકશો કે તલવારનો ઉપયોગ રક્ષણ માટે થાય કે હત્યા માટે થાય, તે ઉપરથી તલવાર પોતે સારીનરસી થઇ શકતી નથી. એ તો એક શસ્ત્ર છે. તેમ જ્ઞાનમાત્ર—ને વિજ્ઞાન એ એક વિશેષ જ્ઞાન જ છે—પણ એક શસ્ત્ર છે. અંગ્રેજી કહેવત પ્રમાણે તે તલવારના કરતાં ય વધારે બળવાન છે. પણ તેનો આધાર તેના વાપરનારની ઉપર છે. વિજ્ઞાનના બંને ઉપયોગો થયા છે તેની કોઇ ના પાડી શકે એમ નથી; જોકે હજી યે એ ચોક્સ છે કે તેનાથી જે અહિત થયું છે તેના કરતાં સહસ્ત્રગણું કલ્યાણ વિજ્ઞાને કર્યું છે ને કરશે.

પણ વિજ્ઞાનનો દુરૂપયોગ એ વિજ્ઞાનનો દુર્ગુણ નથી; એ તો મનુષ્ય સ્વભાવની કુટિલતા છે. દુષ્ટ માણસના હાથમાં સારામાં સારી વસ્તુ—પછી તે બાઇબલ હોય કે રેંટીઓ—હોય તોપણ તે નઠારી જ થઈ જાય છે. વિજ્ઞાનના આ દુષ્ટ ઉપયોગથી એટલું જ સાબીત થાય છે કે વિજ્ઞાનથી માણસનામાં જે વધારે શક્તિ આવી તેના પ્રમાણમાં તેનું હૃદય વધારે સુધર્યું નથી. એ હૃદયને વધારે ઉંચું, વધારે પવિત્ર કરવું, તેનાં અભિમાન ને સ્વાર્થ મટાડવાં, તેનું પશુપણું હઠાડી વધારે ઉંચી માનવતા તેમાં ભરવી, એ જ ખરેખરૂં કરવાનું છે. વિજ્ઞાન આપણા યોગ જેવું છે. આપણે ત્યાં એ સખ્ત નિયમ હતો કે યોગની શક્તિઓ મેળવવા જતા પહેલાં માણસ ઇન્દ્રિયોને જીતે, આત્મસંયમ મેળવે ને હૃદયશુદ્ધિ પામે, જેથી એ નવી શક્તિઓ હમેશ સારા માટે જ વપરાય. વિજ્ઞાન માટે પણ એવું જ કહી શકાય એમ છે. વિજ્ઞાનની ખરી કલ્યાણમયતા ભોગવવાને માટે આપણે વધારે લાયક બનવું જોઇએ, આપણાં દિલનો મેલ દૂર થવો જોઇએ ને વિજ્ઞાનના પ્રકાશને વધાવવાને હૃદયનું આંગણું સ્વચ્છ કરવું જોઇએ.

આ પ્રમાણે માનવજીવનમાં જે ઉચ્ચ કાર્ય, ધર્મ તથા કાવ્ય કરી શકે છે તે કાર્યની જરૂર ઉલટી વિશેષ પ્રકટ થાય છે, એટલું જ નહિ પણ, જેમ વ્યવહારમાં આપણે વિજ્ઞાનને ખેતી, ઉદ્યોગ, વ્યાપાર, આરોગ્ય ઇત્યાદીનું પરમ સહાયક સમજીએ છીએ તેમજ, આપણા જીવનના ઉચ્ચતર પ્રદેશમાં ધર્મ, કાવ્ય, ફીલસુફી વગેરેનો અનન્ય સહાયક પણ વિજ્ઞાન થઇ શકે છે.

'વિજ્ઞાન શું છે?' એ વધારે સ્પષ્ટતાથી સમજવાને માટે હવે વિજ્ઞાનનાં કેટલાંક લક્ષણો તથા વિજ્ઞાનનાં શાસ્ત્રોનો આપણે વિચાર કરીશું.

કાન્તિલાલ છગનલાલ પંડયા



કિરીટ

લેખક
શ્રી ધનગોપાલ
ચિત્રકાર: રવિશંકર પંડિત

આગાઉ હું કહી ગયો છું કે કિરીટ કંઇ શીકારનો હાથી નહોતો. પણ જંગલમાંના આ છેલ્લા અનુભવો અને બનાવો પછી તે તદ્દન નીડર અને દૃઢ થઇ ગયો. જંગલી હાથી જોડેના એના દ્વંદ્વયુદ્ધને લીધે તો એનામાં પોતાના બળને વીશે એટલો આત્મવિશ્વાસ આવી ગયો, કે ગમે તેવા ગંભીર અકસ્માતો કે આફતોથી પણ તે ગભરાતો નહિ. અને ત્યાર પછી ઘણે પ્રસંગે એણે એટલી નિર્ભયતા ને સાહસ દાખવ્યાં કે જાણે એ પહેલાંનો બીકણુ ગભરૂ કિરીટ જ ન હોય!

પ્રાણીઓ ઉપર સંગીત કેટલી જાદુઇ અસર કરી શકે છે તેની તો તમને ખબર હશે. મદારીઓ ભલભલા વિષધર સાપને પણ મોરલીના સુરમાં મુગ્ધ કરી ડોલાવે છે એ પણ તમે જોયું હશે. સંગીતનો પ્રભાવ તો એટલો અદ્દભુત છે કે પ્રાણીઓ તો શું, પણ વનસ્પતિ સુદ્ધાં તેને વશ થાય છે! લજામણીના જેવો એક જાતનો છોડ થાય છે તેની આગળ જો તમે મીઠા મૃદુ સુરે મોરલી બજાવો તો તે જાણે ઉંઘમાં પડતો હોય તેમ જમીન પર ઢળી જાય છે! અને હરણુ સંગીતનાં કેટલાં શોખીન હોય છે એ તો મેં મારી સગી આખે જોયું ને અનુભવ્યું છે

જેમ ગાય ભાંભરે છે ને કુતરાં ભસે છે, તેમ હરણુ પણ એક જાતનો ખાસ અવાજ કાઢે છે; પણ ઉપરાંત તેઓ એક જાતનો ધીમો મધુરી સીટી જેવો અવાજ કાઢી શકે છે. કોઇ દહાડો નમતે પહોરે, એકાદ જંગલને કાંઠે જઇ, તમારી બંસરીમાંથી એ હરણુની સીટી જેવા મધુરા સુર તમે છેડો, ને પછી જોઇ લો મઝા.

નાનપણુમાં મેં સાંભળેલું કે મોરલી કે બંસરીના સુરથી પ્રાણીઓને મુગ્ધ કરી ડોલાવી શકાય છે; અને મને બંસરી ઠીકઠીક બજાવતાં આવડતી; એટલે એક દહાડો મને ધુન ચડી કે આજ તો ખાતરી કરી જોઉં. બપોર ઢળવા આવ્યા એટલે હું મારા ઘરથી થોડે દૂર, જંગલને કાંઠે, એક ઘેરા ઝુંડની શીળી છાયમાં, એક શિલા પર જઇ બેઠો ને બંસરી બજાવવા માંડી. એક સુર વગાડ્યો, બે વગાડ્યા, પણ કાંઇ જ પરિણામ ન આવ્યું. વળી ત્રીજો સુર છેડ્યો; ઝાડીમાં કંઈક ખખડાટ સંભળાયો, પણ અંદરથી નીકળ્યું નહિ કાંઇ. એ તો ખાલી પવનને લીધે ડાળીઓ હાલતી હતી. હું નિરાશ થઇ ગયો. મને લાગ્યું કે મને

કંઇ બરોબર આવડતું નહિ હોય, તેથી જ કોઇ પ્રાણી ખેંચાઈ આવતું નથી.

સાંજ પડતી જતી હતી; અને બહાર જોકે ચૈતરવૈશાખનો સુરજ નાડા વા ઉંચે તપતો હતો, છતાં જંગલમાં અંધારૂં થવા માંડ્યું હતું. એટલે જતાં જતાં મેં છેલ્લા એકાદ સુર અજમાવી લેવાના ઇરાદાથી ફરી બંસી છેડી. થોડીવાર સુધી તો કાંઈ જ પરિણામ આવ્યું નહિ. હું પણ પછી તો બજાવવામાં એવો એકતાન થઇ ગયો, કે કોઇ આવે છે કે નહિ તેની મને ખબર રહી નહિં. પણ અચાનક મેં કંઇક સુસવાટો સાંભળ્યો. બજાવતાં બજાવતાં મેં ઉંચે નજર કરી, તો થોડે દૂર એક સાબર ઉભો હતો. જાણે આતુરતાથી સંગીત સુંઘતો હોય તેમ તેનાં નસકોરાં ઉશ્કેરાટથી ફાટતાં હતાં; અને તેનાં સુંદર શીંગ એક ઝાડ પર લટકતી વેલમાં ભરાયાં હતાં તે કાઢવા એ મથામણ કરતો હતો. મેં મારી નજર તેના પર સ્થિર કરી ને બંસી બજાવ્યે રાખી. આખરે તેણે બળ કરીને વેલમાંથી પોતાનાં શીંગડાં ખેંચી કાઢ્યાં; પણ વેલનો એક નાનોશો ટુકડો તેનાં શીંગડામાં ગુંચવાઇને ભરાઇ રહ્યો હતો. હરીઆળી વનસ્પતિનો લીલોછમ મુગટ જાણે વનદેવીએ તેને પહેરાવ્યો હોય, એવો તે શોભવા લાગ્યો. તે ધીમે ધીમે મારી નજીક આવીને શાંત ઉભો રહ્યો.

મેં તો બજાવ્યે જ રાખ્યું, અને ધીમે ધીમે ઘેરા જંગલના એ નીલા પડદા પાછળથી, સોનેરી રંગનાં સુંદર હરણાં એક પછી એક નીકળી આવી મારી આસપાસ વીંટળાવા લાગ્યાં. તલકાંવાળી નાજુક મૃગલીઓ, મોટા કસ્તુરી મૃગ, ફુટતી શીંગડીઓવાળાં હરણાં ને મોટમોટા કાળીઆર, સૌએ સંગીતના તાનમાં મુગ્ધ થઇ ટોળે વળવા લાગ્યાં.


એકાએક મેં બંસી બંધ કરી. એ જ ક્ષણે એ આખા ટોળામાંથી જાણે એક ધ્રુજારી પસાર થઇ; પેલા સાબરે આગલા પગની ખરી જોરથી જમીન પર ઠોકવા માંડી; અને વીજળી ઝબુકે એમ આખું યે ટોળું એક પળમાં જંગલમાં અદશ્ય થઇ ગયું. દૂર દૂર, તેમના ચાલવાથી ઉંચા ઘાસમાં પડતા સુંદર વળાંકો નીહાળતો હું આનંદપૂર્વક જોઇ રહ્યો.

પ્રાણીઓ ઉપર થતી સંગીતની આવી અજબ અસરની આ પ્રમાણે ખાતરી કરી લીધા પછી મેં કિરીટ અને કપિને પણ બંસરીના સુર પર કામ કરતાં શીખવવાનો વિચાર કર્યો. પણ કપિ તો સાંભળે જ શેનો? જેવો હું તેની સામે બંસી બજાવવા બેસું કે એ ઝોલાં ખાવા માંડે, કે કાં તો કુદીને ઝાડે ચડી બેસે! સાચ્ચે જ, મને લાગે છે કે વાંદરાંને ભેજાં જ નહિ હોય.

પણ એથી ઉલટું, કિરીટ, પહેલાં જોકે એણે જરા કાશ કરાવી, પણ ઘણો સમજુ નીકળ્યો. પ્રથમ તો હું ગમે તેટલા સુર વગાડું, પણ કાંઈ ધ્યાન જ ન આપે; પરંતુ વચ્ચે વચ્ચે એકાદ સુર એવો આવી જાય કે એ સાંભળીને તે એકતાન થઇ જાય ને શાંતિથી સાંભળે. આમ, એને કયા કયા સુર રૂચતા હતા તે મેં ધીમે ધીમે જાણી લીધા. એ વગાડું ત્યારે, પોતાની ચોમેર ઘુમ્યા કરતી અટકચાળી સુંઢ અને સુપડા જેવા ઝુલતા કાન સ્થિર કરીને એ સાંભળે. પણ કમનસીબે એને અસર કરી શકનારા સુર મને એટલા દુર્લભ હતા કે માંડ થોડી જ પળ હું તે જાળવી શકતો, ને પાછા ગુમાવી બેસતો. પરંતુ થોડાં જ અઠવાડીઆંમાં મેં એ સુર પર કાબુ મેળવી લીધો; અને શ્રાવણ મહીનો આવતા આવતામાં તો હું કિરીટને લગભગ પા કલાક સુધી તે સુર પર સ્થિર કરી શકવા લાગ્યો.

શીઆળો ઉતરીને સામો ઉનાળો બેઠો. હવે તો કિરીટને મેં ખરેખર મારા સંગીતના કાબુમાં જ લઇ લીધો હતો. એ સંગીત વડે જ હું એની પાસે બધું કામ કરાવતો. ઘણી યે વાર હું એની પીઠ પર—લગભગ એની ગરદન પર—બેસતો, ને દિવસોના દિવસો સુધી, એક શબ્દ પણ બોલ્યા વિના, માત્ર મારી બંસરીના સુર વડે એને દોરીને તથા ફાવે તે કામ કરાવીને મુસાફરી કરતો.

આ ઉનાળે એક ભારે વિકરાળ ને હિંમતબાજ વાઘ અમારા ગામડામાં પેઠો.



ધીમે ધીમે ઘેરા જંગલના નીલા પડદા પાછળથી, સોનેરી રંગનાં સુંદર હરણાં નીકળી આવી મારી આસપાસ વીંટળાવા લાગ્યાં.


['કિરીટ' પાનુ ૪૩૦]

ઉપવાસને એકવીસમે દહાડે




પ્રેમમૂર્તિ ગાંધીજી

એકવીસ દિવસના ઉપવાસ પુરા કર્યાની બે કલાક અગાઉ પંડિત જવાહરલાલ નેહરૂની પુત્રીનો હાથ વાત્સલ્યથી પોતાના હાથમાં લઈ સુતા છે.



એકવીસમો ઉપવાસ પુરો કર્યા પછી.



રાણી સીપ્રીની મસ્જીદ અને કબર

અમદાવાદમાં આસ્તોડીઆ દરવાજેથી દાખલ થતાં જ જમણા હાથ પર રાણી સીપ્રીની મસ્જીદ આવે છે. રાણી સીપ્રી તે અહમદશાહ બાદશાહના એક શાહજાદાની બેગમ હતી. અને એ વખતના રીવાજ પ્રમાણે આ મસ્જીદ અને અંદરની કબર તેને માટે તેની હયાતીમાં જ બંધાવી રાખવામાં આવી હતી. (ઇ. સ. ૧૪૩૧) એ સમયનાં પહેલાંનાં બધાં મકાનો કરતાં સુંદરતા અને નાજુકાઇમાં આ મસ્જીદ પહેલે દરજ્જે આવે છે. મસ્જીદની લંબાઇ પચાસ ફુટ અને પહોળાઇ વીસ ફુટ છે. ઓસરીનું છજું જોડીઆ છ થાંભલાને ટેકે રહેલું છે. પીઠની ભીંત તથા પડખાં ઉપર કાઢેલા ઝરૂખા હીંદુ શૈલીના અતિ સુંદર નમુના છે.

પણ આ મસ્જીદની શોભાની સીમા તો, તેના આગલા બે ખુણા ઉપરના ટોડામાં આવી રહેલી છે. દરેક ટોડા પચાસ ફુટની ઉંચાઇનો છે. એ ટોડા એટલા તો નાજુક અને સુંદર છે કે તેને નરજાતિવાચક 'ટોડા' એવું નામ ન આપતાં કોમળ 'મીનારીઓ' કહીએ તો વધારે સાર્થ લાગશે. એ વખતના કલાકારોએ આ મકાન એક સુંદરીના સ્મારકને યોગ્ય જ બનાવ્યું છે. એ બે મીનારીઓ છે તો પત્થરની, પણ જાણે કોઇ અતીવ રૂપવતી સુંદરીએ પોતાના કંકણવાળા બે કોમળ હાથ પ્રાર્થના કરવા માટે આકાશમાં ઉંચા કર્યા હોય એવું લાગે છે. એ નાજુક મીનારીઓમાં જે અદ્ભુત કલાવિધાન અને કોમળ ભાવ પ્રકટ થઇ શક્યાં છે તે, એક રીતે જોતાં, તાજમહાલ જેવી સૌમ્ય કલાકૃતિને મુકાબલે ઉતરતાં લાગતાં નથી. તાજમહાલમાં, કોઇ અરધું મુખ ઢાંકેલી, મોન, રૂપવતી પ્રેમળ મૂર્તિની છાયા જણાય છે; ત્યારે આ મસ્જીદમાં કોમળ કરદંડ ઉંચા કરી પ્રાર્થના કરતી કોઇ સુંદરીની મનોહરતા અને લાઘવ સ્પષ્ટ જણાય છે. કલાના જાણકારોએ આ મકાનને દુનીઆનાં સર્વોત્તમ સુંદર મકાનોની કોટિમાં મુક્યું છે. રસિક માણસો તેની આ સુંદર મીનારીઓ તરફ મીટ માંડી માંડીને જુએ છે, અને પળે પળે વિશેષ નવીનતા અનુભવે છે. એ મીનારીઓ પાયાથી તે ટોચ સુધી અનેક કોરણીવાળાં કંકણોથી ભરેલી છે, છતાં એમાં એક પણ ઠેકાણે વધારેપડતું અંતર કે ભાર જણાતાં નથી.

જે માણસો આ સુંદરતા જોઇ, સમજી, તેનો રસ પી શકે તેને કળાના લેખો વાંચવાની જરા પણ જરૂર નથી. અમદાવાદમાં–સારા યે ગુજરાતમાં–કલાની આવી અણમુલી લેખમાળાઓ અનેક મસ્જીદોમાં, દેવળોમાં અને ખંડેરોમાં ભરી છે. એ શોધી શોધી તેને સમજવાં અને તેની કદર કરવી એ ઉગતી પ્રજાને શિરે મોટો ધર્મ છે.

હીંમતબાજ એટલા માટે કહું છું, કે વાઘ સાધારણ રીતે માણસની વસ્તીથી હમેશાં ડરે છે. પણ આ વાઘ તો ભર વસ્તીમાંથી પોતાનો શીકાર ઉઠાવતો; અને તે પણ માણસનો જ શીકાર!

એનું માથું મોટા માટલા જેવડું લાગે. અનેક ડીલે પણ નાનોસુનો નહિ; ખાસ્સો આખલા જેવડો! પહેલાં તો એ રાતે છાનોમાનો આવીને એકાદ ઢોર ખેંચી જતો. પણ એક રાત્રે તેણે એક ભરવાડને મારી નાખ્યો તે દહાડાનું એ માણસનું લોહી ચાખી ગયો. ને પછી તો એ માણસ સીવાય બીજા કશાને મારતો જ નહિ!

અમારૂં ઘર બરાબર જંગલના કાંઠા પર હતું એ વાત હું આગળ કહી ગયો છું. તેની બારીઓ લોઢાના મજબુત સળીઆની એવી ઘટ જાળી વડે જડી દીધેલી હતી, કે મચ્છર કે માખી સિવાય બીજું કશું અંદર આવી જ શકે તેમ નહોતું. એક દહાડો સાંજ પડવા આવી હતી. આઠેક વાગ્યા હશે; અને ઉનાળાના દહાડા, એટલે હજી થોડુંથોડું અજવાળું હતું. એવામાં મેં લોંકડીની ચીસ સાંભળી. વાઘ નીકળવાનો હોય છે તેની અગાઉ હમેશાં લોંકડીની ચીસ સંભળાય છે. ઇશ્વરની લીલા એવી છે કે દરેક પ્રાણીમાં એણે કંઇ ને કંઇ પ્રેરણા મુકી જ હોય છે. જેવો વાઘ બહાર શીકારે નીકળે છે કે તરત જ લોંકડીને કુદરતીરીતે જ તેની ખબર પડી જાય છે; અને તે વાઘની આગળ દોડતી દોડતી ચીસો પાડતી નીકળે છે, ને બીજાં પ્રાણીઓને ચેતવતી જાય છે.

આ વાતની મને, ખબર એટલે લોંકડીને અમારા ઘર આગળથી નીકળતી જોઇ હું આતુરતાથી વાઘના આવવાની રાહ જોઇને બારી પાસે બેઠો. અને સાચ્ચે! થોડી જ વારમાં વાઘના મોંની માથું ફાટી જાય તેવી દુર્ગંધ આવવા લાગી. એએક પળમાં તો, રાતના ઘેરાતા જતા અંધકારમાં, મેં એક મોટો કાળો આકાર અમારી બારી આગળ ઉભેલો જોયો. થોડી વાર રહીને તે તો ત્યાં અડંગો જમાવીને બેઠો; અને તરતજ દૂરદૂરથી આવતી લોંકડીની ચીસો બંધ થઇ ગઇ.

બરોબર અમારી બારીની સામે જ વાઘને બેઠેલો જોઈ મને બીક તો બહુ લાગી; પણ મારે તો વાઘને નીરખીને જોવો હતો. એટલે હીંમત ધરીને મેં દીવાસળી સળગાવી. જંગલનું એકેએક પ્રાણી—મોટા સિંહથી માંડીને ઝીણા જીવડા સુધીનું દરેક—અગ્નિથી બહુ જ બીએ છે! દીવાસળી સળગતી જોતાં જ વાઘ એવો તો બીનો, કે ઘુરકાટ કરતોક ને કુદીને નાઠો.

આ પછી તે જરા વહેલો આવવા માંડયો. જરા જરા બપોર નમવા માંડે કે ભાઇએ ક્યાંક દેખા દીધી જ હોય. એક દહાડો તો સાંજે ચારેક વાગે અમે તેને નદીને સામે કાંઠે એક ટેકરા પર ઉભેલો જોયો. અમારી નદી જોકે બહુ જ છીછરી હતી–માંડ કાંડણુડ પાણી હશે–પણ તેનો પટ અત્યંત પહોળો હતો, ને એમાં ઠેરઠેર રેતીના નાનામોટા ટેકરા રચાયા હતા. ગામ તરફ જોઇને ભારે આનંદથી ઘુઘવતો તે ટેકરા પર ઉભો હતો.

આપણે ત્યાં તો હથીઆરબંધીનો કાયદો રહ્યો, એટલે ગામમાં કોઇની પાસે લાકડી સિવાય બીજું હથીઆર ભાગ્યે જ મળે. એટલે અમારે તો, જ્યારે-જ્યારે આવું કોઇ જંગલી પ્રાણી રંજાડ કરતું, ત્યારે સરકારમાં લખાણ કરાવીને મદદ માગવી પડતી! આવી નિરાધારીથી મને ઘણી યે વાર ચીડ ચડતી; અને એવું થઈ જતું, કે આ સરકારની મદદ આવે ત્યાં લગી આમ બાયલા બનીને રોજ જાનમાલનું નુકસાન થવા દેવું, એના કરતાં મારી પાસે જો બંદુક હોત તો જઇને તરત જ એ વાઘને ઠાર કરી દેત! પણ થાય શું!

પરંતુ આખરે ગામલોકે સરકારમાં લખાણ કર્યું; અને એક દહાડો એક લાલખૂમ જેવો અંગ્રેજ, બંદુક લઇને અમારા ગામમાં આવી પહોંચ્યો.

જંગલી પ્રાણીઓનો શીકાર જંગલમાં તો હમેશાં કોઇ ઉંચે સ્થળે બેસીને જ થાય છે. એથી શીકારીની નજર ચોતરફ ફરતી રહે છે, ને તે સહેલાઈથી શીકાર પર પોતાનું નીશાન તાકી શકે છે. આને માટે ઘણુંખરૂં હાથી જ પસંદ કરવામાં આવે છે; અને જ્યાં હાથી ન મળી શકે ત્યાં શીકારના માચડા બાંધવામાં આવે છે.

એટલે એવું ઠર્યું કે મારે કિરીટને લઇને એ અંગ્રેજની જોડે જંગલમાં જવું અને કિરીટ શીકાર માટે બરોબર ચાલી શકશે કે કેમ તેની ખાતરી કરાવવી. આથી એક દહાડો પેલા સાહેબને મારી જોડે કિરીટ

પર બેસાડી હું જંગલમાં લઈ ગયો. ત્યાં એણે પોતાની બંદુક વડે થોડાંક પક્ષી માર્યાં. કિરીટે અગાઉ કદિ જ બંદુકનો બાર સાંભળ્યો નહોતો; એટલે ગામમાં સહુને અણભરોસો હતો કે કદાચ કિરીટ ભડકશે. પણ ગોળીઓની એ તડાતડીથી એનું તો રૂંવાડું સરખું યે ફરક્યું નહિ, અને રજ પણ નવાઈ પામ્યા વિના શાંત બેપરવાઈથી એણે અમને જંગલમાં ફેરવ્યા.

આમ કિરીટની કસોટી કરી લીધા પછી, એક દહાડો મળસ્કે ચાર વાગે, અમે પેલા વાઘને ઠેકાણે કરવા સારૂ ઉપડ્યા. હું કિરીટની ગરદન ઉપર—લગભગ તેના માથા આગળ મારી બંસી લઇને બેઠો. પેલા અંગ્રેજને બીજી કોઈ રીતે હાથી પર બેસવું ફાવે એમ નહોતું, એટલે એને માટે હોદ્દો તૈયાર કરાવ્યો હતો, તેમાં એ પોતાની બંદુક લઈ સજ્જ થઈ બેઠો. નદી પાર કરી અમે જંગલમાં પેઠા. વાઘને ભડકાવીને ઝાડીમાં-થી બહાર કાઢવા માટે ઢોલ–નગારાંવાળા માણસોને અગાઉથી જ મોકલ્યા હતા. જંગલ જરા ગીચ હતું, એટલે માથે હોદ્દા સાથે ચાલતાં કિરીટને મુશ્કેલી પડતી.

આશરે બેએક કલાક પછી અમે એક ખુલ્લી જગ્યામાં આવી પહોંચ્યા, અને હાથીને ત્યાં જ અટકાવી બધાં પ્રાણીઓને આ નાનકડા ચોગાન તરફ હાંકવાં એવું ઠરાવ્યું. આજનું જંગલનું પ્રભાત હમેશના જેવું ખુશનુમા નહોતું, એટલે મને જરા બેચેની લાગતી હતી; અને કિરીટ પણ ઢીલો જણાતો હતો. ચોમેર સુંઢ ફેરવી ઝાડની ડાંખળીઓ તોડીતોડીને તે આમતેમ ફેંક્યા કરતો હતો. અધુરામાં પુરૂં, ઉપર બેઠેલા સાહેબને અંગ્રેજી સિવાય બીજું કાંઇ આવડતું નહોતું, ને મને અંગ્રેજી ન આવડે; એટલે અમે બહુ જ ઓછી વાતચીત કરતા હતા; અને જે કરતા તે પણ ઇશારાથી જ.

[વાઘના શીકારનો આ વાર્તાનો આકર્ષક હપતો, ભાઇ પંડિતના મોટા અતિ સુંદર ચિત્ર સાથે આવતા અંકમાં.]

જનની

(ઢાળ: મહીડાંનાં દાણ અમે નહિ દઈ રે લોલ)

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ;
એથી મીઠી તે મોરી માત રે:
જનનીની જોડ સખિ! નહિ જડે રે લોલ.

પ્રભુના પ્રેમતણી પુતળી રે લોલ;
જગથી જુદેરી એની જાત રે: જનનીની૦

અમીની ભરેલ એની આંખડી રે લોલ;
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે: જનનીની૦

હાથ ગુંથેલ એના હીરના રે લોલ;
હૈયું હેમંત કેરી હેલ રે: જનનીની૦

દેવોને દુધ એનાં દોહ્યલાં રે લોલ;
સો સો શશાંક એની સોડ્ય રે: જનનીની૦

જગનો આધાર એની આંગળીએ રે લોલ;
કાળજામાં કૈંક ભર્યા કોડ રે: જનનીની૦

ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ;
પલના બાંધેલ એના પ્રાણ રે: જનનીની૦

મુંગી આશીષ ઉર મલકતી રે લોલ;
લેતાં ખુટે ન એની લ્હાણ રે: જનનીની૦

ધરણી માતા યે હશે ધ્રુજતી રે લોલ;
અચળા અચુક એક માય રે: જનનીની૦

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ;
સરખો મા પ્રેમનો પ્રવાહ રે: જનનીની૦

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ;
માડીનો મેઘ બારે માસ રે: જનનીની૦

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ;
માનો નહિ આથમે ઉજાસ રે,
જનનીની જોડ સખિ! નહિ જડે રે લોલ.

દામોદર ખુશાલદાસ બોટાદકર



દિલ્હી પાસે ઈ. સ. ૧૮૫૭માં તુમુલ યુદ્ધ મચ્યું હતું. અને કોઇ માથું ઉંચકે તે પહેલાં તો, પાકેલ ફળની માફક, બંદૂકની ગોળીથી તે ઉડ્યું જ છે. બળવાખોરોનો સપાટો ભારે હતો, અને અંગ્રેજોનાં માથાં તડાતડ પડતાં હતાં. તે વખતે જાણે કાંઈ ન હોય તેમ. એક માણસ પોતાનું કર્તવ્ય બજાવ્યે જતો હતો. તેના પાસે ન હતું હથીઆર કે ન હતું બખ્તર. પોતાના કામમાં જ તે મશગુલ હતો. તેનું નામ ભીસ્તી જુમો.* અપંગ, તરસ્યા, ટળવળતા ને મરવાની અણી પર 'પાણી ! પાણી !' કરતા હજારો મનુષ્યોને તે ખેંચીખેંચીને પાણી પાયા કરતો હતો. બસ, જુમા ભીસ્તીનું આટલું જ સાદું કામ. પણ તે કામ સનનન કરતી ગોળાઓની વચ્ચે ચાલી રહ્યું હતું! જીંદગીની કાંઇ કીંમત જ ન હોય તેમ, અસંખ્ય શુરવીરો, જુમા ભીસ્તીની નજર આગળ જ ઉડી પડતા હતા. પણ ગોળીઓ આવે કે ન આવે, જુમો પોતાનું કામ શાંતિથી બજાવ્યા કરતો હતો!

લડાઇ પુરી થયા પછી સૌએ કહ્યું કે આ લડાઇમાં સૌથી બહાદુર પુરુષ તો જુમો ભીસ્તી છે! ત્યાર પછી અફઘાન લડાઈમાં તો, એ જુમો સરદાર બનીને લડેલો!

*

* રડયાર્ડ કિપ્લિંગે 'ગંગાદીન–ધી ભીસ્તી' નામનું કાવ્ય લખ્યું છે તે આ ઉપરથી. પણ તે લડાઇમાં હાજર રહેલા અધિકારીના વૃત્તાંતમાં તેનું સાચુ નામ 'જુમો' છે.

સર હેન્રી લૉરેન્સ, જે ૧૮૫૭ના બળવામાં લખનૌમાં ખપી ગયો, તેણે 'ધી ગાઇડ્ઝ' કરીને ચુનંદા સૈનિકોની એક ખાસ ટુકડી બનાવી હતી. જેમ યૂરોપમાં નેપોલીઅન બોનાપાર્ટ, 'ફ્રેંચ ગાર્ડ્ઝ' નામે અસલ ચુંટી કાઢેલા નામચીન લડવૈઆઓની એક ટુકડી, અણીના વખતે કામ આવે તે માટે રાખતો તેમ. તેને પગલે પગલે વેલિંગ્ટને પણ તેમ કરેલું; ને સર હેન્રી લૉરેન્સ પણ એના પગલે ચાલેલો.

આ 'ગાઇડ્ઝ' બીજા કોઇ નહિ પણ શીખો, પઠાણો ને રજપુતો હતા. અફઘાન લડાઇમાં, ચિત્રાલ ઉપરની સવારીમાં ને ૧૮૫૭ના બળવામાં, તેમણે ભારે સેવા બજાવેલી.

ઇતિહાસ ઉપરથી ઘણી વખત સિદ્ધ થયું છે કે માત્ર હીંદુસ્તાનમાં જ નહિ, પણ જ્યાં જ્યાં બ્રિટિશ સલ્તનત પોતાનો કાબુ જાળવી રહી છે ત્યાં ત્યાં સર્વ ઠેકાણે, તેનો પાયો બાંધવામાં આવા કનૈયા જેવા ચુનંદા શીખો, સાચા મુસલમાનો ને અણીશુદ્ધ રજપુતો જ હોમાઇ ગયા છે! એ સામ્રાજ્યની તસુ યે તસુ જમીન આ સૈનિકોના લોહીમાંથી જ પેદા થઇ છે.

*

કાબુલ નદી જ્યાં સિંધુને મળે છે ત્યાં જહાંગીરા કરીને ગામ છે. તેની આસપાસ યુસફઝી નામની બહાદુર લડવૈયાની જાત રહે છે. દિલાવરખાન આ યુસફઝી જાતનો બહારવટીઓ હતો. 'ગાઇડ્ઝ'ની ટુકડીના સરદાર લૅમ્સડન સાહેબે આ

દિલાવરને પકડવાનું બીડું ઝડપ્યું હતું. દિલાવરખાનના માથા માટે બે હજારનું તો સરકારે ઇનામ કાઢ્યું હતું. પણ આ પહાડી બચ્ચો હિમાલયના ખુણેખુણાનો ભોમીઓ હતો. લૅમ્સડન સાહેબે અનેક યુક્તિઓ કરી, કંઇક કપટ રચ્યાં ને છેવટે તદ્દન નિરાશ થઈ ગયા, પણ દિલાવરખાન તો એની ગુફાઓમાં સહીસલામત રહ્યો.

એક દિવસ લૅમ્સડન સાહેબ બેઠા હતા એવામાં તેમને અચાનક વિચાર આવ્યો કે 'આ દિલાવર આપણી 'ગાઇડ્ઝ'ની ટુકડીમાં બરાબર શોભે તેવો છે. આ જંગલના ખુણેખુણા એના જાણીતા છે.' દિલાવરને સંદેશો પહોંચાડવામાં આવ્યો કે સાહેબને તારી સાથે વાતચીત કરવી છે માટે રૂબરૂ મળી જા. તે વગર હરકતે છાવણીમાં આવી શકે તે માટે આ સંદેશાની સાથે એને એક 'પાસપૉર્ટ' પણ મોકલવામાં આવ્યો.

એક દિવસ દિલાવરખાન આવી પહોંચ્યો. લૅમ્સડન સાહેબે તેને કહ્યું કે 'દિલાવરખાન! હજી સુધી હું તને પકડી શક્યો નથી, પણ એક દિવસ હું તને જરૂર પકડી પાડીશ, અને તે દિવસે સરકાર તને ફાંસીએ લટકાવશે. હું તને અત્યારે માફી આપું છું, ને અમારી 'ગાઇડ્ઝ' ની ટુકડીમાં જગ્યા પણ આપું છું. તારી વૃદ્ધાવસ્થામાં તને પેન્શન મળશે. બોલ, તારો શો વિચાર છે?'

બહારવટીઓ ઉભો થઇને ખડખડાટ હસી પડયો. સાહેબની આ માગણીથી તેને બારે આશ્ચર્ય થયું. તેણે જવા માટે પગલું ઉપાડ્યું ને બે ડગલાં ગયો પણ ખરો.

લૅમ્સડને કહ્યું, 'દિલાવરખાન! હજી પણ વિચાર કરી જો!' પણ દિલાવરખાન તો જવાબ આપ્યા વિના ચાલ્યો ગયો.

પરંતુ લૅમ્સડન સાહેબે આપેલી લાલચ બહુ ભારે હતી. એ બહાદુર બહારવટીઆને પણ, પોતાનાં બાળબચ્ચાં રખડતાં હોય એ કલ્પના જ દુઃખકારક લાગવા માંડી. જ્યારે લૅમ્સડન સાહેબ તેને ઘડપણમાં 'પેન્શન' આપી, તેનાં બૈરાંછોકરાંની ચિંતા સહેજે ઉઠાવી લેતા હતા! તેથી એક દિવસ દિલાવર ફરીથી આવ્યો અને 'ગાઇડ્ઝ'માં દાખલ થઇ ગયો!

પહાડનાં સ્વતંત્ર મેદાનોમાં ઘુમનાર, અને સ્વતંત્રતાને જ પોતાનું જીવન ગણનાર દિલાવર પર એ 'નોકરી, પેન્શન અને મોટા લોકની સંગતિ'ની કેટલી ખરાબ અસર થઇ તે નીચેનો શોચકારક બનાવ બતાવી આપે છે. એક વખત 'ગાઇડ્ઝ'ના લડવૈયાઓ એક હોડીમાં ડુબવાની તૈયારીમાં હતા. હોડીમાંના બીજા મુસલમાન સીપાઇઓ આ વેળા 'યા અલી, યા હુસેન' કહી પોતાના ધાર્મિક પુરુષોની સહાય માગવા લાગ્યા, ત્યારે દિલાવર બોલી ઉઠયો, 'ઓ લૅમ્સડન સાહેબ, મને બચાવો!'

ચિત્રાલના પહાડી મુલકમાં દિલાલર એક વખત જાસુસનું કામ પણ કરી આવ્યો. અને છેવટે તે ક્રિશ્ચિયન બની ગયો!

દિલાવરનું મૃત્યુ બહુ કફોડા સંજોગોમાં હિમાલયના બરફના ડુંગરાઓમાં થયું. છેવટે એ 'નોકરી'ને માટે તેણે પોતાનું જીવન આપ્યું.

અફઘાન લડાઇ શરુ થઇ તે પહેલાં એક વેળા ખૈબરઘાટમાંથી, 'ગાઇડ્ઝ' પસાર થવાના હતા. ખૈબરઘાટના મો પર તેઓ આગળ વધવાના હુકમની રાહ જોતા આરામ લેતા હતા. વાયવ્ય પ્રાંત છોડયા પછી જે પહાડી મુલક આવે છે, તેમાં યુસફજી, આફ્રીદી વગેરે પહાડી જાતો વસે છે. આ 'ગાઇડ્ઝ'માં એક આફરીદી સીપાઇ પણ હતો. એવું બન્યું કે ખૈબરઘાટથી આગળ વધતાં, આ સીપાઇનું પોતાનું ગામ લશ્કરના રસ્તામાં આવતું હતું! અને કદાચ તેને પોતાના જ ગામ પર —કે કદાચ પોતાના ઘર પર પણ— હુમલો કરવાનું આવે તેમ હતું! એ વિચારથી, આ જુવાન ચિંતાતુર રહેતો હતો. તેનાં સગાંવહાલાં તેને મળી ગયાં હતાં. છેવટે તેણે પોતાનું કર્તવ્ય (નોકરી) બજાવવાનો જ નિશ્ચય કર્યો, ને પોતે સગાંવહાલાંને છોડીને લશ્કર સાથે રહ્યો.

એક વેળા આગળ જઇને ચોકી રાખવાનો તેનો વારો આવ્યો. તેની સાથે એક ગુરખો સીપાઈ પણ જનાર હતો. બંને જણા આગળ ગયા, ને રાત્રિના ભયંકર અંધકારમાં, એકલા ઉભા ઉભા, ડુંગરાઓની પરંપરા વચ્ચે, પાંદડું ખખડે તેની પણ ચોકસી

કરતા ઉભા. ગુરખા સીપાઇએ પોતાની બંદુક આ જુવાનને આપીને કહ્યું કે હું જરા તંબુમાં જઇ આવું, તેટલી વાર આ સાચવજે.

માણસ કોઇ ફરકતું હતું નહિ. રાત્રિ અંધારી ઘોર હતી. અચાનક જુવાનની નજર આગળ તેનું ઘર, તેનો દેશ, તેનાં ભાઈભાંડુ તરી આવ્યાં; તેની માતા કેટલા પ્યારથી તેને ફરીફરીને નીરખશે એ યાદ આવ્યું; તેના હૃદયે જાણે ભારે બંડ ઉઠાવ્યું;— અને અંતે તે બંને બંદુકો સાથે પલાયન કરી ગયો !

તે વખતે 'ગાઇડ્સ'નો સરદાર જેન્કીન્સ હતો. તેણે આ ગુન્હાનો એક વિચિત્ર રીતે ન્યાય કર્યો. આ વાતની તેને ખબર પડી કે તરત જ તે સિપાઇની જાતના, જે સત્તર અઢાર આફરીદી જુવાનો પોતાની ટુકડીમાં હતા તે બધાને બોલાવી મંગાવ્યા. તેમનાં હથીઆર લઇ લીધાં; તેમના શરીર પર માત્ર લજ્જા ઢાંકવા પુરતો કપડાનો એક ટુકડો જ રહેવા દીધો; ને પછી તેમને કહ્યું, 'તમે જ્યાં સુધી પેલી બે બંદુકો ન લાવી શકો ત્યાં સુધી તમને રજા છે! જાઓ, ત્યાં લગી મને તમારૂં મોં ફરીને બતાવતા નહિ !'

પણ આ પહાડી બચ્ચા તો ખરા વફાદાર હતા. લોહીનું ટીપેટીપું આપીને બદલામાં અનાજનો એક એક દાણો લેનારા હતા. બસ, તે તો ગયા તે ગયા જ. એ વાતને વરસ બે વરસ વીતી ગયાં.

જેન્કીન્સ સાહેબ બીચારો પહાડ ઉપર અમલ ચલાવે; એને પહાડી લોકોનાં હૃદયની શી ખબર? પેલા સીપાઇઓની જગ્યાઓ પણ પુરાઈ ગઇ, ને એ વાત પણ ભુલાઇ ગઈ.

બે વર્ષ પછી, અચાનક એક દિવસે, આ સત્તરે બહાદુર પુરુષો હાજર થયા ! તેમનાં મોં પરથી, જંગલે-જંગલ ને પહાડેપહાડ રખડતાં નૂર ઉડી ગયું હતું; ચીંથરેહાલ દશામાં તેઓ હતા; ને બે વર્ષના રાત્રિ-દિવસના પરિશ્રમ ખેડીને સાહેબની બે બંદુકો તેઓ મેળવી લાવ્યા હતા !

એ સત્તરે જુવાનોના ચહેરા પર જાણે એક ઇશ્વરી સંદેશ કોતરાઈ રહ્યા હતો, 'સાહેબ! આ તમારી બે બંદુકો; અમે અમારી માની કુખ ઉજાળી છે તેનું આ દૃષ્ટાંત !'

અને આ સત્તર જુવાનો ફરી નોકરીમાં રહ્યા. આવા આવા હીંદી જુવાનોએ જ ૧૮૫૭ નો બળવો ને ચિત્રાલનું યુદ્ધ, અફઘાન લડાઇ ને શીખ લડાઇ, એ બધામાં સરકારની આબરૂ જાળવી છે !

*

ઔરંગઝેબનો પુત્ર બહાદુરશાહ તેના પિતા જેવો દીર્ઘદર્શી કે ચતુર લડવૈયો ન હતો, પણ તેનામાં મોગલનું ખાનદાન હૃદય હતું. તેના અમલમાં તેનો નાનો ભાઇ કામબક્ષ જ્યારે દક્ષિણમાં બાદશાહ નામ ધારણ કરી પોતાના નામના સીક્કા પડાવવા લાગ્યો, ત્યારે બહાદુરશાહને લાગ્યું કે હવે વધારે વખત આંખ આડા કાન કરવા તે ઠીક નથી.

કામબક્ષ વિચિત્ર માણસ હતો, અને તેની સંગતમાં બધા ખુશામતીઆ જ ભેગા થયા હતા. બહાદુરશાહે પહેલાં તો કામબક્ષને પત્ર મોકલી સમજાવ્યો; પણ જ્યારે તે માન્યો નહિ, ત્યારે તેણે નિરૂપાયે લશ્કર આગળ ચલાવ્યું. બંને લશ્કર દક્ષિણ હૈદરાબાદ પાસે ભેગાં થયાં. કામબક્ષ હાર્યો, ઘવાયો ને કેદ પકડાયો. તેને એક પાલખીમાં બહાદુરશાહ પાસે લાવ્યા. બહાદુરશાહે કામબક્ષ અને તેના બધા પુત્રોને પોતાની પાસેના ખંડમાં રાખવા હુકમ કર્યો, અને કુશળ હકીમોને તેમની સારવાર કરવા રાખ્યા. પછી બહાદુરશાહ પોતે કામબક્ષના ખંડમાં ગયો અને તેને કહ્યું કે 'તમારી આ સ્થિતિ થાય, એવી મારી ઇચ્છા ન હતી' કામબક્ષે જવાબ વાળ્યો કે 'જેવી ખુદાની મરજી!' થોડીવાર રહીને તે બોલ્યો કે 'મારા હાથી પર મારી પોતાની લખેલી કુરાનની નકલ છે તે મંગાવી આપો; મારે તે વાંચવી છે.' બહાદુરશાહે કુરાનની નકલ મંગાવી આપી, ને પોતે કામબક્ષના ઘાને પાટા બાંધવા લાગ્યો! પોતાની શાલ તેના પર ઓઢાડી, ને અતિ આગ્રહથી તેને થોડું ખવડાવ્યું. ઘણીઘણી સારવાર છતાં, કામબક્ષ તે રાત્રે મરી ગયો. એ સાંભળીને બહાદુરશાહ અત્યંત દિલગીર થયો. તેણે કામબક્ષનું મુર્દું દિલ્હીમાં, હુમાયુની કબ્ર

પાસે દટાવ્યું, અને તેના છોકરાની પ્રેમથી સંભાળ લીધી. પિતા (ઔરંગઝેબ) અને પુત્ર (બહાદુરશાહ) ના સ્વભાવમાં આવો આસમાનજમીનનો ફરક હતો.

*

બહાદુરશાહની ઉદારતાના તો આવા ઘણા દાખલા છે. ઔરંગઝેબ મૃત્યુ પામ્યો ત્યારે તેના તકીઆ નીચેથી એક વસીઅતનામું મળી આવ્યું. તેમાં ઔરંગઝેબે પોતાના ત્રણે પુત્રોને નીચે મુજબ રાજ્ય વહેંચી આપ્યું હતું.

બહાદુરશાહ: ૧૨ સુબા ૫,૧૭૫,૯૫૬,૪૪૦ દામની ઉપજનો મુલક રાખે.

આઝમશાહ: ૬ સુબા-૪,૭૦૪,૨૫૫,૪૦૦ દામની ઉપજનો મુલક રાખે.

કામબક્ષ: ૨ સુબા-૨,૧૯૧,૬૬૫,૦૦૦ દામની ઉપજનો મુલક રાખે. (૪૦ દામ એટલે એક રૂપીઓ)

જ્યારે આઝમશાહે યુદ્ધ મચાવ્યું ત્યારે બહાદુરશાહે આ વસીઅતનામા પ્રમાણે મુલક વહેંચી લેવાની માગણી કરી. પણ આઝમશાહ પહેલેથી જ અત્યંત કડક સ્વભાવનો માણસ હતો. તેમણે બહાદુરશાહનું નામ 'વાણીઓ' પાડ્યું હતું! આઝમશાહે આ માગણીના જવાબમાં મહાત્મા શેખ સાદીની એક બેત ટાંકી. એ બેતનો ભાવાર્થ એવો છે કે, 'દસ ગરીબ માણસ એક ધાબળો પાથરીને નીરાંતે પડ્યા રહે, પરંતુ બે રાજા આખા રાજ્યમાં પણ નીરાંતે રહી શકે નહિ!'

આઝમશાહનો મહત્ત્વાકાંક્ષી સ્વભાવ સંતોષાય તેમ નથી એ જોઇને બહાદુરશાહે તેને યુદ્ધ આપ્યું. સામુગઢ પાસે બંને લશ્કરો ભેગાં થયાં. એ લડાઇમાં આઝમશાહે પોતાનું બધું શૌર્ય વાપર્યું, પણ વ્યર્થ. આઝમશાહનો મોટો પુત્ર રણમાં પડ્યો, ને તેની આસપાસ ચારે તરફ બહાદુર સરદારો ઢળી પડ્યા. છતાં હજી તે પોતાના હાથીને આગળ ધપાવ્યે જ જતો હતો.

એક પછી એક ચાર મહાવત વીંધાઇ પડ્યા. પણ આઝમશાહ ગોળી અને તીરના મારાની વચ્ચે અડગ જ રહ્યો! એક વખત મહાવતને હાથી આગળ હાંકવાનું કહેતાં, તેણે આડકતરી રીતે આઝમશાહને નાસવાની સુચના કરવાના હેતુથી કહ્યું કે 'આ હાથી સાધારણરીતે સો કોશ ખુશીથી ચાલે છે!' આઝમશાહને આ હીચકારી રીત પસંદ પડી નહિ. તેણે એક ઘાથી મહાવતનું માથું જુદું કરી દીધું ને પોતે આગળ વધ્યો! પણ છેવટ આઝમશાહ રણમાં પડ્યો!

તેનું મુર્દુ કબજે લેવાને પણ ભારે તુમુલ યુદ્ધ મચ્યું. રૂસ્તમદિલખાન નામનો સરદાર આઝમશાહનું માથું કાપી બહાદુરશાહ પાસે લાવ્યો ત્યારે બહાદુરશાહે તેના આ ક્રૂર કૃત્ય માટે સખત ઠપકો આપ્યો.

આઝમશાહના હાથીના હોદ્દા પર તેના નાના પુત્ર અલી તબરનું શરીર બેભાન અવસ્થામાં પડ્યું હતું. બહાદુરશાહે એ છોકરાને સ્નેહથી પંપાળ્યો ને આઝમશાહનું મૃત શરીર હોદ્દામાં પડેલું જોઈ રોઈ પડ્યો! આઝમશાહનાં બધાં સંતાનોને બહાદુરશાહે બહુ સારા માનમરતબાથી જાળવ્યાં.

'ધૂમકેતુ'

અથાણું

પહેલો મિત્ર—આજે તો કોઈ મને ખોટો રૂપીઓ માથામાં મારી ગયો. કેટલો દુષ્ટ!

બીજો મિત્ર—ત્યારે તો તમારો એક રૂપીઓ ખોટો થયો.

પહેલો મિત્ર—ના રે, એ તો હું બીજા કોઈ ભલા માણસને પકડાવી દઇશ.

*

જશુ ગજુને ઘેર સંતાકુકડી રમવા ગયો હતો. જશુને સળેખમ થયું હતું.

રમતાં રમતાં જશુ ગજુના બાપાની ખુરશીની પાછળ સંતાઈ ગયો. થોડીકવારે ગજુ તેને શોધતો શોધતો ત્યાં આવ્યો, અને શાન્તિથી એક ખુરશી ઉપર બેસી 'કુમાર'નાં પાનાં ફેરવવા લાગ્યો.

ગજુના બાપાએ તેને પુછ્યું, 'કેમ? તમે તો સંતાકુકડી રમતા હતા ને?'

ગજુ—'હા, હજી યે રમીએ છીએસ્તો. એ તો હું જશુ છીંક ખાય તેની વાટ જોઇને બેઠો છું.



ઉગતી પ્રજા

ઉમરેઠનું ત્રીજું વિદ્યાર્થી-સંમેલન

ચૌદપંદર હજારની વસ્તીવાળું ઉમરેઠ ગામ ત્યાંના વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિથી ગુજરાતના નકશાપર બેત્રણ વર્ષથી આકર્ષક બન્યું છે. આ વિદ્યાર્થીમંડળનો ઇતિહાસ બહુ રસમય અને બીજાં ગામોને પ્રેરક થઇ પડે એવો છે. હમણાં જ ગઇ તા. ૧૮-૧૯-૨૦ મી ઓક્ટોબરના દિવસે શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરના પ્રમુખપણા નીચે એ મંડળે તેનું ત્રીજું વાર્ષિક સંમેલન મેળવ્યું હતું.

ગુજરાતની ઉગતી પ્રજાની પ્રવૃત્તિની માહીતી આ માસિક દ્વારા પ્રજાને આપવી એ અમારૂં મુખ્ય ધ્યેય છે; એટલે જ્યાં જ્યાં વિદ્યાર્થીઓ કે યુવકો કંઈ ઉપયોગી, કંઇ પ્રેરક, કંઈ સુંદર કામ કરતા હોય તેની અમને જાણ થશે તો જરૂર અમે તે આનંદપૂર્વક પ્રગટ કરીશું. ગુજરાતનાં અનેક ગામો વચ્ચે, નગરો વચ્ચે, પ્રાંતો વચ્ચે, ઉગતી પ્રજાથી જે સ્નેહ અને મિત્રતાની અરસપરસ સાંકળો રચાશે તેથી જ ખરેખરૂં રાષ્ટ્રીય સંગઠન થશે એવી અમારી દૃઢ માન્યતા છે.

ગયા વર્ષના સંમેલનના પ્રમુખ શ્રી. મટુભાઇ કાંટાવાળાના ભાષણના ઉતારા અમે 'કુમાર'ના પહેલા અંકમાં લીધા હતા; અને આ વખતના પ્રમુખ કાકાસાહેબના ભાષણનો સુંદર ભાગ પણ અમે સહર્ષ આ નીચે તથા બીજે લઇએ છીએ.

"વિદ્યાર્થીઓના વાતાવરણમાં મને હમેશાં આનંદ આવે છે. વિદ્યાર્થીઓમાં જીવનની જે સુવાસ હોય છે તે મોટામાં નથી હોતી. વિદ્યાર્થીઓને તરંગી કહો કે કલ્પનાસૃષ્ટિમાં વિહરનાર કહો, પણ માણસ જીંદગીના આદર્શો ઘડે છે, આદર્શોના વિચારો કરે છે, આદર્શો સ્વીકારે છે તે બધું વિદ્યાર્થીદશામાં જ. તે વિદ્યાર્થીદશા અનુભવતા નવજુવાનોનો સહવાસ પ્રેરક, અને અમુક અંશે પાવક હોય છે. તેથી જ હું વિદ્યાર્થીઓને મળવાને ઇંતેજાર રહું છું.

* * *

વિદ્યાર્થીઓ બધી સ્વતન્ત્રતા માટે મથે એ જરૂરનું છે, છતાં વિદ્યાર્થીઓ મોટાઓની જેમ રાજકારણમાં ભાગ ન લે એ સમજાય એવું છે. એ મર્યાદા વિદ્યાર્થીઓની ઉન્નતિની દૃષ્ટિએ રાખેલી હોય તો ઠીક છે; પણ સજા થવાની કે શાળામાંથી કાઢી મુકવાની બીક આપીને રાજકારણનો ત્યાગ કરવાનું કહેવામાં આવતું હોય તો હું કહું છું કે એવું નમાલું જીવન તમારે ફેંકી દેવું. તેજસ્વિતા—સ્વતન્ત્રતાને ભોગે કેળવણી ન મળી શકે. બાળકોને માટે માબાપની આજ્ઞા પાળવી એ અપરિહાર્ય છે, અને ગુરુની આજ્ઞા પાળવી એ યોગ્ય છે; પણ વિદ્યાર્થીઓ પર અંકુશ મુકવામાં આવે તો તેમણે જરૂર બળવો કરવો જોઇએ. સ્વતન્ત્રતાને ભોગે જે કેળવણી મળે તેમાં તેજસ્વિતા કેટલી હોય?

* * *

આજે જે કેળવણી મળે છે તેના પર તમે ખુબ ઉંડો વિચાર કરજો. એમાં સહકાર—અસહકારનો સવાલ નથી. આજે મોટે ભાગે નોકરીઆત કેળવણી આપવામાં આવે છે. ભણવાથી સરસમાં સરસ નોકરી મળે છે, તેથી આપણે તે કેળવણી લઇએ છીએ. 'કરીઅર' (Career) નો આજે શો અર્થ છે? નોકરી, આજીવિકા, નોકરવર્ગમાં પ્રતિષ્ઠા. એથી બીજો અર્થ 'કરીઅર'નો નથી. ઉંચા શબ્દોમાં જે બીજું કહેવામાં આવે તે દંભ છે.

આજે જેને કરીઅર કહેવામાં આવે છે તેનો અર્થ નોકર શેઠને રાજી રાખે, કમાણી કરે અને નોકરીમાં પ્રતિષ્ઠા મેળવે, એથી વધારે નથી. જેની કરીઅર સારી છે તેણે પ્રાણ ગુમાવ્યો છે એવો આજ સુધીનો અનુભવ છે. ચારિત્રની હાનિ વિના આવી કરીઅર સફળ ન જ થઈ શકે.

વિદ્યાર્થીદશામાં આપણને સમાજમાં પ્રવેશ કરવાની કેળવણી મળવી જોઇએ. કોઇ ગામડીઓ શહેરમાં જાય ત્યારે

તે મુંઝાય છે. દુકાનમાં ગુમાસ્તો હોય છે તે તેની મદદ માટે નથી હોતો, પણ જે માલનો ઉપાડ ન થતો હોય તે ઘરાકને ગળે બાંધવાને હોય છે. દરેક વસ્તુને તે લલચાવનારૂં સ્વરૂપ આપે છે. આમાંથી બચી જવાને આપણે ઘરના પુખ્ત માણસને—આપ્તજનને દુકાને લઈ જઈએ છીએ, ને તે આપણને કલ્યાણકારી વસ્તુ બતાવે છે. એ જ પ્રમાણે વિદ્યાર્થી જીવનમાં પ્રવેશ કરે છે ત્યારે જીવનનાં અંગઉપાંગો તેની આગળ મોહક સ્વરૂપ ધારણ કરીને ઉભાં રહે છે. દરેક ધંધાના લોકો વિદ્યાર્થીને લલચાવે છે. એ બધાંમાંથી કયું ક્ષેત્ર, કઇ દિશા પસંદ કરવી એ નક્કી કરવાની શક્તિ આપે તે કેળવણી.

વિવિધ માહીતી તે કંઇ કેળવણી નથી. સારૂંનરસું ઓળખતાં શીખવું તે કેળવણી છે. એને અંગ્રેજીમાં values કહે છે. દરેક ધંધો, દરેક ધર્મ, દરેક રાષ્ટ્ર, દરેક સંસ્કૃતિ પોતાની values (કીંમતો) દુનીઆ આગળ રજુ કરે છે. દુનીઆની ભારે પ્રવૃત્તિમાં મારો જ આંક બધે ચાલે, મારા જ ગજથી બધે મપાય એવી દરેકની ઈચ્છા હોય છે. જે જે રાષ્ટ્રના સંબંધમાં આપણે આવીએ તેનો ધર્મ, તેની કેળવણી, તેનો ઈતિહાસ, તેની પરંપરા, એ જાણીને તે દૃષ્ટિએ બધું તપાસીએ ભલે, પણ આપણા જીવનની ફિલસુફીની દૃષ્ટિએ જ એ સારૂં છે કે નરસું તે નક્કી કરીએ. એ શક્તિ કેળવણીથી ન મળે તો કેળવણી વ્યર્થ છે.

આજે કેળવણીથી વિદ્યાર્થી આગળ કયા કયા રસ્તા ખુલ્લા થાય છે? વિદ્યાર્થી ભણ્યા પછી શું કરવાનો વિચાર કરે છે? નોકર થઇશ, કાં તો વેપારી લાઇનમાં જઇશ. વેપારી લાઈન એટલે વેપારી નહિ, પણ વેપારીનો નોકર. ગમે તે ક્ષેત્રમાં જાય, એને નસીબે તો નોકરી જ. બેંકમાં પણ નોકરી. વિદ્યાર્થી કહે કે હું ખેતીવાડી ખાતામાં જઇશ. ત્યાં જઇને પણ એ ખેડૂત નહિ પણ નોકર જ થવાનો. આજની કેળવણીવાળો માણસ બધે નોકર જ થઇ શકે; મજુર નહિ થઈ શકે. નોકર કરતાં મજુર શ્રેષ્ઠ છે. મજુર ઓછું કમાતો છતાં સ્વતંત્ર છે; પોતે ધારે તે કરી શકે છે; તે સ્વતંત્ર રહેતો છતાં સેવા કરી શકે છે. નોકર તો સેવા સાથે આત્મા પણ આપે છે, અને હૃદય તેમજ મનથી નબળો પડે છે.

આજની કેળવણીથી આપણી આગળ કયા આદર્શ ઉભા થાય છે? નોકર, વકીલ, દાક્તર, ઇજનેર, વેપારી લાઇન,—એ પાંચસાત જુના ધોરી રસ્તા છે. એ સિવાય બીજું કોઇને સુઝે એમ છે ખરૂં? વકીલ દાક્તરોને વીશે હું જે કહું તેને માટે તેઓ ધન્યવાદ આપે એવી મારી ખાતરી નથી, પણ તેઓ રીસે જો નહિ જ ભરાય એવી આશા રાખું છું. એ ધંધા ખરાબ છે એમ હું નથી કહેતો; પણ આપણે એમનું સ્વરૂપ તપાસીએ. ભુખ લાગે એ સ્વાભાવિક સ્થિતિ છે, માંદા પડીએ એ સ્વાભાવિક સ્થિતિ નથી. જ્યાં સુધી ભુખની સ્વાભાવિક સ્થિતિ છે ત્યાં સુધી ખેડુતનો ધંધો અને રસોઇઆનો ધંધો ધમધોકાર ચાલવાનો. પણ માણસ માંદો પડવાની ના પાડે તો દાક્તર શું કરે? તે જ પ્રમાણે માણસો સત્યથી બેહુદો એવો લડવાનો ધંધો છોડી દે તો વકીલ શું કરે? એ બને ધંધા લોકોની વિકૃતિ પર નભે છે. જીવન જ્યાં સુધી અવ્યવસ્થિત છે ત્યાં સુધી જ એ ધંધા ધમધોકાર ચાલે છે. વકીલ દાક્તરો પોતે પણ આ વાત જાણે છે.

મારા કેટલાક વકીલ મિત્રો કોઈવાર કહે કે 'આ વખતે તો Dull Season—મંદીની મોસમ—છે. કારણકે આ વખતે બહુ લોકો લડયા નથી, ને અમારી પાસે આવ્યા નથી!' આના કરતાં તો પેલો મસાણીઓ સારો, જે કહે છે કે 'અમારી કમાણી ભલે ઓછી થઇ પણ ઘણા લોકો તો જીવ્યા!' મસાણીઓ Dull Season ની ફરીઆદ નથી કરતો. મારા કેટલાક દાક્તર મિત્રો એવા પણ છે કે જે મેલેરીઆના વાવર ચાલવા માંડે એટલે અધુરૂં ઘર પુરૂં કરાવે. આ ધંધા બહાર સારા દેખાય છે; છતાં હું કહું છું કે જ્યાં સુધી બીજો ધંધો ન જડે ત્યાં સુધી વિદ્યાર્થીઓએ આ ધંધાઓનો વિચાર કરવાની જરૂર નથી આ ધંધાની કમાણી આપણી મહેનત પર નથી. પણ ગરજુની ગરજ પર છે.

હું એકવાર સમુદ્રકીનારે કારવારમાં હતો. દરીઆના તોફાનમાં એક હોડી ડુબતી હતી. ખારવાઓ હોડીનાં માણસોને બચાવવા ગયાં. લોકોને કહે, તમને બચાવીએ તો શું આપશો? કોઇએ વીંટી આપી; કોઇએ ૫૦૦ રૂપીઆ આપવાના કબુલ કર્યાં; કોઇએ કહ્યું કે તમે જે માગશો તે આપશું. ખારવાઓએ તે દિવસે અઢળક કમાણી કરી. વકીલો કહેશે કે એ તેમનો હક હતો. માણસ પાસેથી ભીડમાં પૈસા કઢાવ્યા હોય એને કાયદો પણ હકના ગણતો નથી. મને ખબર છે કે પેલા ખારવાઓને વીંટી પાછી આપવી પડેલી. એ પ્રમાણે બે ભાઇઓ લડે; ને એક જણ બીજા પાસેથી ધાર્યું કઢાવવામાં ઓછો પ્રવીણ હોય ને વકીલને ત્યાં જાય; વકીલ એની પાસેથી મનમાન્યા પૈસા લે; એ તો માણસની કફોડી સ્થિતિનો લાભ લઇ કઢાવેલા પૈસા છે. એ કરતાં તો દાક્તર કાંઇક સારા છે, તે કંઈ નહિ તો પ્રત્યક્ષ દુઃખ દૂર કરીને તો પૈસા લે છે!

ત્યારે સૌમાં શ્રેષ્ઠ ધંધો કયો? હું તો કહીશ કે મારો

ધંધો એ જ શ્રેષ્ઠ છે. દુનીઆમાંનું અજ્ઞાન દૂર કરે એથી સારો ધંધો બીજો કયો હોઇ શકે? તેથી હું કહું છું કે બની શકે તો દરેક જણે અધ્યાપક થવું. પણ સાથે એમ પણ કહું છું કે મહાવિદ્યાલયોમાં અધ્યાપક થવાને બધા ન દોડતા. તમારા કરતાં જેઓ ઓછું જાણે છે, જેઓ ગરીબ છે, તેવાની સેવા કરો, ગામડાંમાં જઈને રહો. ગામડાંના સાચા સેવક ભાઇ છોટાલાલ તમને કહેશે કે સેવકોની કેટલી તંગી છે. કામના તો ઢગલા પડયા છે. પણ માણસ ક્યાં છે? વ્યાખ્યાનો આપનાર તો ઘણા મળે, પણ એક ઠેકાણે બેસીને કામ કરનાર નથી મળતા. એ કામ અધ્યાપક કરી શકે.

અધ્યાપક એ સંસ્કૃતિનો મીશનરી છે, રાષ્ટ્રીય સ્વમાનનો મીશનરી છે. મોળા પડતા દુર્બળ લોકોને રોકે ને શૂર ચઢાવે એ અધ્યાપક; સંસ્કૃતિ, તેજસ્વિતા, બંધુતા, કોમ-કોમ વચ્ચેનો પ્રેમ, સબુરીનો પાઠ શીખવે તે અધ્યાપક.

* * *

ઉમરેઠ એ શહેર પણ નથી તેમ ગામડું પણ નથી. જેમને ઉચ્ચ કેળવણી મળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે તેવા વિદ્યાર્થીઓને હું કહું છું કે શહેરમાં જાઓ ત્યાં તમારી સાથે ગામડાની સાદાઈ અને તેજસ્વિતા લઇ જાઓ. ગામડાંનો ચેપ શહેરને લગાડવા જજો, શહેરનો ચેપ લેવા નહિ જતા. ગામડાંના વિદ્યાર્થી શહેરમાં જાય છે ત્યારે મુંઝવણમાં પડે છે, અને પછી શહેરના વિદ્યાર્થીઓનું અનુકરણ કરવા લાગે છે. શહેરની ટાપટીપ અને બાહ્ય વિવેક પાછળ દંભ ખુબ રહેલો હોય છે. શહેરના લોકોમાં ગરીબોની દાઝ નથી હોતી; હૃદયને મારીમારીને કેળવેલો ઓપ (Polish) હોય છે. એનો ચેપ તમને નહિ લાગવા દેતા. તમે શહેર ને ગામડા વચ્ચેની કડી બનો. શહેરના સારા સંસ્કારો અહીં લાવો અને ગામડામાં પણ ફેલાવો. ગરીબોની સેવા કરો, ગરીબો-ની સેવા કરો, એ વિના બીજું કશું મારે કહેવાનું નથી.

નાના વિદ્યાર્થીઓને હું કહું છું કે ખુબ તોફાન કરો; દબાઇ નહિ જતા; પ્રાણનો બહુ વિકાસ કરો; ખુબ અખતરા કરો; ટાઢતડકામાં ફરો; જંગલ, પાણી અને ઝાડ સાથે દોસ્તી બાંધો; પુરુષાર્થ વધે એવું કંઇ કરો; અખાડામાં જઇને શરીર કસો; અને એ બધા ઉપરાંત જબરાઓ ગરીબને કનડે ત્યારે ગરીબનું ઉપરાણું લઇને મારવા જાઓ. પછી તમે જોશો કે મારવામાં લાભ નથી, પણ સમજાવવામાં છે. પરંતુ તમારામાં ગરીબનું ઉપરાણું લેવાની વૃત્તિ અને શક્તિ તો હોવાં જ જોઈએ.

આ બધાંનો અર્થ એ નથી કે તમે બધો વખત બહાર ફર્યા કરો. માબાપની સેવા જે નથી કરતો તે ચારિત્રવાન નથી થઇ શકતો. ખુબ મહેનત કરતાં શીખજો. નવરાશ એ શરીરનો કાટ છે. શરીર અને બુદ્ધિને કસરત આપતા રહેજો. તે ઉપરાંત મુસાફરી કરજો. મુસાફરી કરવાથી અનુભવ મળે છે, દેશની પરિસ્થિતિની માહિતી મળે છે, અને દેશમાં ગરીબ લોકો કેવું કષ્ટ વેઠે છે તેની ખબર પડે છે.

છેવટે એક જ શબ્દ કહીશ કે **તમે ઝટપટ પરણી નહિ બેસતા.** પરણેલા કેટલા યે વિદ્યાર્થીઓએ મને તેમનો અનુભવ કહ્યો છે કે પરણ્યા પછી તેઓ નબળા પડ્યા છે; વિદ્યાર્થીદશાનું તેમણે જે આદર્શ ચિત્ર દોરેલું તે ઉડી ગયું છે. નાતજાતના ઝગડા અને ચર્ચાઓ છોડી દો. લેખોથી નામના વધારવાનો લોભ છોડી દો. આ દીનદુખીઆંનો બેલી છે એવી ગરીબોમાં નામના મેળવો, તો ઈશ્વરનો પણ તમારા પર આશીર્વાદ ઉતરશે અને દેશને પણ તમે સ્વ-તંત્રતા અપાવી શકશો."

પુછો તંત્રીને

પૃથ્વી ઉપર પડતી સૂર્યની ગરમીનો આધાર એનાં કિરણો ઉપર છે. જો કિરણો ત્રાંસાં પડે તો ગરમી ઓછી લાગે અને સીધાં પડે તો વધુ લાગે. સવારસાંજ કિરણો ત્રાંસાં પડે છે એટલે સૂર્ય ઓછો ગરમ લાગે છે, અને બપોરે સીધાં પડે છે એટલે વધુ ગરમ જણાય છે.

વળી પૃથ્વીની ચોમેર 'વાતાવરણ' આવી રહેલું છે. તે નીચેથી ઘાડું ને ઉપર જતાં પાતળું થતું જાય છે. સૂર્ય ઉગતાં ને આથમતાં તેનાં કિરણોને ક્ષિતિજ ઉપરના ઘાડા વાતાવરણમાં થઇને ત્રાંસાં આવવું પડતું હોવાથી કિરણોનો ઘણો ભાગ ફેલાઇ જાય છે, અને તેથી આપણને તાપ ઓછો લાગે છે. બપોર થતાં સૂર્ય જેમ માથે આવતો જાય છે, તેમ તેમ તેનાં કિરણો સીધાં થતાં જાય છે અને તેને ભેદવાની વાતાવરણની ઘાડાઇ પણ ઓછી હોય છે તેથી તાપ વધતો જાય છે. [પાને ૪૪૨મે ચાલુ]

પુસ્તકો નવાં અને જુનાં



બોટાદકરની કવિતા

કવિ બોટાદકરે ઘણે અંશે કાવ્યોમાં કુટુંબ અને કુદરત દ્વારા પોતાના હ્રદયને જ ગાયું છે. એમની કવિતામાં વર્તમાનની ઊર્મિઓ ઉછળે છે, ભૂતકાળનાં સ્મરણો જાગે છે, પણ ભવિષ્યનાં સ્વપ્ન જડતાં નથી. એ સ્વપ્ન ઘડવા જેટલા એ સુસ્થ કે સ્વસ્થ હતા જ નહિ. 'ઊર્મિલા' માં એ અટુલી ને મુંગી બનેલી બાળાને મોંએ કવિ કહેવરાવે છે કે,

'કે'વાનું કંઇ ઉદ્‌ભવે ઉર વિષે તો યે કશું ના કહું.'

અહીં કવિએ પોતાની ચિત્તવૃત્તિ જ કેમ જાણે ચીતરી હોય!

બોટાદકરની કવિતાની શૈલી ઘણે અંશે 'કલાપી'ના જેવી હ્રદયસ્પર્શી છે, પરંતુ એમની ભાષા વધારે શિષ્ટ ને સંસ્કૃતમય હોવાને લીધે ક્યાંક ક્યાંક તે બહુ આકરી થઇ ગઇ છે. સ્વાન્ત (અંતઃકરણ) અને સંસૃતિ (દુનીઆદારી) જેવા શબ્દો આવે ત્યાં બોટાદકર હોવા જોઇએ. 'કેડે બાળક તેડેલી' એમ કહેવા માટે એ 'કટિભાગવિરાજિતબાલવતી' અને 'તાળીઓ લેવાને લીધે લાલલાલ થએલી હથેળીઓ વાળી' એમ કહેવા માટે એ 'તાલકૃતલાલિમાલસિતકરતલવતી' લખે છે. છતાં પણ

'લખ્યું તેં પત્રમાં પ્યારા, નથી સત્કાર મેં કીધો'

એ સરળ સુંદર ગજલના જેવાં એમનાં ઘણાં કાવ્યો ને રાસ સૌ સાહિત્ય-અભ્યાસીઓને હૈયેહોઠે થઇ ગયાં છે.

'કલ્લોલિની' નામે એમની કવિતાઓના પ્રથમ સંગ્રહમાં એમણે એક 'સત્પ્રણય' જ ગાયો છે; 'સ્રોતસ્વિની' અને 'નિર્ઝરિણી'માં કુટુંબના ભાવોને અને કુદરતના દેખાવોને પોતાના હ્રદયના તરંગો વડે રંગીને સાહિત્યના જગતમાં અમર કરી દીધા છે. 'રાસતરંગિણી' નામે છેલ્લા સંગ્રહમાં એમણે પોતાની કવિત્વશક્તિની ઓર કળા ખીલવી છે. અત્યાર સુધી જોનારની નજરે એ કુદરતને છંદમાં બાંધતા; તેને બદલે હવે સ્ત્રીહ્રદયમાં ઉતરીને રાસમાં એમણે આખું કુટુંબ ગાયું છે. અને એ રાસમાં જ આપણને બોટાદકરનું હ્રદયગાન મળ્યું છે.

કવિ બોટાદકરની મોટાઇ તો એ છે કે અંગ્રેજી સાહિત્યના મુદ્દલ અભ્યાસ વગર એમણે અંગ્રેજી કવિઓને આંટે એવા કાવ્યભાવ ગુજરાતીમાં ઉતાર્યા છે. એમની ભાષા અને ભાવનો એકધારો પ્રવાહ સૌ કાવ્યોમાં સળંગ વહેતો રહ્યો છે. ખરે જ એમણે આપણી ભાષાને સંસ્કારી તથા સમૃદ્ધ બનાવી છે.

અને છેવટે, આખો દિવસ તપીને આથમતો સુરજ, એક ઉગતું કમળ જોતો ક્ષિતિજમાં અદ્રશ્ય થાય તેમ, કવિ બોટાદકર પોતાનાં કાવ્યોની થોડી જાહેર કદર જોતાજાણતા ચાલી નીકળ્યા.

બંસરી (ત્રિમાસિક) પુસ્તક બીજું, અંક પહેલો: પ્રકાશક, ભુલાભાઇ પૂંજાભાઇ પટેલ; બોડ (આણંદ); વાર્ષિક લવાજમ રૂા. ૧-૪-૦


આટલા લવાજમમાં હસ્તલિખિત પત્ર સાઇકલોસ્ટાઇલમાં છાપીને કાઢવાની કીંમત જે તંત્રીમાં હોય તેના ઉત્સાહ અને ઉદ્યમની કદર શી રીતે થાય? પણ આમાં તેના તંત્રીઓના એકલાના જ ઉત્સાહ અને ઉદ્યમનું દર્શન નથી. આખા યે પત્રમાં જે સાહિત્યગંગા ઉતરી છે, રસની જે છોળો ઉડે છે તેની જોડે તુલના કરી શકાય એવું અત્યારનું કોઇ છપાએલું પત્ર પણ ભાગ્યે જ મળે. ચુમોતેર પાનામાં, સુંદર હસ્તાક્ષરોવાળી એની વ્યવસ્થિત લેખમાળામાં, કંઇક મધુરાં ફુલ ફોરી રહ્યાં છે. એમાં શ્રી. કિશોરલાલભાઇનું કૃષ્ણ-બંસરીનું સાત્વિક શ્રવણ છે; કવિ નાનાલાલ એમાં સંધ્યાને સરોવરે લીલા જોઇ રહ્યા છે; મસ્ત-ફકીર દિલની ચાવીઓનો ઝુમખો લઇ એમાં ફરે છે; અને કાકાસાહેબ વિના આ લેખમાળા અધુરી જ ગણાત. 'બાલસૃષ્ટિ'માં રવિબાબુના સરસ અનુવાદ; કેશવ શેઠ, રમણિક અને ચતુરભાઇની સુંદર કવિતાઓ; બ્હેન કીર્તિદાના રસભાવ વગેરે સામગ્રી લાવીને આ બંસરીની સુરાવટ જમાવનાર તંત્રીઓ ભાઈ બાપુલાલ ગામી અને આપાભાઈ પટેલને અમે અભિનંદન આપીએ છીએ. એક જ સુંદર ઘાટીમાં બધા લેખો એકધારા લખી જવાની મહેનત કરનારનું નામ અમે જાણી શક્યા નથી, પણ તે માટે પ્રકાશક ભુલાભાઇને જ જશ આપવો યોગ્ય ધારીએ છીએ.

સ્વીકાર

ગીતાની વ્યાખ્યા: શ્રી. અરવિંદ ઘોષના લેખોનો અનુવાદ: પ્રકાશક, યુગાન્તર કાર્યાલય, સુરત. કીં. આઠ આના.

નદકુંવરબા અનાથાશ્રમ, પાલીતાણાના સને ૧૯૨૧-૨૨-૨૩ સુધીના વાર્ષિક રીપોર્ટ.

'મોજમજાહ' અને 'રણસમાચાર'ના દીવાળીના અંકો.



આકાશદર્શન : સિંહાવલોકન

આ લેખમાળા ત્રીજા અંકથી શરૂ કરવામાં આવી હતી; ત્યાંથી તે ગયા (૧૦ મા) અંક સુધીમાં આકાશના મુખ્ય મુખ્ય તારાઓનો પરિચય આપણે એમાં કર્યો. પહેલા મહત્ત્વના લગભગ બધા તારાઓનું, અને બીજા મહત્ત્વના ઘણાખરા તારાઓનું ઓળખાણ આપણે કરી લીધું છે.

તમે જોયું હશે કે મંગળ, ગુરુ, શુક્ર અને શનિનું સ્થાન તારાઓમાં થઈને ધીરેધીરે બદલાતું જાય છે, પણ બીજા તારાઓ તો એકબીજાના સંબંધમાં સ્થિર જ રહે છે. આ કારણે આ ચાર તારાઓને ગ્રહ કહે છે. આ સિવાય બુધ પણ એક 'ગ્રહ' છે, પણ તે હમેશાં સૂર્યની બહુ પાસે રહેતો હોવાથી કોઈ વખત જ દેખાય છે; અને યુરેનસ તથા નેપ્ચ્યુન નામના બીજા બે ગ્રહો છે, તે દૂરબીન વગર નરી આંખે દેખાતા નથી. ચંદ્ર તારાઓમાં થઈને ફર્યા કરે છે એ તો બધાએ જોયું હશે. વળી સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી તરતજ, અનુક્રમે પૂર્વ અને પશ્ચિમમાં જે તારાઓ દેખાય છે તે પણ દરેક મહીને જુદા જુદા હોય છે. આ ઉપરથી સૂર્ય પણ તારાઓમાં થઈને ફરતો દેખાય છે.

આ રીતે રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર શનિ, યુરેનસ અને નેપ્ચ્યુનનું સ્થાન સ્થિર તારાઓમાં બદલાતું દેખાય છે. બીજા બધા તારાઓ એકબીજાના સંબંધમાં સ્થિર છે, એટલે તેમનું સ્થાન એકબીજા પરત્વે બદલાતું નથી. કોઈ પણ તારો પોતાના ઝુમખામાં જે સ્થાને હોય છે તે સ્થાને જ હમેશાં દેખાય છે, અને કોઈ પણ ઝુમખું બીજાં ઝુમખાંઓ પરત્વે જે સ્થાને હોય છે તે જ સ્થાને હમેશાં દેખાય છે. રવિ, સોમ વગેરે સિવાયના બધા તારા જાણે આકાશરૂપી ઘુમ્મટમાં જડી દીધા હોય એમ લાગે છે.

આપણે જાણીએ છીએ કે પૃથ્વી ગોળ છે અને તે ૨૪ કલાકમાં પોતાની ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ દિશામાં એક આંટો ફરે છે. આથી આપણને એવો ભાસ થાય છે કે જાણે આખું આકાશમંડળ ફરે છે. આકાશમંડળ એટલે જેવો આકાશનો અર્ધો ગોળો આપણને દેખાય છે તેવો જ બીજો અર્ધો ગોળો આપણે ક્ષિતિજની નીચે કલ્પીએ, અને તેને ઉપરના ગોળાની સાથે જોડી દઈએ, તો જે આખો ગોળો થાય તે. આ ગોળાની અંદરની બાજુએ જાણે બધા તારાઓ જડી દીધા છે એમ કલ્પના કરીએ, અને પછી તે આખા ગોળાને પૂર્વથી પશ્ચિમ તરફ ફેરવીએ, તો જે રીતે તારાઓ ફરતા દેખાય, તે જ રીતે આપણને રોજ તારાઓ ફરતા દેખાય છે. એટલે બરાબર પૂર્વમાં ઉગેલો તારો બરાબર પશ્ચિમમાં આથમશે, ઇશાન ખુણામાં ઉગેલો તારો વાયવ્ય ખુણામાં આથમશે, અને અગ્નિ ખુણામાં ઉગેલો તારો નૈઋત્ય ખુણામાં આથમશે. આ રીતે તારાઓ ઉગે છે, મધ્યાકાશે આવે છે અને આથમે છે. મધ્યાકાશે આવે છે એટલે ક્ષિતિજથી વધારેમાં વધારે ઉંચાઈએ ચડે છે. એવે વખતે તેઓ હમેશાં આપણા માથા પર જ આવે છે એવું કંઈ નહિ. કેટલાક એવે વખતે બરાબર ઉત્તર તરફ તો કેટલાક બરાબર દક્ષિણ તરફ પણ હોય છે. એવે વખતે તારો યામ્યોત્તર થયો કહેવાય.

આકાશમંડળના આ રોજના ભ્રમણમાં સ્થિર તારાઓની પેઠે રવિ, સોમ વગેરે પણ ભાગ લે છે, પણ તેમની આ દેખીતી ગતિ ઉપરાંત તેમને એક બીજી ગતિ પણ હોય છે, જે ગતિને લીધે તેઓ

ધીમેધીમે તારાઓમાં થઇને ખસતા માલુમ પડે છે.

આપણે જોયું કે સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે અનુક્રમે પૂર્વ અને પશ્ચિમમાં જુદાજુદા મહીનામાં જુદાજુદા તારા હોય છે. આ ઉપરથી રાત્રિનો એક અમુક ચોક્કસ વખત લઇએ, (દાખલા તરીકે ૯ વાગે) તો તે વખતે દરેક મહીનામાં દેખાતા તારાઓમાં ફરક પડશે. સૂર્યાસ્ત વખતે પશ્ચિમ તરફ આ મહીને દેખાતા તારામાંથી કેટલાક તારાઓ આવતે મહીને દેખાતા બંધ થશે, અને સૂર્યોદય વખતે પૂર્વ તરફ નવા તારાઓ દેખાવા માંડશે.

આથી દરેક તારો જોવાને માટે એક અમુક મહીનો ખાસ અનુકુળ હોય છે. દરેક તારો જ્યારે યામ્યોત્તર થાય છે ત્યારે ક્ષિતિજથી વધારે ઉંચો હોય છે, તેથી તે વખતે તે તારો વધારેમાં વધારે સ્પષ્ટ દેખાય છે. વળી રાતના ૯ વાગ્યાનો સમય તારાઓ જોવાને માટે કદાચ વધારેમાં વધારે અનુકુળ ગણાય. તે વખત એટલો મોડો નથી કે જ્યારે આપણે સુઇ ગયા હોઇએ; તેમ એટલો વહેલો પણ નથી કે સૂર્યાસ્ત પછી થોડો વખત રહેતા અજવાળાને લીધે તારાઓ ન દેખાય. આથી મુખ્યમુખ્ય તારાઓ કયા મહીનાની કઇ તારીખે અમદાવાદમાં રાતના સ્ટાંડર્ડ ૯ વાગે યામ્યોત્તર થાય છે તે નીચે જણાવ્યું છે, કે જેથી તે વખતે તે અને તેની આસપાસના કેટલાક તારાઓ સ્પષ્ટ રીતે જોઇ શકાય.

તારો	તારીખ
રોહિણી–યોગતારા	જાન્યુઆરી ૨૩
બ્રહ્મહૃદય	ફેબ્રુઆરી ૨
અગસ્ત્ય	,, ૨૦
વ્યાધ	,, ૨૫
મઘા-યોગતારા	એપ્રિલ ૧૮
સપ્તર્ષિ-દર્શકતારા	મે ૧
ફાલ્ગુની–યોગતારા	,, ૧૩
ચિત્રા	જુન ૭
સ્વાતિ	,, ૨૦
પારિજાત	જુલાઇ ૨૩
અભિજિત્	આગસ્ટ ૨૫
શ્રવણ–યોગતારા	સપ્ટેમ્બર ૧૨
યામમત્સ્ય	ઑક્ટોબર ૨૯
દેવયાની–યોગતારા	નવેમ્બર ૨૫
યમુના	ડિસેમ્બર ૧૦

અમુક નક્ષત્રની યોગતારા એટલે તે નક્ષત્રનો સૌથી ચળકતો તારો; અને દર્શકતારા એટલે જે બે તારાઓને જોડનારી લીટી ધ્રુવમાં થઇને જાય છે તે બે તારાઓ.

ઉપર જે તારાઓનાં યામ્યોત્તરની તારીખ નથી આપી તેમના નજીકના તારા ઉપરથી તેની તારીખનું અનુમાન કરી લેવું.

હરિહર ભટ્ટ

પુછો તંત્રીને

[ચાલુ]

સૂર્ય ઉગતાં ને આથમતાં રંગો દેખાવાનું કારણ પણ આ 'વાતાવરણ' જ છે. એ વાતાવરણને લીધે સૂર્યનાં કિરણોમાંનાં વાદળી રંગનાં કિરણો તેમાંથી ત્રાંસાં પડી આપણી સામેની બાજુએ જાય છે, અને લાલ તથા પીળા રંગનાં કિરણ આપણી આંખ સામે આવી રહે છે. તેથી જ જુદા જુદા રંગોની લીલા થાય છે.

માસિકો અને પુસ્તકોમાં આવતાં રંગીન ચિત્રો કેમ બને છે એની હકીકત બહુ રસદાયક, પણ લાંબી છે. 'કુમાર'માં એ કોઈવાર ચિત્રો સાથે વિસ્તારથી અમે આપવાના છીએ.

એકથી દસ સુધીના આંક તથા નકશા બનાવવાની રીત પહેલવહેલી કોણે શોધી તેની ચોક્સ માહીતી અમને નથી મળી. વાચકોમાંથી કોઇ જાણતું હોય તો લખી મોકલે.

નવા સવાલ

વીજળીની શોધ પહેલવહેલી કોણે કરી?

ગ્રામોફોનની પ્લેટ શાની બને છે?

તત્ત્વો કેટલાં છે?

દુનીઆમાં જાતિઓ કેટલી? ભાષાઓ કેટલી? અને માણસોની કુલ સંખ્યા કેટલી?

કાગડો કેટલાં વર્ષ જીવતો હશે?

અંગ્રેજો કોઇને ઘેર જાય અથવા મળે ત્યારે ટોપી શા માટે ઉતારતા હશે?



માધુકરી

સોરઠની સંસ્કૃતિ

સૌરાષ્ટ્ર નામનો ટાપુ એક વખત હીંદ-ને તીરે તરતો હતો. સમુદ્રનાં આસમાની મોજાં અને હાથેપગે ચોગમ રત્નાલંકારો સજતાં હતાં. કુદરત એના હૈયા પર બેસીને પાંચીકુકા રમતી હતી.

એક દિવસ કુદરતે સૌરાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે સેતુ બાંધી દીધો. સમુદ્ર શોષીને સિંધ કચ્છને સૌરાષ્ટ્રની સહેલગાહે જવાના માર્ગો ખુલ્લા કરી દીધા. દશે દિશામાંથી અહીં ઘણા વિજેતાઓ આવ્યા. આવીને તલવારો આ ભૂમિને ચરણે ધરી દીધી. મુગ્ધ બનીને અહીં ઠેર્યા. સહુએ પોતપોતાની સંસ્કૃતિની ભેટ અહીં ધરી દીધી. એ નોખનોખી હીર-દોરીઓને ગુંથીને સૌરાષ્ટ્રે પોતાની એક નવીન સંસ્કૃતિ રચી. એક બાજુ વેપારવાણિજ્યને માટે એના પુત્રોએ પારકી ભૂમિના આશરા લીધા; ઇતિહાસભૂગોળે લાલ, લીલી ને પીળી લીટીઓ કાઢીને એની તાબેદારીના સીમાડાઓ વારેવારે બદલાવ્યા જ કર્યા; છતાં માનવીઓના કોઇ પણ સ્વચ્છંદને વશ ન થઇ શકે એવો એક પ્રાણ સૌરાષ્ટ્રના કલેવરમાં ધબક્યા જ કરતો હતો. ગુજરાત એની કનેથી ખંડણીમાં નરસિંહ મહેતાથી માંડી નાનાલાલ સુધીનું અઢળક જવાહીર ઉપાડી ગયું. છતાં જુનાગઢના રા' ખેંગાર જેવા એ સોરઠી સાહિત્યે અને રાણક દેવડી સરખી સોરઠી સંસ્કૃતિએ પોતાનું વ્યક્તિત્વ ન ગુમાવ્યું, ને હજુ સુધી યે પુરેપુરું તો નથી જ ગુમાવ્યું. સોરઠનાં રુદન અને ગાન: રોષ અને હર્ષ: સ્નેહ અને ધિક્કાર: એ જુદાં—એના લેબાસની માફક બીજાથી જુદાં જ—રહ્યાં આબુ અને ગીરનાર વચ્ચે જે તફાવત તે જ સોરઠની ને ગુજરાતની સંસ્કૃતિ વચ્ચે રહી ગયો. ઉપરનું સામ્ય અંદરના ભેદને ઢાંકે છે માત્ર.

હજુ પણ પગ, કમ્મર અને માથા તળે ત્રણ પથ્થરનું ટેકણ કરી, ઉપર ઊનની ધાબળી ઓઢી, ધોધમાર વરસાદમાં તમે ભરવાડને અરણ્યમાં ઘસઘસાટ ઉંઘતો જોશો; અને નીચેથી ખળખળ કરતાં પાણી ચાલ્યાં જતાં જોશો. સૌરાષ્ટ્ર એટલે મુખ્યત્વેકરીને આવા માલધારીઓનો—ભરવાડ, રબારી, ચારણ, આયર, કાઠી અને સંધીઓનો—દેશ. સદાના પ્રવાસી આ માલધારીઓ આજ ગીરના લીલુડા ડુંગરા ઉપર ચઢીને સાવજદીપડાની ડણકો વચ્ચે વાંસળી છેડે, કાલે કોઇ ઉંડી નદીની ઉંચી ભેખડ પરથી કાળી ધાબળી ઓઢી 'હુ હુ' શબ્દ ઉચ્ચારતા કુદકો મારી નીચે નદીપટમાં સુતેલા સિંહને ભડકાવે, અને પરમ દિવસ પાંચાળની સમથલ ધરતી ઉપર વેળુના ફાડકા ભરવા નીકળી પડે. સાહસ, કુદરતનો સહવાસ, પંખીઓના સહ-કલ્લોલ ને તરુણ ગોવાળણોની પ્રીતિભરી તોય બરછી જેવી કારમી મશ્કરી, એ જ એનું જીવન.

ચોરાઓ: ઠાકરદુવારાઓ: સંધ્યાની આરતી: કોઇ રડચોખડચો કોઠો: પ્રેમમાંથી વિવેકમાં પલટીને પણ સજીવન રહેલી સોરઠી મહેમાનદારી: ગામડાંને પાદર ઉઘલતી જાન: ઘુમટામાં આંસુ સારતી 'પ્યારી લાડી'નું ઘુઘરીઆળું વેલડું: ઘોડે બેઠેલો કીનખાબની આંગડીવાળો 'વર લાડો' શરણાઈના શોર: બંદુકદાર વોળાવીઆ: અને ઘોડાંની નૃત્યરમતો:—એ અમારી જુની સંસ્કૃતિના સ્તંભો છે. એમાંથી સાહિત્ય જન્મ્યું છે. કાઠી રજપુત દરબારોની માનવસુની ડેલીઓ: રુપેરી હોકાઓ: કસુંબાની મેલી પ્યાલીઓ: બથ ભરીને ભેટવાના રીવાજો: મુછોના થોભા અને રાતીચોળ આંખો: રડચાંખડચાં સારાં ઘોડાં ને રડચાખડચા બહારવટીઆની પવિત્ર નીતિરીતિ: અને એને પાણી ચઢાવતા રડચાખડચા ચારણો: એ બધાંમાં એક વખત અમારી સંસ્કૃતિનો આત્મા ટહુકતો હતો. યુદ્ધનાં ધમસાણો, લુંટફાટો, અપહરણો અને લોહીની ધારાઓમાં જેટલું હિંસાનું તત્ત્વ હતું, એટલે કે લોહીની ઘાતકી પિપાસા અને હત્યાકારી દ્વેષ હતાં, તેથી સાતગણાં વીરતાના ખેલ કરવાના કોડ, વીરત્વ પ્રત્યે ભક્તિભાવ, માન ને પ્રશંસાની લાગણી હતાં.

અને કુળમરજાદનાં ધોરણો પણ કેવાં ? ભડલીના ભાણ ખાચરે વૃદ્ધાવસ્થામાં નવું ઘર કર્યું. સોળ વરસનાં જુવાન કમરીબાઈ સાસરે આવ્યાં. ત્યાં તો સાઠ સાઠ વરસનાં ગામલોકો એમને 'આઇ' કહી બોલાવે. આઇ એટલે મા. કમરીબાઇ વિચારે છે કે 'અરરરર! હું આખા ગામની આઇ, અને મારા મોંમાં દાડમકળીઉં શોભે ?' પથ્થર લઇને પોતાના બત્રીસે દાંત પાડી નાખ્યા!

એક બીજા કાઠી દરબાર મોટી ઉમરે પરણ્યા. પહેલે જ દિવસે નવાં કાઠીઆણીના હાથનો રોટલો જમવા દરબાર બેઠા. બોખે દાંતે રોટલો બરાબર ન ચવાયો. જમતાં જમતાં હસીને માત્ર એટલું જ બોલાઇ ગયું કે 'બત્રીસ દાંતવાળાને બોખાંની પીડા ક્યાંથી સમજાય ?' રાતે શયન-ગૃહમાં દરબાર ચોંકી ઉઠ્યા. 'રાણી, શો ગજબ ! એકેય દાંત નહીં!' હસતે મુખે જવાબ મળ્યો કે ! 'બોખાંની પીડા સમજવા.'

વિનોદાત્મક વચનો કાઢવાં કે મર્મસૂચક અભિનયો કરવા, એ તો એ યુગની પ્રકૃતિ હતી. પછી કટાક્ષો કરવાથી જીવના જોખમમાં ઉતરાય તો ભલે. લાઠીના રાજા લાખાજી ગોહીલને ઘેર જસદણના કાઠી શેલો ખાચર પોતાના બસો કાઠી યોદ્ધાઓને લઇને મહેમાન બન્યા. લાખાજી મહેમાનોને શેરડી ખવડાવવા વાડમાં તેડી ગયા. પોણાપોણા મણનો એકેક સાંઠો ! કાઠીઓ ચુસતા જાય ને બોલતા જાય કે 'વાહ શેરડી !' ત્રણ વખત 'વાહ શેરડી' કહ્યું. લાખાજીએ ઉત્તર દીધો કે 'મીઠી કેમ ન હોય? એમાં તમારા વડવાઓનાં માથાંનું ખાતર નાખ્યું છે.' બધા કાઠી 'થુ થુ' કરતા ઉભા થઈ ગયા. બસ, વેર બંધાયું.

ઓછાબોલાં એ યુગનાં માનવી, બોલતાં ત્યારે બાળીને ભસ્મ કરતાં. ઓછાબોલાં હતાં તેથી જ જે કંઈ બોલાતું તે અમર બનતું. વેણ જ એવાં નીકળે કે કાળજા સોંસરવાં જાય. મર્મ-કટાક્ષ અને હાજરજવાબીની નીશાનીઓ તો હજુ યે તાજી જ છે.

લીંબડીના રાજાએ ગગા ઓઝાને કહ્યું કે 'તમે તો ઓઝા (ઓઝા = કુંભાર) રામપાતર ઉતારી જાણો'. ઉત્તર મળ્યો કે 'રામપાતર ઉતારીએ ખરા, પણ તે બીજાને દેવા માટે'.

ખીલખાના ભાયા મેર અને વીરા વાળા વચ્ચે વિગ્રહ: બંને દુશ્મનો : ગોંડળના રાજા ભા' કુંભાએ બંનેને પોતાને ઘેર, સમાધાન કરવાને બહાને નિમંત્ર્યા : બધા જમવા બેઠા : ભાયા મેરને જાણ થઇ કે વીરા વાળાને મારી નાખવા એની થાળીમાં ભા' કુંભાએ ઝેરના લાડુ પીરસાવ્યા છે : 'હાય ! હાય ! વીરા વાળા જેવો વીર શત્રુ ! અને ભા' કુંભો આવી રીતે દગે મારે !': ભાયો મેર ન સહી શક્યો : બીજી રીતે ચેતાવવાનો વખત નહોતો: ભાયો મેર દોડ્યો: લાડુના બટકા ઉપર વીરા વાળાનો હાથ પડે છે, ત્યાં તો ભાયો બોલ્યો, 'વીરા વાળા, મારૂં સમાધાન કર્યા વિના જો તું આજ ખા, તો ગા' ખા !': એમ દુશ્મનને ઉગાર્યો.

અને કાવ્યો પણ કેવાં ? સંસ્કૃત સાહિત્યની સર્વોત્તમ કૃતિઓને સ્મરાવે—ને કદાચિત્ વિસ્મરાવે તેવાં સવાંગ સુંદર. 'ગંગાલહરી' કાવ્યની સામે તોળાવા બેસે તેવા 'ભાગીરથી'-ના દુહા તેવી જ એક ઘટનાએ સરજાવ્યા છે. રાજદે નામના ચારણની હાંસી કરવા કોઈ અન્ય ચારણે બાદશાહ મહમદ બેગડાના મગજમાં એવું ઠસાવી દીધું કે રાજદે ચારણ પ્રચંડ બાંગ પોકારી જાણે છે. કેવી બાંગ ! જળપ્રવાહ થંભી જાય, માતાના સ્તન પર ધાવતાં વાછરૂ સ્તનપાન છોડીને સ્તબ્ધ બની જાય એવી. રાજદે કહે કે 'હું ચારણ. મારા મોંમાં બાંગ ન હોય; મારી કાયા વટલાય, મારૂં મોત થાય.' પણ બાદશાહે હઠ ન છોડી. રાજદે પેટમાં બે કટાર ઘોંચી, ઉપર પછેડીની ભેટ વાળી હજીરા પર ચઢ્યો. બાંગ દીધી. ભાખેલું બધું બન્યું. નીચે ઉતરી ભેટ છોડે કે પ્રાણ જાય તેટલી જ વાર હતી.

મશ્કરી કરનારે નીચેથી કહ્યું, 'રાજદેભાઇ ! તમને બાળવા કે દફનાવવા ?' રાજદેએ ગંગાની સ્તુતિ ઉપાડી. જેટલાં હજીરાનાં પગથીઆં તેટલા દુહા કહ્યા. માતા ભાગી-રથીએ ભોંયમાંથી નીકળી, હજીરા સુધી ચઢી, ભકતને માથાબોળ નવરાવ્યો. એક જ દુહો તપાસીએ :

ઉપર ઉતરીઆં, પંખી તે પાવન થીઆં;
માંહી મંજન કીઆં, ભૂત ન સરજે ભાગીરથી.

[હે ભાગીરથી ! તારા ઉપર થઇને આકાશમાં જે પંખી ઉડે છે, તેની માત્ર છાયા જ તારા નીરને અડકવાથી તે પંખીઓ પાવન થાય છે; તો પછી એ નીરની અંદર સદેહે સ્નાન કરનારાં મનુષ્યોને મૃત્યુ પછી ભૂત થવાનું ક્યાંથી રહે ? અર્થાત્ એવાંની તો મોક્ષગતિ જ હોય.]

એક જાણકારે કહ્યું હતું કે આટલી ગહન કલ્પના તો 'ગંગાલહરી'માં નથી !

કાઠી રજપુત અને ચારણ, આયર રબારી અને ભરવાડ, એવાં કાઠીઆં વર્ણો આ સંસ્કૃતિનાં સરજનહાર હતાં. શિષ્ટ વર્ણોની નિર્બળતાઓ ને કૃત્રિમતાઓ એમના-માં નહોતી. છતાં રસિકતા, ઇન્દ્રિયનિગ્રહ ને બિરદપ્રતિ-પાલન ઉચ્ચ હતાં.

શૌર્ય વિના સ્નેહ નહોતો; સ્નેહથી જુદી ભક્તિ ન સંભવતી. લુટારાના અંતરમાં પણ ભક્તિ વહેતી. બાવા વાળો બહારવટીઓ પોતાની પાછળ ચાહે તેટલા નજીક શત્રુ-સૈન્યો આવી પહોંચ્યાં હોય છતાં, સૂર્યોદય થતાં તો

જ્યાં હોય ત્યાં બેસી જતો; કોડીઆમાં વાટો મુકીને સૂર્યની સામે ધરતો, એટલે સૂર્યનાં કિરણોમાંથી વાટોમાં સ્વતઃ જ્યોત પ્રગટતી! માળા પુરી થયા પહેલાં એ બહારવટીઓ ડગલું યે ન દે.

કલ્પનાથી ઘેરાતાં એ માનવીઓનાં લોચન હતાં. વીરપૂજા ને સૌંદર્યપૂજા, સ્નેહપૂજા ને અતિથિપૂજા, સત્યપૂજા ને ટેકપૂજા, એ એમની પૂજાઓ હતી. વાસ્તવિક એ બધાં એક જ સંસ્કારનાં—એક જ હીરાનાં જુદાંજુદાં પાસાં હતાં; એક જ રસ જુદી જુદી ચીરાડોમાંથી ટપકતો, નોખનોખાં ઝરણ વહાવતો ને સમયધર્મનાં નોખનોખાં કિરણો વડે છવાઇને નોખનોખા રંગો ધારણ કરતો. એ સંસ્કાર, એ હીરો, એ રસ કયો? ક્ષત્રિવટ. એ એક જ સંસ્કૃતિના ગર્ભમાંથી ભક્તો, વીરો, દાતાઓ ને પ્રેમિકો જન્મ્યા. (આશ્વિન ૧૯૮૦ ના 'કૌમુદી'માંથી તારવીને.)

મર્હુમ પ્રો૦ બરજોરજી અરદેશર એન્ટી

વિદ્યાર્થીઓના જીવનમાં જે કેટલીક અત્યંત અગત્યની વસ્તુઓ હોય છે તેમાં પોતાના 'હેડમાસ્તર' વીશેની છાપ પણ એક છે. ઘણીયેવાર વિદ્યાર્થીઓ માનપૂર્વક, ભયથી કે હોંશથી પોતાના હેડમાસ્તરોની વિદ્વત્તા, સખ્તાઈ કે પ્રેમળતાની વાતો કરે છે; અને એની છાપ ઘણીવાર તેમની જીંદગી સુધી રહે છે.

જેમણે જીંદગી આખી વિદ્યાર્થીઓને વાત્સલ્યથી ચાહ્યા છે, વિદ્યાર્થીઓમાં આશાઓ રાખી છે, ને વિદ્યાર્થીઓની દરેક બાબતમાં રસ લીધો છે એવા એક અતિ વત્સલ, વિદ્વાન ને પ્રોત્સાહક હેડમાસ્તર (અને પાછળથી વિદ્યાધિકારી) હમણાં જ મૃત્યુ પામ્યા છે. અત્યારે ઘણા 'મોટા' થએલા વિદ્યાર્થીઓના એ જુના ગુરુ હતા.

ભાવનગરની તખ્તેશ્વરની ટેકરીપર સવારસાંજ ફરવા જનારને હમેશાં, ગરમ લુગડાં પહેરેલા એક વૃદ્ધ પણ તેજસ્વી જણાતા પારસી, ધીમી ચાલે ટેકરીની આસપાસ કલાક દોઢ કલાક સુધી પ્રદક્ષિણા કરતા નજરે પડતા. રસ્તે આવતાજતા ઘણીવાર વાતો કરતાઃ "જોયા પેલા એન્ટી સાહેબ? એ હમેશાં, ઘડીઆળના જેટલી નિયમિતતાથી કાયમ સવારસાંજ અહીં ફરે છે. અમે ભણતા ત્યારે એ અમારા હેડમાસ્તર હતા. એટલા ભલા, ને એટલા વિદ્વાન કે બસ. સીત્તેર વર્ષના થવા આવ્યા; પણ આ નિયમિત આટલી કસરત તો એ કરવાના જ. આટલી ઉમરે આવું શરીર જાળવી રાખ્યું તે આવી કસરતના જ પ્રતાપે તો."

મુળ સુરતના વતની, અને ગ્રૅજ્યુએટ થયા પછી મુંબાઇની જમશેદજી જીજીભાઇ હાઈસ્કુલમાં શિક્ષક તરીકે જોડાએલા, બરજોરજી અરદેશર એન્ટી, ત્યાંથી છોડી ભાવનગર રાજ્યની નોકરીમાં રહ્યા; ને છેવટ સુધી એ જ શહેરમાં જીવન ગાળી, ગઇ તા. ૧૫ મી ઑક્ટોબરે ૭૭ વર્ષ પુરાં કરી એ બેહિશ્તનશીન થયા.



ભાવનગરના કેળવણીખાતાના પ્રોત્સાહક હેડમાસ્તર અને માયાળુ વિદ્યાધિકારી તરીકે તો એ સૌને યાદ રહી જ ગયા છે. પણ તે ઉપરાંત એમનું ખાનગી જીવન પણ અતિ સુંદર હતું. જ્ઞાનના એ પરમ ઉપાસક હતા; ને કલાના એ રસિક હતા. પુસ્તકો એમને એટલાં પ્રિય હતાં કે જીંદગીના અંત સુધી એનો સતત સહવાસ એમણે રાખ્યો હતો.

આ પત્રના તંત્રીને ચિત્રકામ માટે પહેલવહેલું પ્રોત્સાહક ઇનામ બાળપણમાં એક નાની રંગની પેટી મળી હતી; અને તે આ પનોતા પુરુષ એન્ટી સાહેબને હાથે. એ નાનો પણ ભાવપૂર્ણ પ્રસંગ આજે યાદ કરી, અનેક વિદ્યાર્થીઓના પ્રેરક ને પ્રોત્સાહક એ સત્પુરુષને કૃતજ્ઞતાપૂર્વક સ્મરણાંજલિ આપી, તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

શહીદ

"અફઘાનિસ્તાનમાં એક મનુષ્યને ધાર્મિક મતભેદને કારણે, જીવતો પથ્થરના મારથી કુટી મારવામાં આવ્યો છે એ વાત જ્યારે સંસ્કારી દુનીઆએ જાણી, ત્યારે કોઇ પણ સજ્જનનું દિલ દુઃખ પામ્યા વિના નહિ રહ્યું હોય.

શાંતિનો ઉપદેશ આપતો અહમદીઆ પંથનો નિયામ-

મુલ્લાખાન નામનો એક ઉપદેશક હતો. લોકમતે તેને એ બાબત ગુનેહગાર ગણી સંપ્રદાયની રીતે તેનો ન્યાય તોળ્યો, અને પથ્થરના મોતે મારવાની સજા ફરમાવી. તેના હાથ બાંધ્યા, પગમાં બેડીઓ નાખી, અને શહેર આખામાં તેને ફેરવ્યો. તે વેળા લોકો પોતાનાં કપડાંમાં પથરા વીણતા પાછળ ચાલ્યા.

એક ઠેકાણે તે કમનસીબ ધર્માત્માને ઉભો રાખી, વડા મુલ્લાં તરફથી હુકમ મળતાં, લોકોએ ભેગા કરેલા પથ્થરોના ઘાનો તેના પર વરસાદ શરૂ કર્યો. દુઃખથી તરફડતો, તે બીચારો પાછળ હઠતો હઠતો શહેર બહારના એક ખડક સુધી પહોંચ્યો; અને ત્યાં પડયો તે વખતે તેના લોહી-વહેતા શરીર પર ઢગલાબંધ ગચ્ચાં પડયાં, તેમાં તે દટાઈ ગયો. કેટલીયે વારે તેનો જીવ ગયો હશે.''

આ બનાવને બીજા કોઇ ધર્મ જોડે સંબંધ નથી. પણ મનુષ્યોનાં દિલ આ જમાનામાં પણ કેટલી હદ સુધી નિષ્ઠુર રહ્યાં છે તેની નીશાનીરૂપ આ બનાવ છે. હીંદુસ્તાનમાં વસતા મુસલમાનો પણ આ બનાવથી કંપી ઉઠશે. નિષ્ઠુરતાનાં પાપ દરેક પ્રજાએ આગલા કાળમાં કરેલાં છે. યહુદી પ્રજાએ ઇશુ ખ્રિસ્તને ક્રૉસપર જીવતો ખીલા ઠોકી ચોડયો છે; પારસીઓ પર ઇરાનના મુસલમાનોએ એવો જ જુલમ ગુજાર્યો છે; બ્રાહ્મણોએ બૌદ્ધો પર એટલો જ સીતમ વરસાવ્યો છે.

પરંતુ ખરા ધર્મના સંસ્કારવાળો માણસ ક્રોધ, આવેશ કે ધર્માંધપણામાં થએલાં આવાં કૃત્યોને એક ક્ષણવાર પણ ન્યાયી ગણી નહિ શકે. અત્યારની ઉગતી પ્રજામાં ભલે ધર્મને નામે દોડાદોડી અને ધમાલ ઓછાં હશે, પરંતુ તેઓ તેમના પૂર્વજો કરતાં ધર્મદ્વેષ ઘણો ઓછો ધરાવે છે, અને તેમાં જ ઉત્તમ માનવધર્મનું પાલન છે એમ અમે માનીએ છીએ. દરેક માણસ પહેલો 'મનુષ્ય' છે, અને પછી અમુક ધર્મનો છે. બ્રાહ્મણો ને વૈષ્ણવો, જૈનો ને આર્યસમાજીઓ, મુસલમાનો, પારસીઓ કે ખ્રિસ્તી યહુદીઓ, બધા ભૂત-દયાનો મર્મ સમજે તો આજે હીંદુસ્તાનની ભૂમિનાં અનેક દુઃખદરિદ્રતા ક્ષણવારમાં દૂર થઇ જાય. ચાહો અને સહો.

લીલો મેવો

વેમ્બલીના પ્રદર્શનમાંથી કેટલાંક કબુતરોને ઉડાડી મુકવામાં આવ્યાં છે. તેઓ ટાઢ વરસાદ ખમીને, સમુદ્રો અને લીલાં ખેતરો ઉપરથી ઉડીને, મહીનાઓની મુસાફરી પછી પોતપોતાના માલિકને ઘેર જશે. ઉંઘ, થાક અને ખોરાકની મુશ્કેલીઓ વેઠીને પણ આ હેતાળ અને વિશ્વાસુ પક્ષી મનુષ્યની માયા ભુલતાં નથી.

પદાર્થમાત્રમાં વીજળી રહેલી છે એવા જ્ઞાનની વધુ શોધ થશે ત્યારે કદાચ આપણે સૂર્યનાં કિરણોમાંથી પરભાર્યો વીજળીનો પ્રવાહ મેળવી શકશું.

કૅપ્ટન થૉમસ જોન સ્પેન્સલાઈન પંદર વર્ષની વયે વહાણમાં નોકર રહેલો. ખંત અને મહેનતથી પંદર વર્ષ પછી એ કૅપ્ટન થવા પામ્યો.

અમેરિકાનો ભૂતરશાસ્ત્રી ડૉ. ઇઝને એક રૂપાનો પ્યાલો શોધી કાઢયો છે, જે ઇશુ ભગવાનના 'છેલ્લા ખાણા' વખતનો છે એમ મનાય છે. ઇશુ વધસ્તંભ ઉપર ચડયા તે પહેલાં પોતાની શિષ્યમંડળીને એ પ્યાલાથી તેણે દારૂ પાયો હતો.

સિન્યૉર મુસોલિની ઇટાલીની રાજસભાના પ્રમુખ છે. તે પોતાના પાળેલા વાઘને ઘણીવાર રમાડે છે.

નૉર્વેમાં વિદ્યાપીઠ સુધીની કેળવણી રાજ્ય તરફથી મફત અપાય છે. ત્યાં બાળકોનું આરોગ્ય સાચવવાનું કામ પણ રાજ્ય કરે છે.

સ્ટૉકવેલના અનાથાશ્રમમાં રહેલો એક છોકરો ધંધાદાર થઈ ધનવાન થયો, એટલે તેણે પોતાના વિદ્યાર્થીજીવનમાં થએલું ખર્ચ અનાથાશ્રમને ઉપકારસહિત પાછું ભરી દીધું.

હૅરી નિકસન નામના એક પાંચ વર્ષના છોકરાએ ત્રણ વર્ષની છોડીને તળાવમાંથી ડૂબતી બચાવી છે. હૅરીના બાપે આવી રીતે ૧૪ માણસના જીવ ઉગાર્યા છે; પણ બાપ કરતાં બેટો સવાયો થશે એમ જણાય છે.

અમેરિકાના ઑન્ટારીઓ સરોવર આગળની ૨૫૦૦ એકર જમીન પક્ષીઓના સંરક્ષણ અને વિહાર માટે અલગ કાઢવામાં આવી છે.

જર્મન કાફલો એકવાર સમુદ્રની સફર કરતો હતો ત્યારે એના માર્ગમાં દરીઆઇ ઝાડી આવી. એનાં ઝાડનાં થડ કાંડા જેટલાં જાડાં હતાં અને પાંદડાં ૧૮ ઇંચ પહોળાં અને ૧૫ ફુટ લાંબા હતાં. એ કાપીને અંદર રસ્તો કરી કાફલો પસાર થયો.

રશીઆમાં હાલ ઓછામાં ઓછાં ૨૫૦ મ્યુઝીઅમો છે.